

વૈદ્ય શા. ગીરધરલાલ કાહાનજી.

ધોળકા ગિરિધર ઔષધાલયના માલીક.

યોગ્ય સૂચના.

પ્રિય ભારતવાશી બંધુઓ! શરીર કે જે આત્માનું એક દશ્યસ્થાન છે. તેમજ ધર્મ, અર્થ, કામ અને મોક્ષનું સાધન પણ શરીરજ છે, માટે તમે તેને કાળજીપૂર્વક જાળવજો. શરીર નિરોગી હોય તોજ સર્વ કાંઈ બની શકે છે. બીજી બધી વિદ્યા કરતાં શરીરને નિરોગી રાખવાની વિદ્યા દરેક માણસે જાણવી આવસ્યક છે. નિયમીતપણું, :મિતાહારીપણું, મહેનતપણું, (કસરત) સાદો ખોરાક અને ખુલ્લી હવાથી શરીર તંદુરસ્ત રહે છે. તે યાદ રાખવું. દવા ખાવાનો વખતજ બને ત્યાં સુધી ન આવવા દેવો તે દરેક માણસના હાથમાં રહેલું છે.

આ મહાન કર્ત્તવ્યમા ભુલ કરનાર અગર મૂર્ખાઇભરેલું વર્તન ચલાવનાર માંદો જ પડે પણ એકવાર ભુલ થઇ ગઈ તો બીજીવાર વૈદ્યની પસંદગી કરવામાં ભૂલ ન આવવી જોઇએ. ઘણા લોકો જે વૈદ્યની દવાનાં વખાણ કરે છે, અને ખાતરી આપે છે. તેનીજ દવા વાપરવી જોઇએ. અમારી પાસે આ પુસ્તકમા બતાવેલી દવાઓ કેવી રામબાણ છે. કે જેની તારીફ જાતે કરીએ તે કરતાં રાજાઓ, સદ્ગ્રહસ્થો, અમલદારો અને વિદ્વાનો અમારી દવાના સંબંધમાં શું બોલે છે તે આ પુસ્તકમાં રજુ કરીશું.

જેને પરમેશ્વરે પૈસા આપ્યા છે તેવા ગ્રહસ્થોને વૈદ્ય અથવા ડાકટરોની સલાહ લેવામાં વાંધો આવતો નથી પણ ગરીબ સાધારણ સ્થિતીનાં માણસો કે જે તેવી સલાહ લેઇ શકતા નથી. તેવાઓને માટે આ પુસ્તક બહુ ઉપયોગી થઈ પડશે. એમ જાણી આ વૈદ્યકનું લઘુ પુસ્તક અમે બનાવેલ છે.




તાલુકદાર ખાનસાહેબ.
પ્યારમહંમદખાનજી વલંદે
સરદાર લતીફખાનજી.

અમો અમારા દરબારમાં આશરે બાર ચૌદ વરસ થયાં વૈદ શા. ગિરધરલાલ કહાનજીની દવાઓ વાપરીએ છીએ જેથી અમારી ખાત્રી થઇ છે કે તેમની દવાઓ દરેક રોગોને તાકીદે મટાડવામાં ઘણીજ અસરકારક અને જબર છે. કામદેવરસ, શક્તિસજીવન અને તાવની રામબાણ દવા વીગેરે દવાઓને માટે પોતે જાહેરખબરમાં તેના ગુણોને માટે જે તારીફ કરેછે તે બરાબર છે. પણ અતીસ્યોક્તિ ભરેલી નથી. અર્થાત જાહેરખબરમાં લખ્યા પ્રમાણેજ ફાયદો આપે છે. એવું અમે અમારી જાતમાહેતીથી સાબીત કરેલું છે.

આ દવાઓનો દુનીયામાં જેમજેમ વધારે ફેલાવો થતો જશે તેમ તેમ દુનીયાને વધારે ફાયદો થશે અને લોકો રોગરહિત અને દીર્ઘાયુષી થશે.

વળી અમારે બેધડક કહેવું જોઇએ કે કેટલાએક એવા કેસો, કે જેને બચાવવાની આશા ડાકટરોએ પણ છોડી દીધેલી તેવા ભયંકર કેસો આ વૈદરાજે હિંમતથી સુધારેલા છે. એટલુંજ નહિ પણ સ્ત્રી અને પુરૂષો તેમજ બચ્ચાંની ઘણીજ સારી ચિકીત્સા કરનાર અને અનુભવી છે. જેથી સમગ્ર પ્રજાની જાણને માટે આ સર્ટિફીકેટ આપવામાં આવ્યું છે અને અમારી ખાસ ભલામણ છે કે અનેક વૈદો અને ડાકતરોની દવા ખાઇખાઇ કંટાળી ગયેલા અને પોતાનું દરદ નહિ મટવાની છોડી દીધેલ આશાવાળા દરદીઓએ પોતાના દરદના માટે એક વખત વૈદ શા. ગિરધરલાલ કહાનજીની દવા વાપરવી.

પ્યારમહમદખાનજી લતીફખાનજી સહી દા. પોતાના, મુ. ધોળકા.



સરદાર તાલુકદાર ખાનશ્રી શેરમહંમદખાનજી બાવાસાહેબ.

અને

તાલુકદાર ખાનશ્રી મુખત્યારખાનજી મોટુમીયાં સાહેબ ધોળકા.

અમો અમારા દરબારમાં આશરે બાર ચૌદ વરસ થયાં વૈદ ગિરધરલાલ કહાનજીની દવાઓ વાપરીએ છીએ જેથી અમારી ખાત્રી થઇ છે કે તેમની દવાઓ દરેક રોગોને તાકીદે મટાડવામાં ઘણીજ અસરકારક અને જબર છે. કામદેવરસ, શક્તિસજીવન અને તાવની રામબાણ દવા વગેરે દવાઓને માટે પોતે જાહેરખબરમાં તેના ગુણોને માટે જે તારીફ કરે છે તે બરાબર છે. પણ અતીશ્યોક્તિ ભરેલી નથી. અર્થાત જાહેરખબરમાં લખ્યા પ્રમાણેજ ફાયદો આપે છે એવું અમે અમારી જાત માહેતીથી સાબીત કરેલું છે.

આ દવાઓનો દુનિયામાં જેમ જેમ વધારે ફેલાવો થતો જશે તેમ તેમ દુનિયાને વધારે ફાયદો થશે અને લોકો રોગરહીત અને દીર્ઘાયુષી થશે.

વળી અમારે બેધડક કહેવું જોઇએ કે કેટલાએક એવા કેસો કે, જેને બચાવવાની આશા ડાકતરોએ પણ છોડી દીધેલી તેવા ભયંકર કેસો આ વૈદરાજે હિંમતથી સુધારેલા છે. એટલુંજ નહીં પણ સ્ત્રી અને પુરૂષો તેમજ બચ્ચાંની ઘણીજ સારી ચિકીત્સા કરનાર અને અનુભવી છે જેથી સમગ્ર પ્રજાની જાણને માટે આ સર્ટિફીકેટ આપવામાં આવ્યું છે અને અમારી ખાસ ભલામણ છે કે અનેક વૈદો અને ડાકતરોની દવા ખાઇખાઇ કંટાળી ગએલા અને પોતાનું દરદ નહિ મટવાની છોડી દીધેલી આશાવાળા દરદીઓએ પોતાના દરદના માટે એક વખત વૈદ શા. ગિરધરલાલ કહાનજીની દવા વાપરવી.

તાલુકદાર ખાનશ્રી શેરમહમદખાનજી બાવાસાહેબ સરદાર.

સહી દા. પોતાના—ધોલકા.

તાલુકદાર ખાનશ્રી મુખત્યારખાનજી મોટુમીયાં સાહેબ.

સહી દા. પોતાના—ધોળકા.

વૈદ ગિરધરલાલ કહાનજી તરફથી બનાવવા આવેલી સુવારોગની પડીયો મારા ઘરમાં વાપરી જોતાં તે ઘણીજ અસરકારક જણાઇ છે. અમદાવાદમાં ઓખી ભાગોળને નામે સુવારોગની પડીઓ વેચાય છે તે વાપરી જોઇ તથા બીજા વૈદો તરફથી કરવામાં આવેલી ભલામણ પ્રમાણે બીજી દવાઓ અને પડીયો વાપરી, પણ તે તમામ અસરકારક નહીં જણાયાથી છેવટે વૈદ ગિરધરલાલની બનાવેલી ચૌદ પડીઓ વાપરી જોતાં તે ઘણીજ




મી. મણીલાલ મગનલાલ.

ડીસ્ટ્રીક્ટ પ્લીડર.

અસરકારક માલુમ પડી અને સુવારોગ મુળમાંથી નાશ થયો. વાસ્તે આ રોગથી પીડાતા દર્દીઓને મારી ખાસ ભલામણ છે કે બીજી દવાઓ યા પડીયો વાપરતાં પહેલાં વૈદ ગિરધરલાલની પડીઓ મંગાવી વાપરવી. તેની કિંમત ગુણના પ્રમાણમાં કાંઇજ નથી. તે શીવાય તેમની તાવની ગોળીયો તથા શક્તિસજીવનની ગોળીયો પણ અકસિર છે તો એક વખત વાપરવાથી ખાત્રી થશે.

મણીલાલ મગનલાલ.

ડીસ્ટ્રીક્ટ પ્લીડર ધોળકા.



મી. મોહનલાલ ધનેશ્વર.

ડિસ્ટ્રીક્ટ પ્લીડર.–ધોળકા

વૈદરાજ ગિરધરલાલ કહાનજી—

તમારી દવાનો અનુભવ કર્યા પછી મારો તે વિષે થએલો અભીપ્રાય–


તમારી તાવની ગોળીયોનો મેં મારા પોતાના માટે તથા મારા સગાંવહાલાં માટે તથા આસપાસના ગરીબ લોકો માટે છુટથી વખતો વખત ઉપયોગ કર્યો છે ને તેમને પુરેપુરી રીતે અકસીર માલુમ પડી છે; તેમજ તમારૂં દંતમંજન મને ઘણુંજ આનંદદાયક થઇ પડ્યું છે ને તે પણ દાંતને માટે અકસીર છે તેથી હું તમોને એમ ભલામણ કરૂંછું કે, પૈસાવાળા તો તમારી દવા જરૂર ખરીદશે પણ ગરીબ લોકો માટે કાંઇ ખાસ ધ્યાન આપશો કે થોડે પૈસે પણ તમારી દવાનો તેઓ છુટથી ઉપયોગ કરી શકે.

એજ તા. ૮–૨–૦૫

મોહનલાલ ધનેશ્વર.

ડીસ્ટ્રીક્ટ પ્લીડર—ધોળકા.

વૈદ શા. ગિરધરલાલ ર્‌હાનજીની તાવની દવાની એક ડબી અભીપ્રાયાર્થે અમને મોકલવામાં આવી છે. જે ઉપકાર સહિત સ્વીકારીને તાવથી પીડાતા અમુક સ્નેહીઓપર પ્રયોગ કરી જોવાથી ખાત્રી થઇ છે કે તે દવાના જે ગુણો જણાવવામાં આવ્યા છે તે બરાબર છે. અમો વૈદકજ્ઞાન ધરાવવાનો ફાંકો રાખતા ન હોવાથી સંખ્યાબંધ ગૃહસ્થો તરફથી અભીપ્રાયાર્થે મળતી દવાઓનો અનુકુળ અભીપ્રાય આપીને અમારા વિશ્વાસુ વાંચકોનાં નાણાં બરબાદ કરવાનું પગલું પસંદ કરતા નથી; પરંતુ આ દવા તો જ્યારે તેની જરૂર પડી તેવે વખતેજ આવી પહોંચતાં તેનો ઉપયોગ કરી જોવામાં આવ્યો અને ખરેખર અસરકર્ત્તા નીવડી તેથીજ આ અભીપ્રાય જાહેર કરવાની યોગ્યતા વિચારી છે. દવાની ૪૨ ગોળીઓની એક ડબીની કિંમત માત્ર રૂ. ૧) છે. પરંતુ માત્ર ઘણુંક કેસમાં તો ૬ કે ૮ ગોળી ખાતાંજ તાવ પલાયન કરી જાય છે



મી. વાડીલાલ મોતીલાલ શાહ.

તા. ૨૧ સપ્ટેમ્બર સને ૧૯૦૮.

વાડીલાલ મોતીલાલ શાહ.


માલેક અને અધિપતિ જૈન સમાચાર—અમદાવાદ.



આર્ય પ્રકાશના મેનેજર મી. કનૈયાલાલ.

તાવની રામબાણ દવા—ધોળકાના વૈદ શા ગિરધરલાલ કહાનજી તરફથી અમને આ દવાની બે ડબીયો મળી હતી. આ દવા અમે બે ચાર કેસો ઉપર અજમાવી જોઇ છે અને અમને જણાવતાં ઘણો આનંદ ઉપજે છે કે, દરેક કેસમાં સંતોષકારક જણાવેછે. વિલાયતી દવાઓમાં પૈસા ખરબદ નહીં કરતાં આવી ઉત્તમ દેશી ઔષધીઓને આપણા બંધુઓ ઉત્તેજન આપશે તો " એક પંથ, દો કાજ " થશે, રોગ નાશ પામશે અને પૈસા દેશમાં રહેશે. ૪૨ ગોળીની એક ડબીની કિંમત રૂ. ૧-૦-૦ જે તેના ફાયદા તરફ જોતાં વિશેષ નથી. અત્રે અમે એક સુચના કરવી જરૂરની ધારીએ છીએ કે નાનાં ગામોમાં કેટલાક ઉદાર શ્રીમંતો ગરીબોમાં મફત વેંચવા પોતાને ત્યાં દવાઓ રાખે છે અને આવાં ધર્માદાખાતાંને પોતાની રામબાણ દવા ઓછી કિંમતે પુરી પાડવા વૈદ ગિરધરલાલ પયરવી કરશે એવી આશા છે. તા. ૨૯ મી નવેંબર સને ૧૯૦૮.

કનૈયાલાલ.-મેનેજર આર્યપ્રકાશ—મુંબઈ.



ગીરધરલાલ બાપાલાલ હેડમાસ્તર.

વૈદ ગિરધરલાલ કહાનજીની ખાંસીની ગોળીઓ ઉધરસ અને બીજાં છાતીનાં તમામ દરદો મટાડવાને ઉત્તમ દવા છે. એક ગોળી થતી ખાંસીને એક પહોરમાં મટાડે છે મેં તેમની ગોળીયો વાપરી જોઈ છે અને તે દરદ ઉપર ઘણી સારીરીતે અસર કરેછે, તેમજ તાવની ગોળીયો પણ પરસેવો લાવી દરેક જાતના તાવ થોડા વખતમાં મટાડે છે. તેમજ " શક્તિસજીવન યાને વિર્યનોઝરો "ની ગોળીઓ અમે વાપરી છે કે તેમાં લખેલી બીના તદ્દન ખરી છે. વિર્યનો વધારો થઈ, શક્તિ ઘણી સતેજ કરેછે.

ગીરધરલાલ બાપાલાલ હેડમાસ્તર.

ઈ. સ્કૂલ—ધોળકા.

રા. ગ. વૈદરાજ ગિરધરલાલ કહાનજી.—ધોળકા.

મેલેરીયા તાવથી હું બે વરસથી પીડાતો હતો. દરરોજ ચોથે દહાડે થોડો વખત તે નિયમાતરીને આવતો જતો તે માટે મેં ઘણીજ દવાઓ કરી પરંતુ તે ઉપર જરા પણ અસર થતી નહીં. એગ્યુમીક્ષ્ચરની ઘણી બાટલીઓ, તેમજ દાકતરો તથા વૈદોની દવા કરી પરંતુ વસ્તુતઃ ફાયદો મને થયો નહીં. કંઈ વખત થોડા વખત માટે મને આરામ થતો પરંતુ પાછો તાવ શરૂ થતો. છેવટે મારા એક મિત્રે તમારી તાવની એક બાટલી મને મોકલી તે મેં લીધી. મને ઘણોજ આશ્ચર્ય થયો કે ફક્ત એકજ બાટલી લીધાથી તાવ બિલકુલ નાબુદ થયો. મેં વિચાર કર્યો કે વખતે તેની અસર થોડા વખત માટે હશે એમ ધારી આશરે ત્રણ માસ સુધી રાહ જોઈ અને તમને પત્ર લખ્યો નહીં. પરંતુ તમને જણાવવને ઘણો ખુશી છું કે, ત્યાર પછી મને તાવની જરા પણ અસર થઈ નથી. જોકે હાલ ભાદરવો મહિનો હોવાથી તાવની રૂતુ આવે છે પરંતુ તમારી ગોળાયોના પ્રતાપથી હું પુર્ણરીતે મુક્ત થવા પામ્યો છું. હું અંતઃકરણપુર્વક આ દવાની સર્વને ભલામણ કરૂંછું. તા. ૨૯–૯૦૯



મી. વેલચંદ ઉમેદચંદ મહેતા.

હાઈકોર્ટ પ્લીડર–અમદાવાદ

વેલચંદ ઉમેદચંદ મહેતા.

હાઇકોર્ટ–પ્લીડર—**અમદાવાદ.**

આ ઉપરથી સર્ટીફીકેટ આપવામાં આવે છે, કે વૈદ શા. ગિરધરલાલ કહાનજીની " શક્તિસજીવન યાને વિર્યનો ઝરો " નામની ગોળીઓ જમાનાનું અમ્રત છે. મેં તે વાપરી છે અને તેઓ અસર કરવામાં ઘણીજ અક્સિર છે એમ માલમ પડ્યું છે. હસ્તદોષ, અતી સ્ત્રીસંગ અને બીજા સઘળા વિર્યસંબંધી દોષોમાંથી રોગીને મુક્ત કરેછે. મારા જાત અનુભવથી તેમજ મારા મિત્રોના અનુભવથી જે હું કહી શકું તે એ છે કે, તેને વિષે જે તારીફ પોતે પોતની જાહેર ખબરમાં પ્રદર્શીત કરેછે તે નિઃસંશય અતિશ્યોક્તિ ભરેલી નથી; અને અંતમાં મારે કહ્યા વિના ચાલતું નથી કે, જેમ જેમ દવાનો બહેળો ફેલાવો થશે તેમ તેમ દુનિયાને વધારે ફાયદો થતો જશે.

આર. શર્મા.



આર શર્મા.

અમારી પોતાની દવા વાપરી એક કવિએ આપેલો અભિપ્રાય.



હાલના વૈદ્યો પૈકીના કેવા છે? તેથી દવા વાપરનારને સુચના.

મનહર છંદ.

આદાન નિદાન નહિ ચિકિત્સાનું જ્ઞાન નહિ,
ભાન નહિ નાડી તણું વૈદ્ય થવા ચાહ્ય છે;
આડંબર રાખી અને ઠાઠ માઠ પુરો ધરે,
આજે એવા ઉંટ વૈદ અતિ અથડાય છે;
જાહેર ખબરો આપી બણગાં ફુંકાવે ઘણાં,
ભરોંસો રાખીને ભોળા માણસો ઠગાય છે;
સાર કે અસાર વૈદ વિગત ન પડે કશી,
ઉધેઇની પેઠે ઊંટ વૈદ ઉભરાય છે. ૧
આવા સમયમાં ખરો વૈદ ખુણે પડી રહે,
વેષ ધારી વૈદ તણી દવાઓ કરાય છે;
ઓડને ઠેકાણે ચોડ વેતરાઈ જાય પછી,
અજા કાઢતાં તો મોટું ઉંટ ચાલ્યું જાય છે;
ખરી વસ્તુ ખોળતાં તો મળે એવી ભર્ત્ત ભૂમી,
નિરબીજ કહેનાર મૂર્ખ કહેવાય છે;
કહે છે કેવળરામ શાણો હું તેને કહું કે,
વૈદ પરખ્યા પછી જ પોતે દવા ખાય છે. ૨

સઘળા રોગોનું મૂળ શું?

મનહર.

લડાઈનું મૂળ આળ દુર્ગંધીનું મૂળ ખાળ.
ગાયનનું મૂળ તાલ એમ કહેવાય છે;
તેમજ રોગીને સઘતાથી સપડાવવાને,
મૂળ રૂપે જવર શરૂઆતમાંથી થાય છે;

એવો જ્વર નાશ કરવાની જો જરૂર છે તો,
સેવો ગિરધર તણી ગોળીઓને ભાવથી;
વૈશાટે વખાણ્યો અને ગુર્જરમાં ભાવ્યો ઘણું,
કાનજીનો સુત એજ ગોળીઓ પ્રભાવથી. ૧

ઇંદ્ર વિજય.

જો કદી રામનું બાણુ પાછું ફરે, ભાણુ કદાપિ ન ઉદય થાશે,
સિંહ કદાપિ ભુખે મરે સો દિન, તોયે તેઓ કદી ખડ ન ખાશે;
તેવીજ રીતથી તાવની ગોળી જો, ગિરધર વૈદની ખાંતથી ખાશે,
ટાઢીઓ ઉનો કે ચોથીઓ જ્વરજ, જરૂર દેહથી અળગો થશે. ૧

સોરઠો.

એવી એની હામ, જો જ્વર* કદી ન જાય તો,
દે છે ખાંતે દામ, સો રૂપીઆ રોકડા.

વિર્ય બિગાડ વિષે.

લાવણી.

અરે આર્ય સૌ આજે આપણાં, તનમન નબળાં કેમ થયાં
કદરૂપા નીચા નર નિરખો, બુદ્ધિ બળ ક્યાં નાસી ગયાં. ૧
સ્વરૂપ ક્યાં સંતાઈ પેઠું, બાહુ બળ બદલાઈ ગયું.
સંતાતિ સુદ્રઢતા જાયે, રોગ આળસ અહિ આવી રહ્યું. ૨
નબળા બાંધાના નર નિરખો, અલ્પ આયુષિ કેમ થયા ?
સે સો વર્ષ સુધી જીવતા, એ આવરદા ક્યાંય ગયા ? ૩
બન્યા બાયલા બળહીન આપણુ, દીર્ઘદ્રષ્ટી ઢબાઈ કહાં ?
પ્રતાપ, વિક્રમ, દ્રોણુ કરણુ સમ, પાંડવ સરખા પાક્યા જહાં. ૪
તેનું કારણુ વીર વિચારો, વીર્ય તણું રક્ષણુ હતું,
પાકી ઉમર થાતાં સુધી, વીર્ય પાત ક્યાંઇ નહીં થતું. જહાં. ૫

---

* ચોથીઓ.

આજે એથી ઉલટું દીસે, વીર્ય તણો બિગાડ થયો,
અનેક રોગો આવી લાગ્યા, જોર અને જુસ્સોજ ગયો. ૬
રાજા દેશ મધે છે મ્હોટો, જોરાવર એને જાણો.
તેવી રીતે દેહનો રાજા, વીર્ય દેહમાં પરમાણો. ૭
વીર્ય બિગાડે મન બગડે છે, તન બગડે છે તત્કાળે,
નેત્ર તણું તો નૂર જાય છે, મૃત્યુ આવે છે અકાળે. ૮
નપુશકતા નરને આવે છે, વનિતાઓ વંધ્યા રહે છે,
વિવિધ વ્યાધિ વપુએ વાધે, નબળાઇની બુમો દે છે. ૯
સુધારો તે સૌનો થાવા, શક્તિ સજીવનની ગોળી,
ખાંત થકી નિશ્ચય કાઢે છે, અનેક રોગ ખોળી ખોળી. ૧૦
બરોળ આંકડી અતિ સારને, સફરાના સોજા હોયે,
પીત કમળી પીચોટી પાંડુ, ખાંસી ઉધરસને ખોયે. ૧૧
શક્તિ સજીવનની ગોળીને, વીર્ય ઝરો પણ કોઇ કહે છે,
નામ પ્રમાણે કામ કરે છે, ના કદિતી અળગી રહે છે. ૧૨
અજીરણ આંબળને ચસકા, કફ શૂળ કરમ કહાવે,
મસ્તક શૂળ મરડો ને ખરજુ. ધૂજાટ ચકરી ના આવે. ૧૩
હરસને હરદમ હરે છે, પ્રમેહ પોક પડી નાસે,
શક્તિમાન શરીરજ થાશે, શક્તિ સજીવનને ખાસે. ૧૪
વદન બદનપર તેજ આવશે, સેહેજ ગોળી વાપરવાથી,
બદન વિષે બળ દેશે નિશ્ચે, શક્તિ સજીવન ખાવાથી. ૧૫
ગુણકારી ગિરધરની ગોળી, અમૃતરૂપ સજીવન છે,
દર્દ દરદ કીધાં છે કઇનાં, દરદી દુવા એને દે છે. ૧૬
કેવળરામ કહે છે કોડે, વણિક જ્ઞાતિનો એ વીર છે,
ગુર્જર સૌ ગુણ એના ગાયે, સદગુરૂ કર જેને શીર છે. ૧૭

અનુક્રમણિકા.

દવાઓની જાહેરખબર.

વૈદક પ્રારંભ.

સ્ત્રીઓના રોગોનો અધિકાર.

ગર્ભ પ્રકરણ.

શુધ્ધિપત્રક.

અશુદ્ધ.	શુદ્ધ.	પૃષ્ટ.	લીટી.
જમાનાની.	જમાનાના.	૧૮	૮
બળોલ.	બરોલ.	૨૧	૧૮
બળગાંડ.	બળગાંઠ.	૨૧	૧૮
આખ પીડા.	આંખની પીડા.	૨૪	૧૮
અકસીર.	અક્સિર છે.	૨૬	૩
અજારી.	આજારી.	૩૦	૧૬
ઝડો.	ઝાડો.	૩૧	૫
આંખને.	આંખનો.	૩૩	૩
મરથી.	મૃગી.	૩૩	૧૬
નાગા અરજુન.	નાગા અર્જુન.	૩૫	૧
કીરતીરસ.	કીર્તિરસ.	૩૬	૧૮
માથાના તમામ.	માથાના તમામ દરદો.	૩૭	૧૩
થશે.	થવાશે.	૩૮	૧૬
રાગ.	રોગ.	૩૯	૨
[illegible]શથી.	[illegible]ાપથી.	૪૪	૧૪
પ્રવરા.	પ્રવરૂપ.	૪૬	૭
દો[illegible]ા.	દોષના.	૪૭	૨
મેથુનથી.	મૈથુનથી.	૪૭	૧૯
વિ[illegible]ચી.	વિસુચીકા.	૪૯	૩
અગ્યાર.	અગિયાર.	૫૬	૮
અભ્રક.	અભ્રક.	૫૭	૧૧
હેદણ્યગર્ભ.	હિરણ્યગર્ભ.	૫૯	૨૦
ગએલ.	થએલ.	૬૩	૧૧
સેતાપ.	સંતાપ.	૬૩	૧૪

ચાકૃત.	યકૃત.	૬૭	૨૧
ખડવા.	પડવા.	૮૧	૧૨
દોશથી.	દ્વોષથી.	૮૭	૭
પરખી.	ચરખી.	૮૮	૨
સ્યામો.	સામો.	૮૮	૧૭
ઉપદશ.	ઉપદંશ.	૯૦	૧
સયોગ.	સંયોગ.	૯૨	૧૪
કૃશ.	કૃપ.	૯૪	૧૪
જમનાતું.	જમાનાતું.	૯૬	૧૭
ઝરો.	ઝરાનો.	૧૦૦	૧૮
રાંમબાણાણુદાયક.	રામબાણ	૧૦૦	૧૮
આંબળાના.	આબવાના	૧૦૫	૧૬

વૈદ્ય ગિરિધર.

—લખનાર—

વૈદ્ય શા. ગિરધરલાલ કહાનજી.

આવૃતી પહેલી. પ્રત ૫૦૦૦.

:અમદાવાદઃ

ધી "અમરસિંહજી" પ્રિન્ટીંગ પ્રેસ.

કિમ્મત, ૦-૪-૦ ચાર આના

એજંટો માટે નિયમ.

જે સખસ અમારી દવા એજંટ તરીકે વેચશે યા વેચાવશે તેને નીચે પ્રમાણે કમીશન મળશે.

૧ જે સખસ અમારે ત્યાં ડીપોઝીટ (અનામત) જેટલા રૂપીઆ મુકશે તે સખસને તેટલા રૂપીઆની દવા અમો મોકલશું અને તે દવામાં થી જેમ જેમ વેચાણ થાય તેમને નાણા મનીઓર્ડર કરાવી અમને મોકલાવશે તેટલી તેટલી દવા અમો તેને મોકલતા રહીશું. આવા એજંટને સેંકડે વીશ ટકા પ્રમાણે કમીશન આપશું. પોસ્ટખર્ચ અમારે શીર ઉપરની બાબતમાં રહેશે.

૨ જે સખસ પરચુરણ મંગાવી ખપાવશે અથવા બીજાના નામ ઉપર મોકલાવશે તેને દર રૂપીએ બે આના પ્રમાણે કમીશન આપીશું.

૩ જે સખસ એક જાતની ત્રણ ડબીઓ સામટી મંગાવશે તે સખસને તે જાતની અડધી ડબી અગર તેટલી કીંમતની બીજી દવા મોકલવામાં આવશે. તે એક એક ડબી એક રૂપીઆથી ઓછી કીંમતની ન હોવી જોઇએ.

૪ જે સખસ એક જાતની પાંચ ડબીઓ મંગાવશે તેને ૭ ડબી મોકલવામાં આવશે.

૫ દશ ડબીઓ મંગાવનારને બાર મોકલવામાં આવશે.

૬ ચોવીસ રૂપીઆની સામટી મંગાવનારને ત્રીસ રૂપીઆની મોકલવામાં આવશે.

૭ પચાસ રૂપીઆની સામટી મંગાવનારને પાંસઠ રૂપીઆની મોકલવામાં આવશે.

૮ પોણોસો રૂપીઆની સામટી દવા જે મંગાવશે તેને રૂપીઆ સોની મોકલવામાં આવશે.

બંધુઓ ! જરા અંતરદ્રષ્ટીથી જોશો કે ?

કર્યો ઠાઠને માઠ સ્વદેશી કેવો,
ગ્રહ્યું વાક્ય કે માલ સ્વદેશી લેવો.
કર્યાં સ્વદેશી તમે ખાંડ કપડાં,
ભક્તો થયા દેશના જુજ હવડાં.
નથી વાપરી જે સ્વદેશી દવાઓ,
રહી ન્યુનત્યા એજથી પુર્ણ થાઓ.
અનુકુળ છે દેશ તેવી દવાઓ,
જેવાં વપુજળ જે વીહવાઓ.

વળી વૃદ્ધ વાગ્ભટ જેવા મહરશીનો મત નીચે પ્રમાણે છે.

वृद्धवाग्भट

यस्यदेश स्ययोजन्तु स्तुज्जन्त स्यौष धांहि तम्
दशोदन्यत्र वसत स्ततुल्यु गुण मौष धम् ॥

વૃદ્ધ વાગભટ કહેછે કે—જે પ્રાણી જે દેશનો હોય તે પ્રાણીને તે દેશમાં ઉત્પન્ન થએલું ઔષધ ગુણ કરે છે. પોતાના દેશને છોડીને બીજા દેશમાં રહેતો હોય તેને જે ઔષધ પોતાના દેશમાં ઉત્પન્ન થએલા ઔષધના જેવા ગુણવાળું હોય તે ઔષધ ગુણ કરે છે.

ઉપર પ્રમાણે જ્યારે મહાપુરૂષોનાં વાક્ય છે. જેથી ભરતખંડના લોકોને ભરતખંડમાંજ ઉત્પન્ન થએલ ઔષધ વધારે ગુણકારી છે છતાં સ્વધર્મ ન સચવાય તેવી પરદેશી દવા શામાટે વાપરવી જોઇએ.

ગિરિધર ઔષધાલયમાં

બનાવેલી શુદ્ધ

સ્વદેશી દવાઓ.

૧૦—૦—૦ **કામદેવરસ**—ધાતુને મારે સરવોતમ દવા છે, તમામ દરદોને મટાડવામાં રામબાણ ગુણ આપે છે.

૨—૮—૦ **શક્તિસજીવન યાને વિર્યનો ઝરો**—ધાતુનાં અને શરીરનાં તમામ દરદો મટે છે.

૧—૦—૦ **ધાતુપુષ્ટ**—પાતળી પડેલી તેમજ સ્ખલીત થતી ધાતુને મજબુત કરે છે.

૧—૦—૦ **તાવની રામબાણ દવા**—તમામ જાતના તાવ ઉતારે છે અને સનેપાત, મુંઝારો, ત્રીદોશ અને પ્લેગને મટાડે છે.

૧—૮—૦ **પ્લેગની રામબાણ દવા**—પ્લેગને મારે અક્સિર છે, અને તાવ ઉતારેછે.

૧—૦—૦ **કીર્તિરસ**—તમામ જાતના સનેપાત ને મુંઝારાને મટાડેછે.

૨—૪—૦ **પરમીયાની રામબાણ દવા**—તમામ જાતના પરમીયા મટાડે છે અને ધાતુને ફાયદો કરે છે.

૨—૮—૦ **ચંદ્રપ્રભાગુટીકા**—વિર્યના તમામ દોષો, તમામ જાતના પ્રમેહો, વળીયાં (કરચોલી) પલીયાં વીગેરે મટે છે. અને વૃદ્ધ પણ જુવાન જેવો થઈ જાય છે.

૧–૦–૦ **ગિરિરસ**—ઇંદ્રિમાં થતી અગન સ્ત્રી તથા પુરૂષ બંનેને મટેછે.

૩–૦–૦ **સોનેરી ચુર્ણ**—દમના આજારીને (દમ યા ઉધરસ) હોય તેને તુરત મટાડે છે.

૧–૦–૦ **બહુશલ્ય ગુટીકા**—ઊધરસ, ક્ષય, સલેખ્મ તેમજ છાતીનાં દરદોને અને કફથી થતાં દરદોને મટાડે છે.

૧–૦–૦ **વિર્યસ્થંભન ગુટીકા**—સ્ત્રી ગમનમાં સંપુર્ણ સુખ આપનારી દવા છે.

૦–૬–૦ **નેત્રમિત્ર**—ગમે તેવી આંખ આવેલી હોય તેને મટાડે છે.

૧–૦–૦થી ૫–૦–૦ **આંખનું અંજન**—(**નેવઢાલ સીસું**) સા-

એક રૂપીઆથી પાંચ રૂપીયા સુધી એક તોલો મળેછે.	આ મોતીનો સુરમો આંખનાં તમામ દરદો મટાડે છે. સુદર્શન ચક્ર જેમ દાનવોનો નાશ કરેછે તેમ આ અંજન આંખના તમામ દરદોનો

નાશ કરે છે.

૧–૦–૦ **કોલેરાની રામબાણ દવા**—કોલેરા જેવા ભયંકર દરદને એક કલાકમાં આરામ કરે છે.

૧–૦–૦ **સ્થંભન ગુટીકા**—તમામ જાતના ઝાડાના રોગને મટાડેછે.

૧–૦–૦ **અનુભવી મલમ**—તમામ જાતનાં ગુંમડાં, લુખસ અને ખસના ફોડલા ચાંદી, બદ, બાંબલી, વીગેરેને તાકીદથી મટાડે છે.

૧–૮–૦ **હરસની રામબાણ દવા**—તમામ જાતના હરસ મટે છે.

૧–૮–૦ **વાળાની દવા**—ગમે તેવો વાળાનો રોગ મટે છે. એટલે વાળાને ગાળી નાંખે છે.

૨–૮–૦ **ગર્ભધારણની દવા**—સ્ત્રીઓને ગર્ભધારણ કરે છે.

૧–૦–૦ **સુવારોગનાં પડીકાં**—સુવાવડી બાઇને સુવાવડમાં તમામ રોગ મટાડે છે.

૨–૮–૦ **લોહીવા (રક્તપ્રદર) અને "શ્વેતપ્રદર"ની રામબાણ દવા**—બંને દરદોની દવા જુદી છે પણ કીંમત સરખી છે.

૧-૦-૦ **યોનીરોગ નીવારણ ગુટીકા**—યોનીનાં તમામ દરદો મટે છે અને યોની સંકોચ થાય છે.

૧-૦-૦ **વરાદની રામબાણ દવા**—બચ્ચાંને વરાદ અને વાવળી મટાડે છે.

૧-૦-૦ **ભારની ગોળી**—નાનાં બચ્ચાંને વરાદ, વાવળી, ભાર મટાડે છે.

૧-૦-૦ **આંબળની રામબાણ દવા**—જેને આંબળ ખસતું હોય તેને મટાડે છે.

૦-૮-૦ **બાળકપુષ્ટ**—સુકાતું બાળક પુષ્ટ થાયછે અને નિરોગી થાયછે.

૨-૦-૦ **વાઇ**—(મરઘીવાયાની રામબાણ દવા) વાઇ મોઢે ફીણ આવેછે તે મટાડે છે એટલે મરઘીવાયુ નાશ પામે છે.

૧-૦-૦ **કોલેરાના શત્રુ ધાત મુકતવારી**—આ દવા વાપરનારને કોલેરા થતું નથી પેટમાં ક્યરમ પણ મટાડે છે બરોલ પણ મટે છે.

૧-૦-૦ **કર્ણ તૈલ**—કાનનાં તમામ દરદો મટાડે છે.

૧-૦-૦ **વ્યાધીહર તેલ**—આ તેલ માથાના તમામ રોગ, ઝામર વીગેરે મટાડે છે. એક રતલનો રૂ. ૧-૦-૦ અડધા રતલના રૂ. ૦-૮-૦ પા રતલના રૂ. ૦-૪-૦.

૦-૫-૦ **દાંતનું મંજન**—મોઢાનાં તથા દાંતનાં તમામ દરદો મટાડે છે, દાંતને મજબુત કરે છે.

૧-૦-૦ **કનકસુંદીર રસ**—લોહી બીગાડનાં એટલે ખસ, ખુજલી, ચાંદી, વગેરેને મટાડે છે. પડીકાં અને બાટલી બંને મળે છે.

૦-૪-૦ **દાદર**—ગમે તેવી દાદર રાતી કાળી વીગેરે મટે છે.

૧-૦-૦ **વજ્ર દંતમંજન**—હાલતા દાંત મજબુત કરે છે.

૧-૦-૦ **રેચ (જુલાબ)**—અશ્વયોગી રવચાના તથા પેટના રોગો મટાડે છે. પેટની ગાંઠ (બરોલ) પણ મટે છે.

૧-૦-૦ **ગિરિચુર**—મુખપાકની અકસિર દવા-મોઢામાં ચાંદાં અવાળુ, મોઢાનું આવવું વીગેરે મટાડે છે.

૧-૪-૦ [**જયરસ**—પેટના રોગો મટાડે છે, પ્લેગના વખતમાં આ ચુર્ણ વાપરનારને પ્લેગ થતો નથી. અને પિત્ત કમળીને માટે આ દવા રામબાણ છે.

૦-૪-૦ **મેશ**—આંખમાં આંજવાથી કોઈ પણ જાતના રોગો હોય તેનો નાશ કરે છે. આંખને શોભાવે છે, સ્ત્રીઓએ આ મેશનું અંજન જરૂર વાપરવા અમારી ખાસ ભલામણ છે.

૧-૦-૦ **ભસ્મેશ્વરરસ**—ત્રીદોશ, સનેપાત, મુંઝારાનાં દરદોને આરામ કરે છે.

૧-૮-૦ **શ્વાસ કુઠારરસ**—તમામ જાતના શ્વાસને મટાડે છે.

૧-૮-૦ **માલતી ફુલાદી ચુર્ણ**—સંગ્રહણી ઉપર સારૂં છે. ઊધરસ, ક્ષય, શ્વાસ અને અરૂચીને નાશ કરે છે.

૧-૦-૦ **નાગાર્જુન ચુર્ણ**—વાયુના તથા ઊદરના (પેટના) રોગો તથા અજીરણ મટાડે છે.

૧-૦-૦ **અગ્નિકુમારરસ**—અરૂચીનાં દરદો મટાડે છે.

૧-૦-૦ **તામ્રેસ્વરરસ**—ઊધરસ, શ્વાસ, ક્ષય, મટાડે છે.

૧-૦-૦ **શીતોપ્લાદી**—ઊધરસ, ક્ષય ઉપર અપાય છે.

૧-૮-૦ **જાતીફુલાધ્ય**—આ ચુર્ણ ક્ષય, ઊધરસ, શ્વાસ, સંગ્રહણી, અરૂચી, સળેખમ અને મંદાગ્નિને હણે છે.

૧-૪-૦ **કેસરાદી ગુટીકા**—ચાંદી, વીસ્ફોટક મટાડે છે.

૧-૦-૦ **સહસ્ત્રવેધી ચુર્ણ**—નાસ લેવાથી તમામ જાતની હેડકી મટે છે.

૧૦-૦-૦ **હેરણ ગર્ભરસ સોગઠી**—શ્વાસને તથા વાયાને મટાડે છે.

૨-૮-૦ **મૃગનાભ્યાદી અવલેહ**—આ દવા કંઠ સુધારવામાં રામબાણ છે, ગાયનના શોખીનોને માટે બહુ સરસ છે.

૧-૦-૦ **છત્રા સ્વાકુફ્ગા ચુર્ણ**—આતસ, તરસ, ઊલટી મટાડે છે.

૧-૦-૦ **જંતુકરસ** વાળો ગાળે છે એટલે વાળાનું પાણી થઇ જાયછે.

૨-૮-૦ **બરલક્ષાર**—અળોલ મટાડે છે.

૧-૦-૦ **વરા**—નેત્ર (આંખ) ને માટે હીતકારી છે.

૧-૦-૦ **મુરતાદી ગુટીકા**—હાલતા દાંત તરત બંધ કરે છે.

૧-૮-૦ **ગર્ભ પાળરસ**—ગર્ભવંતી સ્ત્રીને આ દવા ગર્ભનું રક્ષણ કરી નીરોગી બનાવે છે. અને સ્ત્રીના તમામ રોગ મટાડે છે.

૧-૦-૦ **આનંદ ભૈરવરસ**—શ્વાસ, કાસ, અતીસાર, અજીરણ ઉપર રામબાણ છે.

૨-૮-૦ **હરફારે વડીફલુ**—શ્વેત પ્રદર મટાડે છે.

૧-૮-૦ **કંદ ચુર્ણ**—રતવા વીગેરે દરદો મટવામાં બાળકને બહુ ઉપયોગી છે. સ્ત્રીને ગર્ભાશયમાં ગરમી હોય તેને ફાયદો કરે છે. જે સ્ત્રીને કોઠે રતવા હોય અને બચ્ચું જન્મી ગળીને (સુકાઇને) અથવા ચાંદાં, ફોડકા વીગેરે નીકળી મરી જતું હોય તેવી સ્ત્રીને ગર્ભ રહ્યા પછી આપવાથી બચ્ચું નીરોગી થઈ દીર્ઘઆયુષ્ય ભોગવે છે.

૧-૮-૦ **શંખદ્રાવ**—બરોલ વીગેરે ગ્રંથીયોને મટાડે છે. ઉદરરોગ, જલંદર, વીગેરેને ફાયદો કરેછે તેમજ ક્ષયરમ તથા અજીરણને પણ મટાડે છે.

૦-૫-૦ **રોમશત્રુ**—લાખો સ્ત્રીઓએ ઉપયોગ કરેલો છે. આ દવા છુપા બાલ બે મિનિટમાં નાબુદ કરે છે. ચામડીને ઇજા થતી નથી, તેમજ કાળી પડતી નથી પણ સુંવાળી થાય છે.

ડબી ૧ ની કિંમત રૂ. ૦-૫-૦

ડબી ૩ ની કિંમત રૂ. ૦-૧૨-૦

ડબી ૬ ની કિંમત રૂ. ૧-૬-૦

ડબી ૧૨ની કિંમત રૂ. ૨-૮-૦

૨-૮-૦ **હીંગ**—ચોખી હિંગ વાયાને હણે છે. પેટના રોગોને મટાડે-છે. ખોરાક પચાવે છે: આ હીંગ અમોએ પેટીઓમાં ડેઠથી મંગાવેલી છે. તેથી ધર્મ સચવાય છે. આ હીંગ ચામડામાં બંધાઇને આવી છે એવું સાબીત કરનારને રૂ. ૧૦૦ ઇનામ આપીશું. કિંમત શેર ૧ ના રૂ. ૨-૮-૦

થોડી મંગાવનારને પણ મોકલવામાં આવે છે.

૧–૦–૦ **ઝામરવાની રામબાણ દવા**—માથાનો દુખાવો આંખનું ઝરવું, વેગ વીગેરે ઝામરથી થએલાં તમામ દરદો મટે છે.

૧–૦–૦ **મણીરત્નચુર્ણ**—પાકેલા કફને તરત મટાડે છે.

૧–૦–૦ **વીંછીના ઝેરની રામબાણ દવા.**

સરપ અને અફીણના ઝેરની રામબાણ દવા—મુખઠમાર વાગેલાને તથા પછાડ ખાધેલાને માટે અકસીર છે.

માત્રાઓ અને ભસ્મો.

ચંદ્રોદય તોલા ૧ ની કિંમત રૂ. ૩૨-૦-૦

અભ્રક ભસ્મ સોપુટી તોલા ૧ ની કિંમત રૂ. ૧૦-૦-૦

અભ્રક ભસ્મ હજાર પુટી તોલા ૧ ની કિંમત રૂ. ૩૦-૦-૦

લોહ (ગજવેલ ભસ્મ) સોપુટી તોલા ૧ ની કિંમત રૂ. ૩-૦-૦

પોલાદ ભસ્મ તોલા ૧ ની કિંમત રૂ. ૬-૦-૦

ચાંદી ભસ્મ તોલા ૧ ની કિંમત રૂ. ૩-૦-૦

પરવાળ ભસ્મ તોલા ૧ ની કિંમત રૂ. ૩-૦-૦

સુવર્ણ વસંતમાલતી તોલા ૧ ની કિંમત રૂ. ૧૦-૦-૦

સાબરસીંગ ભસ્મ તોલા ૧ ની કિંમત રૂ. ૧-૦-૦

વંગ (કલાઈ ભસ્મ) તોલા ૧ ની કિંમત રૂ. ૩-૦-૦

ત્રીઅંગ ભસ્ભ તોલાં ૧ ની કિંમત રૂ. ૫-૦-૦

રસ સિંદુરની માત્રા તોલા ૧ ની કિંમત રૂ. ૪-૦-૦

ઉપર સિવાય અમારા ઔષધાલયમાં તમામ જાતની દવાઓ અને માત્રાઓ મળે છે.

વૈદ શા. ગિરધરલાલ કહાનજી.

ગિરિવર ઔષધાલય—મુ. ધોળકા, જીલ્લે અમદાવાદ.

પ્રાંત ગુજરાત.

પ્રસ્તાવના.

આ વિશાળ દુનિયાપર નિવાસ કરતાં સર્વ પ્રાણીઓમાં મનુષ્ય જાત સર્વોત્તમ ગણાય છે. જગતના કરોડો જીવો મનુષ્ય જન્મ મેળવવા તલપી રહ્યા છે. દેવતાઓને પણ જ્યારે વધારે ઉંચ પદવી પ્રાપ્ત કરવાની ઇચ્છા થાયછે ત્યારે પુણ્યવડે તે મેળવવા આ "કર્મભૂમિ" ગણાતી પૃથ્વી ઉપર તેમને દેહધારણ કરવો પડે છે. ધર્મની દ્રષ્ટિએ જુઓ કે સાધારણ વ્યવહારની નજરે જુઓ, આસ્તિકની દ્રષ્ટિએ જુઓ કે સ્વર્ગાદી લોકને નહિ માનનારા એક નાસ્તિકની નજરે જુઓ. તત્વજ્ઞાનના દ્રષ્ટિબિંદુથી વિચારો કે જનસમાજના સાધારણ મનોભાવને અનુસરી વિચાર કરો, ગમે તે રીતે જોશો કે વિચારશો તો તમને જણાશે કે દરેક મનુષ્યને "સુખ" મેળવવાની અતી તિવ્ર અને સતત ઇચ્છા થયા કરે છે. આમ છતાં પણ જુદા જુદા મનુષ્યોને સુખ શાને કહેવું તે વિશે જુદો જુદો મત હોયછે અને તે પામવાના માર્ગ પણ જુદા જુદા માણસોને જુદા જુદા દેખાય છે. કેટલાક પોતાની ઇંદ્રિયોને વિવિધ ભોગોમાં રમાડવામાંજ સુખ માણે છે, કેટલાક તેવાં સુખો બીજાઓને પ્રાપ્ત કરાવી આપવામાંજ સુખ અનુભવે છે, કેટલાક વિષય સુખોને તુચ્છ ગણી માનસિક આનંદનો લ્હાવો લેછે. ત્યારે બીજા તેવો આનંદ મનુષ્યો લેઈ શકે તેવાં પુસ્તકો વગેરેનાં સાધનો બીજાને માટે પુરાં પાડવામાંજ સંતોષ સુખ ભોગવે છે, કેટલાક વિરલા પુરૂષો વળી ભક્તિરસમાં ઝુલે છે કે ધ્યાનસ્થ થઈ આત્માનંદમાં નિમજ્જન કરેછે અને સર્વોત્કૃષ્ટ સુખની પરાવધિ તેમાંજ અનુભવી વિરમે છે; ત્યારે બીજા કોઈ બહુજ વિરલા મહાત્માઓ આવા સુખની એકવાર ઝાંખી કરીને પછી તે પરમ સુખના ધામનો માર્ગ બીજાઓને દેખાડી આપવામાંજ પોતાના જીવનનો હેતુ સમજે છે. આવા આવા અનેક માર્ગ સુખ પ્રાપ્ત કરવાના છે પરંતુ તેવી સર્વ પ્રવૃત્તિનો પાયો આરોગ્ય છે. અને તેથીજ આપણાં સત્શાસ્ત્રો ડિંડિમ વગાડીને કહે છે કે—**धर्मार्थ काम मोक्षाणामा आरोग्यं मूल कारणम्**

અર્થાત ધર્મ, અર્થ, કામ અને મોક્ષ એ ચતુર્વિધ પુરૂષાર્થની યથાયોગ્ય પ્રાપ્તીનો સર્વ આધાર આરોગ્ય ઉપરજ રહેલો છે. આવી અમુલ્ય વસ્તુ જે આપણું અયોગ્ય કે તન્દુરસ્તી તેને જાળવી રાખવાના તથા ખોવાયા પછી ફરી મેળવવાના શાસ્ત્રને આપણા પૂર્વના રૂષિ મુનિઓએ "આયુર્વેદ" એવું નામ આપેલું છે અને આ શાસ્ત્રને બહુ પવિત્ર ગણી વેદના એક અંગ તરીકે સ્વીકાર્યું છે. આ વિદ્યા કે શાસ્ત્રને સાધારણ રીતે વૈદકશાસ્ત્ર કે આરોગ્યવિદ્યા કહેવામાં આવેછે તેને આધારે અમોએ અનુભવ સિદ્ધ કરેલી રોગોને નાશ કરનારી દવાઓનું આ લઘુ પુસ્તક લખેલ છે, અને અમને પુર્ણ આશા છે કે જેને સજ્જનો શ્રદ્ધાપુર્વક એક ચિતે આનો પાઠ કરશે તેના સર્વ શારીરિક અને માનસિક દુઃખોનો સમૂળો નાશ થઇ પૂર્ણ આરોગ્ય અને આયુષ્ય ભોગવી વ્યવહારિક પરમાર્થિક કર્ત્તવ્યોને સરળતાથી સાધવાને શક્તિમાન બની અંતે પરમસુખને પામશે.

વળી મનુષ્યની જીંદગી બાળપણું, જુવાની અને વૃદ્ધાવસ્થા એમ ત્રણ ભાગમાં વહેંચાયલી છે. દુનિયામાં જે યશ માણસો મેળવે છે તે ભાગ જુવાનીનો છે, બાળપણમા વિદ્યા મેળવી જુવાનીમાં તેનો ઉપયોગ કરી યશ અને પૈસા મેળવવા અને ઘડપણમાં સુખ શાંતીમાં દિવસો નિર્ગમન કરવા એ વિચારી જોતાં સંસાર સુખ છે એમ સર્વત્ર મનાય છે.

એ ત્રણે સ્થિતિનાં બધાં કર્તવ્ય નિર્વિઘ્ન અને જોઇએ તેવી રીતે પાર પાડવા માટે એ ત્રણે સ્થિતિમાં શરીરની આરોગ્યતા રાખવાની પહેલી જરૂર છે.

આરોગ્યતા સાચવવાને માટે ઉત્તમ દવા એટલે વ્યાધીનો તરત નાશ કરે એવી દવા સજ્જનોએ ખરીદી રાખવી જોઇએ.

જુઓ કે અમારા ગિરિધર ઔષધાલયમાં તાવ, કોલેરા, શકિત વીગેરે દવાઓમાં કેટલીક દવાઓ આરામ ન કરે તો રૂ. ૧૦૦ સો ઇનામ આપવા લખેલું છે આથી બીજી સારી દવા કઇ તે વાંચનારેજ વીચારવું અને આથી વધારે ખાત્રી શું આપું? માટે એકજ વખત વાપરી અમારી દવાની ખાત્રી કરો એવી મારી સર્વ સજ્જનોને વિનંતી છે.

પરીક્ષાઓ.

નેત્રપરિક્ષા—વાયુનો પ્રકોપ હોય તો નેત્રો ધુમાડા જેવાં વર્ણવાળાં કાંઇક રાતાં, ઊંડાં પેસી ગએલાં તથા સ્તબ્ધ હોય છે. પિત્તનો પ્રકોપ હોય તો નેત્રો હળદરના ગાંગડા જેવા રંગનાં અથવા રાતાં કે લીલાં દીવો ન ગમે એવાં અને બળતરાવાળાં હોયછે. કફ વધ્યો હોય તો નેત્રો ચિકણાં આંસુથી ભરેલાં તેજ વગરનાં અને બળવાળાં હોયછે. બે દોષો હોય તો બે દોષોનાં લક્ષણો નેત્રોમાં હોય છે. ત્રણ દોષોમાં ત્રણે દોષો દેખાય છે અને બહુજ ઊંડાં ઉતરી ગએલાં, પાણીથી ભરપુર અને છેડેથી ઊઘડી શકે એવાં હોય છે.

જીભપરિક્ષા—વાયુનો પ્રકોપ હોય તો ભાજીનાં પાંદડાં જેવી રૂક્ષ અને ફાટેલી જીભ હોય છે. પિતપ્રકોપ હોય તો જીભ રાતી અને કાળી હોય છે. કફમાં લેપાયલી ધોળી ભીની રહે છે. ત્રણે દોષો હોય તો જીભ બળી ગયા જેવી ખરસટ અને કાળી હોય છે. બે દોષોમાં બે દોષોના લક્ષણો-વાળી હોય છે.

મુત્રપરિક્ષા—વાયુમાં પીંગળું, કાળું, પીતમાં રાતું તથા કાળું, રક્ત-દોષમાં રાતું, કફમાં ધોળું તથા ફીણવાળું હોય છે.

નાડીપરિક્ષા—પુરૂષના જમણા હાથની અને સ્ત્રીના ડાબા હાથની અંગુઠાના મુળ પાસેની નાડી જોવી. ત્રણ આંગળી નાડી ઉપર મુકી તેની ચાલ ઉપરથી તેની પરીક્ષા કરવી. વાયુ અધીક હોય તો નાડી તરજની આંગળીની નીચે જણાય છે. પિત્ત હોયછે તો મધ્યમાં નીચે જણાય છે. વાયુ તથા પિત્ત અધીક હોય તો તર્જનીના તથા મધ્યમાંના મધ્ય ભાગમાં જણાય છે. વાત કફ બે હોય તો અનામીકા તથા તર્જની નીચે જણાયછે અને પિત્ત કફમાં, મધ્યમાં તથા અનામીકા નીચે નાડી દેખાય છે. સનેપાતમાં ત્રણે આંગળીઓ નીચે નાડી સ્પષ્ટ જણાય છે.

વાયુથી વાંકી ગતી જણાય છે પીતથી ઠેકતી જણાય છે, અને કફથી મંદ જણાય છે. સંનીપાતથી બહુ ઝડપવાળી જણાય છે.

અમારી મુલાકાત.

દર રવિવારે સવારના નવથી ચાર વાગ્યા સુધી અમદાવાદમાં સીવીલ હૉસ્પીતાલ નજીક પીરમશા રોડ મકાન નં. ૨૬૩૦.

બાકીના તમામ દિવસે ધોળકામાં અમારા પોતાના ઔષધાલયમાં થશે.

કાગળ પત્રનો વહેવાર ધોળકામાં કરવો.

વૈદ્યક જ્ઞાનથી શું લાભ ?

દોહરો.

સાજું હોય શરીર તો સઘળી વાતે સુખ;
નહિ તો નાણું બહુ છતાં દિનદિન પ્રત્યે દુ:ખ—૧

ભણતાં ભણતાં બહુ ભણ્યા વિદ્યા અવર અનેક;
શરીર સાચવણી તણો અક્ષર ન ભણ્યો એક—૨

તો તે ભણતર તુચ્છ છે વળી બુદ્ધિ પણ વ્યર્થ;
શરીર સાચવણી વિના સરે ન સઘળા અર્થ—૩

માટે વૈદક વાંચજો પુરણ રાખી પ્રીત;
જેથી કાંઇ પણ જાણશો રોગ મટયાની રીત—૪

વૈદકથી આયુષ્ય વધે સુખમાં રહે સદાય;
માટે વિદ્યા વૈદની જરૂર જેવી જણાય—૫

જો ધન છે ઘરમાં ઘણું હોય શરીરમાં સુળ;
તો તેના મનમાં ગણે ધન સઘળું તે ધુળ—૬

(માટે) જેની ઘણી જરૂર છે શોધી તેનો સાર;
રૂડું આ પુસ્તક રચ્યું સહુને સુખ દેનાર.—૭

તાવની રામબાણ દવા.

(રૂ ૧૦૦ ઈનામવાળી.)

ફાયદો ન થાય તો પૈસા પાછા.

" ખાસ પરેજ નથી. "

કોઇ પણ જાતનો તાવ એટલે દહાડવો, એકાંતરીયો, ચોથીયો, ઉનો, ટાઢીયો, અને ચાલતા જમાનાની નવી નવી જાતના ઊડતા તાવો અમારી દવાથી ના ઊતરે તો લીધેલા પૈસા પાછા આપીશું. કોઇ શખસ એમ સાબીત કરી આપશે કે વૈદ શા. ગીરધરલાલ કહાનજીની દવાથી ચોથીયો, તાવ ના ગયો તો તેને રૂ. ૧૦૦ ઇનામ આપીશું.

આ દવા તાવમાં લેવાથી તાવ ઊતારે છે અને ઊતર્યા પછી લેવાથી તાવ આવતો નથી અને તાકાત આપે છે. ખોરાક પચાવે છે. (ભૂખ લગાડે છે.) ગોળી ૪૨ ની ડબી ૧ ની કિંમત રૂ. ૧-૦-૦

પ્લેગની રામબાણ દવા.

પ્લેગથી બચવાને સર્વોત્તમ આ ગોળી છે.

પ્લેગની ખરાબ હવામાં નીરોગીને આ ગોળી વાપરવાથી પ્લેગ થતો નથી. પ્લેગ થએલાને આ ગોળી એકદમ રામબાણની માફક આરામ કરી આપે છે. આ ગોળીથી અમે પ્લેગના ઘણા કેસો સુધાર્યા છે. માટે પ્લેગથી બચવું હોય તેણે અમારી પ્લેગની રામબાણ દવા ખરીદી રાખવી.

જે લોકોએ વૈદ શા. ગિરધરલાલ કહાનજીની તાવની રામબાણ દવા વાપરી ખાતરી કરી છે તે સજ્જનોને અમારી ખાસ ભલામણ છે કે આ પ્લેગની રામબાણ દવા પણ તાવની રામબાણ દવા જેવી અકસીર છે, માટે વાપરવા ચુકવું નહીં.

ગોળી ૪૮ ની ડબી ૧ ની કિંમત રૂ. ૧-૮-૦.

પરમીઆની રામબાણ દવા.

આ દવા તમામ જાતના પરમીઆ મટાડે છે. ઈંદ્રિમાં થતી બળતરા અને ચાલતું પરૂ (રસી) બંધ કરે છે, ઈંદ્રિયનો સોજો ઊતારે છે, ઇંદ્રિય-માંથી ટીપે ટીપે આવતો પેસાબ સાફ આવે છે, કળતર અને પેડુનો દુખાવો મટાડે છે. ઇંદ્રિયની નીચેની રગમાં પીડા થાય છે, તે પીડાને તરત મટાડે છે; તેમજ પરમીયાથી પાતળી પડેલી ધાતુને મજબૂત કરી (ધાતુ વધારી) શકતી આપે છે અને સાંધાનો દુઃખાવો મટાડે છે. ટુંકામાં પરમીયાથી થએલ દરદોનો અને પરમીયાનો તાકીદે નાશ કરે છે.

ડબી ૧ તેમાં ગોળી ૧૬ મોટી લાલ તથા ગોળી ૮ નાની સફેદ અને પ્રવાહી દવાની શીશી ૧ એકની કિંમત રૂ. ૨-૪-૦.

ચંદ્રપ્રભા ગુટીકા.

આ ચંદ્રપ્રભા ગુટીકા તમામ પરમા (પરમીયાનો) તેમજ મુત્રકચ્છ મુત્રઘાત વીગેરે ઘણા દરદોને મટાડી કાન્તી ચંદ્રમાના જેવી કરે છે. એટ-લુંજ નહીં પણ આ ચંદ્રપ્રભા ગુટીકામાં અતિવિષય (સ્ત્રીગમન) કરવાનો ગુણ રહેલો છે એટલે પુરૂષ ઘણોજ કામાતુર થઇ અતિ વિષય (સ્ત્રીગમન) કરે છે.

ગોળી ૪૦ ની ડબી ૧ ની કિંમત રૂ. ૨-૮-૦.

ખાસ રાજા રજવાડા અને શ્રીમંતોને માટે

"કામદેવ રસ" યાને

કામ પ્રદીપ્ત ગુટિકા.

કામદેવ રસ આયુષ્ય આપનાર, ધાતુને બહુ વધારનાર છે. ત્રણે દોષ, વર્ણ, પ્રમેહ, કોઢ, બરસ, ઉદર રોગો, ગ્રંથિયો. ઝેર, અને કૃમિ વીગેરે દોષોને તે હણી નાંખે છે, શરીરને મજબુત કરે છે. તથા વિર્યને વધારે છે અત્યંત જુવાની આવીને ઘણી સ્ત્રીઓને રમાડી શકાય છે, દીર્ઘ આયુષ્ય થાય છે; તથા સિંહના જેવા પરાક્રમી પુત્રો થાય છે. આ કામદેવ રસ સેવન કરનારને સુંદીરપણું, બળ અને તેજ આવે છે, તથા અનેક તરૂણ સ્ત્રીઓની સાથે ગમન કર્યા છતાં પણ નુકશાન થતું નથી તેમજ મૃત્યુનો ભય હમેશાં માટે દુર રહે છે.

ગોળી ૧૦૦ ની ડબી ૧ ની કિંમત રૂ. ૧૦-૦-૦.

ઘણા રોગોને તાકીદે આરામ કરનાર

શક્તિસજીવન યાને

વિર્યનો ઝરો.

કોઇ શખસ એમ સાબીત કરી આપશે કે શક્તિસજીવન યાને વિર્યનો ઝરો એ નામની ગોળીમાં શક્તી લાવવાનો અને વિર્ય વધારવાનો ગુણ નથી તો તેને રૂ. ૧૦૦ ઇનામ આપીશું.

વિર્ય વધારવાનો આ દવામાં ખાસ ગુણ છે. નપુંષકપણું તથા ઈંદ્રિયની નાકૌતીમાં શક્તિસજીવન યાને વિર્યનો ઝરો શક્તિ આપે છે. શક્તિ સજીવન નસોની નબળાઇ (કમજોરી) દુર કરે છે. શક્તીસજીવન ઘડપણમાં જુવાની લાવે છે. શક્તિસજીવન જુવાનોને મસ્ત બનાવે છે. શક્તિ સજીવન પુરૂષત્વ પ્રાપ્ત કરવાને ઔાષધરૂપી સંચો છે. શક્તિસજીવન વિષયથી નીરાશ થએલા પુરૂષો માટે અમૃતરૂપી ઓષધ છે. શક્તિ સજીવન વિલાસ સુખનો એક મહાસાગર છે. શક્તિસજીવન શરીરના ઘણા રોગોનો નાશ કરી ધાતુ વધારી વિષયવાસના પુરી કરવાને માટે એક સારામાં સારી દવા છે.

વારંવાર થતો તથા વધારે થતો પેશાબ, ઊંઘમાં તથા પેશાબમાં ધાતુનું જવું, તથાં ઊંઘમાં પેશાબ થઈ જવો, ધાતુક્ષય, અને ધાતુના બીગાડથી થએલી ખાંસી અને છાતીનાં તમામ દરદો તેમજ હરેક પ્રકારનો ધાતુ (વિર્યશ્રાવ) તથા ધાતુવિકીયાના કોઇપણ દોષોમાં શક્તિસજીવન યાને વિર્યનો ઝરો રામબાણ ગુણ આપે છે.

શક્તિસજીવન યાને વિર્યનો ઝરો આળસુ, સુસ્ત (એદી) બની ગએલા શખસોને જીવન લાવી ધાતકાર બનાવે છે. અર્થાત ચાલાક નિરોગી થાય છે. તેમજ નીચેનાં દરદોનો શક્તિસજીવન યાને વિર્યનો ઝરો, તાકીદે નાશ કરે છે. ઊધરસ, (ખાંસી) વાયુ, અજીરણ, કફ, દમ ચસકા, સુળ, ધનુર, કચરમ, બળોલ, બળગાંઠ, ગુલ્મ, મસ્તક સુળ, સંધીવા વીગેરે દરદોનો નાશ કરી કૌવત આપે છે. પીતકમળી, કમળો, પાન્ડુ અને સોજા ઉપર તો શક્તિસજીવન યાને વિર્યનો ઝરો રામબાણ છે. જાથુકની બદહજમી, હોજરી અને આંતરડાંની કમતાકાત, ઝાડાની હમેશની કબજીયાત, સંગ્રહણી, પેટનું ચડવું, (આફરવું) છાતીએ બળતો દાહ, ખારા તથા ખાટા તીખા અને ગંધાતા ઓડકાર, ચુંક, આંકડી, પેટનું દુખવું, હેડકી, લાંબા વખતનો મરડો, આંબ, અતીસાર, (ઝાડા)નાં જુનાં અને લાંબી મુદતનાં દરદો, પીચોટી, (આંઓઈ)નું ખસવું, થોડો ખોરાક ખાવાથી પણ ઉલટી,

ઊર્ધ્વવાયુ, પેટમાં ગોળો ચડવો, પેટમાં થતો ચુંથારો અને વેણુ ચુંટા, સફરાનાં દરદો, આંબળ, હરસ, વીગેરે દરદો માટે શક્તિસજીવન યાને વિર્યનો ઝરો અકસીર છે. શારીરિક અશક્તિ અને જ્ઞાનતંતુની નબળાઈ એ તન અને મનના ઘણા શ્રમથી થાય છે. અશક્ત થએલું તન અને મન ઘણા વીકટ દરદોના કાબુમાં ઝટ આવી જાય છે. શક્તિસજીવન યાને વિર્યનો ઝરો તન અને મનને અશક્તિમાં પોષણ આપવામાં હમેશ ફતેહમંદ નીવડી ચુકી છે. શક્તિસજીવન યાને વિર્યનો ઝરો ભેજામાં ફરતું લોહી સ્વચ્છ કરી ઊંઘ સારી લાવે છે અને હરેક પ્રકારનાં ગાંડાપણાં, ઉન્મદ ઉદાસવૃત્તિ વીગેરે માનસીક વિક્રીયા સુધારે છે. માનસીક ત્રાસથી અને ઘણા વિષય લીન થવાથી અને વિર્યપાતની માઠી આદત (હસ્તદોષ અથવા સૃષ્ટીક્રર્મ વિરૂદ્ધ મૈથુન) ના ભોગ થઈ પડવાથી અને તેથી પેદા થતી કમશક્તિ અને શરીરમાં રહેતી સુસ્તી જેમાંથી ભ્રમ, ફેફરૂં (વાઈ) શરીરનું ધ્રુજવું, ચકરી, બહુ પ્રકારના વાયુના રોગો, મસ્તક તથા શરીરનો દુ:ખાવો, કમર અને બરડાનું ફાટવું (કળતર થવું પીડા થવી) આંખમાં બળતી આગ, નજર ઝાંખી થવી વીગેરે દુ:ખ પેદા થાય છે તેમાં શક્તિસજીવન યાને વિર્યનો ઝરો મજબુત ગુણ આપે છે.

જુના પ્રમેહમાં થએલ સાંધા વીગેરેનો દુ:ખાવો અગર કોઇપણ રીતે થએલ સંધીવાને માટે તો શક્તિસજીવન યાને વિર્યનો ઝરો સર્વોત્તમ ઊપાય છે.

ઇશ્વિરી કુદરતથી જેનું શરીર: પાતળું છે તથા કોઇપણ કારણથી કોઇ શખસનું શરીર તવાઈ ગયું (લોહીવગરનું) છે, તેવા શરીરને શક્તિ સજીવન યાને વિર્યનો ઝરો લોહી વધારી શરીરની કાન્તી અને ખુબસુરતી વધારી તેજસ્વી બનાવે છે.

લુખા અને ફીકા શરીરવાળા સ્ત્રી પુરૂષોએ પોતાની કાન્તી ખુબ-સુરત કરવા માટે શક્તિ સજીવન રામબાણ છે.

નાના મોટા વિદ્યાર્થીઓ, મોટી મોટી પરીક્ષાઓ આપવાની ઊમેદ રાખનારાઓ, યાદશક્તી કમ થવાથી કંટાળી અભ્યાસ છોડી નીરાશ થઈ બેઠેલાઓને શક્તિસજીવન યાને વિર્યનો ઝરો તત્કાળ ગુણ આપે છે.

સ્ત્રીઓને કોઇપણ દરદથી થતો ધાતુસ્ત્રાવ અને ધાતુ વિક્રીયાના દોષોમાં શક્તિસજીવન યાને વિર્યનો ઝરો રામબાણ ગુણ આપે છે. સ્ત્રીને આ દવા પુષ્ટી આપે છે અને ગર્ભનું પોષણ કરવામાં અકસીર છે. આ ગોળીઓ વાપરવાથી થતો ગર્ભસ્ત્રાવ યાને ગર્ભપાત અટકે છે. શક્તિસજીવન યાને વિર્યનો ઝરો સ્ત્રીના ગર્ભાશયનાં તમામ દરદો મટાડે છે. અને ગર્ભનું રક્ષણ કરી ગર્ભ નીરોગી બનાવે છે. શક્તિસજીવન યાને વિર્યનો ઝરો ન ઊછરતાં બાળકને ઊછરવામાં સારી મદદ કરે છે. કારણ કે બાળકને થતા રોગો શક્તિસજીવન અટકાવે છે, એટલુંજ નહીં પણ બાળકને પુષ્ટ બળવાન અને કાન્તીવાન બનાવે છે. ખાસ પરેજ નથી.

ગોળી ૭૫ ની ડબી ૧ ની કિંમત રૂ. ૨–૮–૦.

ધાતુપુષ્ટ.

જેને ધાતુ પાતળી પડી ગએલ હોય અને રાત્રે સ્વપ્નામાં ધાત જતી હોય અથવા અઠવાડીયામાં બે ચાર વખત ધાત જતી હોય અથવા એની મેળે સ્ખલીત થઇ જતી હોય અથવા ઇંદ્રિય ઊશ્કેરાવાથી પાણી નીકળી પડતું હોય અથવા પેશાબમાં ધાત જતી હોય એટલે ધાતુના કોઇ પણ પાતળાપણાના રોગ માટે અમારી શક્તિસજીવન યાને વિર્યનો ઝરો એ નામની દવા સાથે આ ધાતુપુષ્ટની દવા વાપરવાથી ઘણોજ ફાયદો થાય છે અને તમામ ધાતુનું પાતળાપણું મટી ધાતુ ઘણી મજબુત અને ટકાઊ થશે.

ડબી ૧ ની કિંમત રૂ. ૧–૦–૦

વિર્યસ્થંભન ગુટીકા.

સ્ત્રીગમન વખતે થોડી વખતમાં સ્ખલીત થઇ જતી ધાતુવાળા માણસોને વધારે ટકાવ માટે અકસીર છે. આ વીર્યસ્થંભન ગુટીકાથી પોતાને તેમજ સ્ત્રીને ઇચ્છાનુસાર સંતોષ આપી શકાય છે. આ દવા નિષ્ફળતા વિનાની અલોકીક હોવાથી વિષયને માટે વગર ઇચ્છેલો ગુણ આપે છે. અને ધાતુને આબાદ કરી ટકાવી રાખે છે.

ગોળી ૧૦ ની ડબી ૧ ની કિંમત રૂ. ૧-૦-૦.

આંખનું અંજન.

નેવઢાળ સીસું (સીસાનો સુરમો) સાચા મોતી સાથે.

આખા અંગમાં આંખ એજ અધિક અગત્યનો અવયવ છે એ તો કોઇથી પણ અજાણ્યું નથી; પરંતુ એ અમુલ્ય આંખને ઝાંખ વગર રાખે (તમામ આંખના દરદોનો નાશ કરે) એવું સર્વોત્તમ અને અનુભવસિધ્ધ કયું અંજન છે?

"નેવઢાળ સીસું સાચા મોતી સાથે બનાવેલ સુરમો"

આંખોનાં દરદોને દુર કરવા સૌથી સરસ આંજવા લાયક ઉપરનું અંજન સર્વોત્તમ અને આંખોના તમામ દરદોને માટે રામબાણ છે.

ઉપરનું અંજન આંજવાથી આંખમાં આવતી ચળ (ખરજ) પીયા, બળતરા, ખટકો અને ભીની હવાથી ખરાબ થનારી આંખ, પીડા મટે છે તેમજ તડકાના તેજને ખમી શકે તેવી બને છે. વળી આંખમાંથી છારી

મટાડે છે. ઝાંઝવાં વળે છે. પાણી ઝરે છે અને આંખો નબળી (ઝીણી) પડે છે, તેવાં દરદોને ઉપરનું અંજન મટાડે છે. તેમજ આંખનું કળતર, પડળ, ફુલું, થતો મોતીયો, ગરમીને લીધે માથામાં થતો દુખાવો, ઝામર, વીગેરે મટાડે છે. તેમજ ખીલ, પરવાળાં એવાં આંખોના દરદોનો નાશ કરી આંખ સ્વચ્છ અને તેજસ્વી બનાવે છે. તેમજ ભણનાર વાંચનાર અને લખનારને કાગળની લાગેલી ગરમીને માટે આ અંજન બહુજ ઉપયોગી છે. તેમજ કંદોઇ, લુહાર, સોની, રસોઇ કરનાર વીગેરે ધુમાડાના પરીચયમાં રહેનારને આ અંજન બહુજ ફાયદો કરનાર છે, તેમણે તો અવશ્ય આંજવું જોઇએ. ભરત ભરનાર ગુંથણું ગુંથનાર, શીવનાર, ચીતરનાર, કોતરકામ કરનાર સોનાના ઘાટ ઘડનાર વીગેરેને આ અંજન બહુજ અકસીર છે. ટુંકામાં અમારી એટલીજ ભલામણ છે કે જેને જીવતાં સુધી આંખો સારી કોઇ પણ દરદ વિનાની રાખવી હોય તે સજ્જનોએ ઉપરના અંજનનો જરુ ઉપયોગ કરવા ચુકવું નહિ. કારણ કે આ અંજન આંજનારથી બારીકમાં બારીક કામ કરી શકાય છે-

તોલા ૧ ની શીશીની કિંમત રૂા. ૧-૦-૦

નેત્ર મિત્ર.

ગમે તેવી દુખવા આવેલી આંખને પહેલેજ દિવસે ફાયદો થાય છે અને બે ત્રણ દિવસમાં આરામ થઇ જાય છે એટલે આંખ નીરોગી અને તેજસ્વી થાય છે.

શીશી ૧ ની કિંમત રૂા. ૦-૬-૦

"બહુશલ્ય ગુટીકા" યાને

ઉધરસ (ખાંસીની) રામબાણ દવા.

કોઇપણ જાતની ઉધરસ અને ક્ષયને માટે અકસીર બહુશલ્ય ગુટીકા ત્રણ કલાકમાં થતી તાજી ઉધરસ (ખાંસી) નો નાશ કરે છે. વધારે મુદત સેવન કરવાથી ક્ષય જેવાં છાતીના કફથી થતાં તમામ દરદોને મટાડે છે. આ બહુશલ્ય નામની ઉધરસની (ખાંસીની) ગોળી એવીતો ચમત્કારી છે કે ગમે તેવી ખાંસી થતી હોય એટલે મોં ન મળવા દેતી હોય તો પણ તેવાં દરદને એક ગોળી મોઢામાં નાંખી કે તુરતજ અરધી મીનિટમાં ઉધરસ (ખાંસી) ને બંધ કરે છે. આ ગોળીનાં વધારે જેટલાં વખાણ કરીએ તેટલાં ઓછાં છે માટે તે સર્વે લોકોને અમે એક વખત અજમાયશ તરીકે વાપરવા ભલામણ કરીએ છીએ.

ગોળી ૨૦ ની ડબી ૧ ની કિંમત રૂા. ૧-૦-૦

સ્થંભન ગુટિકા

ઝાડા (અતીસાર) ની રામબાણ દવા.

કોઇપણ જાતનાં ઝાડાનાં દરદોને તુરત આરામ કરે છે અંબ, અતીસાર (ઝાડા વાટે પરૂતું પડવું) વીગેરે તેમજ અંબળાઈ (દરદ થઈ) ઝાડાનું આવવું અને પાતળો ઝાડો આવવો અથવા પાણી જેવો ઝાડો આવવો વીગેરે તમામ ઝાડાનાં દરદોને મટાડે છે.

ગોળી ૩૨ ની ડબી ૧ ની કિંમત રૂા. ૧-૦-૦

કોલેરાની રામબાણ દવા.

કોલેરા એ ધાતીક રોગ છે. એટલે એ દરદથી ઘણાનાં મૃત્યુ તરત થાય છે અને કોલેરાનું બીજું નામ "મહામારી" ઉપરથીજ આપણને ખાતરી થાય છે કે આ રોગ એક મોતજ છે. વળી કોલેરા એ મૃત્યુ નહીં પણ અકાળ મૃત્યુ છે માટે તેનો તુરત ઉપાય કરવો.

આ દવા કોલેરા જેવા ભયંકર દરદને એક કલાકમાં આરામ કરે છે. એટલે ઝાડો, ઉલટી, હાથ પગમાં અથવા શરીરમાં ગોટલા ચડે છે (થાય છે) તે તરત બંધ કરે છે. બળતરા અને પાણીની આતસ (તરસ) મટાડે છે. આ દવા પણ અમારી તાવની દવા જેવીજ રામબાણ છે.

ગોળી ૩૨ નીડબી ૧ ની કિંમત રૂ. ૧-૦-૦

કોલેરાનો શત્રુ (ઘાત મુક્તવારી.)

યાને મૃત્યુથી બચાવનાર દવા.

આ દવા હમેશાં વાપરનારને કોલેરા લાગુ પડતો નથી. કોલેરાવાળી જગ્યોએ જનારને તથા રહેનારને આ દવા ઘણીજ જરૂરની છે. " ઘાત મુક્ત " નામની અમારી દવા વાપરનારને કોલેરા થયો એવું સાબીત કરનારને રૂ. ૫૦ ઈનામ આપીશું.

શીશી ૧ ની કિંમત રૂ. ૧-૦-૦.

કનક સુંદીર રસ.

લોહી સુધારનારી (સાફ કરનારી દવા).

આ દવાથી ગરમીથી (લોહી બીગાડથી) થએલ દરદો જેવાં કે વિસ્ફોટક, ચાંદી, લુખસ, ખુજલી, ખસ, ગડગુમડ, બદ, બાંઅલી ઉપદંશ, પત, વીગેરે ત્વચાનાં (ચામડીનાં) દરદોનો નાશ કરે છે. કોઇપણુ જાતના લોહી બીગાડને આ કનકસુંદીર રસ એ નામની દવા આરામ કરે છે.

બાટલી એકની કિંમત રૂ. ૬–૦–૦.

હરસની રામબાણુ દવા.

હરસથી ઘણી પીડા થાય છે. અને કેટલાકને લોહી પણુ પડે છે તમામ જાતના હરસ મટાડવાને અમારી દવા ઘણી અકસીર નીવડી છે.

ગોળી ૨૪ ની ડબી ૧ ની કિંમત રૂ. ૧–૮–૦.

અનુભવી મલમ

કોઈ પણુ જાતનાં ગુમડાં (વરણુ) ને બહુજ ઝડપથી આરામ કરે છે.

આ અનુભવી મલમ સડતી ભોંય તેમજ નારાં પડતાં ગુમડાંઓને તાકીદે ભોંય લાવે છે. ચાંદી જેવાં ભયંકર દરદને તરત ભોંય લાવે છે. બદ, બાંઅલી, ટાંકી તેમજ ખસના ફોડલાને તરત રૂઝવે છે. (ભોંય લાવે છે) કોઈ પણુ જાતના પાકેલા (પરૂવાળા વહેતા ભરનીંગળ ગુમડાંને) અનુભવી મલમ તરત રૂઝ લાવે છે.

ડબી ૧ ની કિંમત રૂ. ૧–૦–૦.

કરણતેલ,

કાનનું પાકવું, પરૂનું વહેવું, દર્દ થવું, સણકા નાખવા, કાનમાં સમ સમ અવાજ થવો, ગંધ મારવી વીગેરે વીગેરે કોઇ પણ પ્રકારનું કાનનું દરદ મટાડે છે.

શીશી ૧ ની કિંમત રૂ. ૧-૦-૦.

વાળો,

જેને વાળાનું દરદ થયું નથી તેણે ઇશ્વરનો ઉપકાર માનવો જોઇએ કારણ કે વાળાનું દરદ બહુજ ખરાબ છે અને માણસ તેથી ઘણુંજ દુઃખી થાય છે. વાળો નીકળતાં તે જગ્યેએથી તુટી ગયો તો તે દરદી ના દુઃખનો પારજ રહેતો નથી અને દરદીને બહુજ હેરાન કરે છે. તેવા ભયંકર દરદને મટાડવાને અમારી વાળાની રામબાણ દવા ખાવા માંડી કે વાળો મરી જઈ (પીગળી જઈ) પાણી થઈ જાય છે અને દરદીને વાળો ફરી થતો નથી.

પડીકાં ૨૪ ની ડબી ૧ ની કિંમત રૂ. ૧-૦-૦.

"સ્ત્રીઓને ખુશખબર."

ગર્ભ ધારણની દવા.

કોઈપણ સ્ત્રી વંઝા (વાંઝીયાપણું) દુઃખ ભોગવતી હોય એટલે બીલકુલ ફરજન્દ ના થતું હોય અથવા કસુવાવડ થતી હોય અથવા ફરજન્દ થઈ કોઈપણ પ્રકારના રોગથી મરી જતાં હોય તેને માટે અમોએ આ

મારા તનમન અને ધનનો ખરો ઉપયોગ કરી ઘણીજ લાંબી મુદતનો અનુભવ લેઇ એક ચમત્કારી દવાનું શોધન મેળવ્યું છે. આ દવા ખાવાથી સ્ત્રી ગર્ભ ધારણ કરે છે અને ગર્ભ ધારણ કર્યા પછી બચ્ચાંને જન્મ આપે છે. અને જન્મ આપ્યા પછી બચ્ચું રૂષ્ટપુષ્ટ થઇ દીર્ધાયુષ્ય ભોગવે છે. દવા ખાવાની સમજણ દવાની ડબી સાથે રાખવામાં આવે છે. આ દવા શરૂ કર્યા પછી ચાર માસની અંદર ગર્ભ ધારણ થાય છે. એકજ ડબ્બી વાપરવી પડે છે દવા કડવી કહેલી કે ખાતાં સુગ આવે તેવી નથી.

ડબી ૧ ની કિંમત રૂ. ૨-૮-૦.

ગર્ભવંતી સ્ત્રીઓને માટે અકસીર દવા.

મફત ! મફત ! મફત !

ગર્ભવંતી સ્ત્રીઓને માટે આ દવા ઘણી અકસીર છે અને અમે હજારો ગર્ભવંતી સ્ત્રીઓને આરામ કરેલો છે. ગર્ભવંતી સ્ત્રીઓને ગમે તે દરદ હોય તે વખત તે બાઇને કેટલા મહિનાનો ગર્ભ છે (કેટલામો મહિનો જાય છે.) અને તે કઈ તીથી અગર તારીખે તે મહિનો બેઠો, (જે વખત બાઇ અજારી હોય તે વખતનો લખી મોકલવો) અને તેની સાથે ફક્ત રૂ. ૦-૬-૦ છ આનાની ટીકીટો મોકલવાથી પોસ્ટ માર્ફત દવા મોકલવામાં આવશે. વાપરવાની હકીકત દવા સાથે રાખવામાં આવે છે.

સુવા રોગનાં પડીકાં-કવાથ.

આ પડીકાંથી સુવાવડના તમામ રોગો મટે છે. પ્રસવની વખતે સ્ત્રીને બીગાડ રહી જઇને વ્યાધી થાય છે તે આ પડીકાંથી દુર થાય છે. કોઇ સ્ત્રીને ધાવણ ખરાબ હોય, અગર કોઠે રતવા હોય, અગર વાયડો એટલે વાયાનો

કોઠા હોય અને છોકરાંને વરાધ થતી હોય અગર ગડગુમડ નીકળી છોકરાંનો નાશ થતો હોય, પેટમાં આફરો હોય એવાં ઘણી જાતનાં દરદોથી સ્ત્રી તથા પોતાનાં બાળકને મુકત રહેવું હોય તો આ સુવા રોગનાં પડીકાં વાપરો. સુવા રોગનાં પડીકાં સુવાવડનાં તમામ દરદો મટાડે છે અને ધાવણ સાફ કરે છે, ભૂખ લગાડે છે, ઝાડો મટાડે છે, પીત, વાયુ અને કફને સરખી સ્થીતિમાં (નિરોગી) રાખે છે. જે સ્ત્રીએ પોતે નિરોગી રહેવું હોય અને પોતાનાં બચ્ચાં તન્દુરસ્ત રાખવાં હોય તેણે અવસ્ય અમારાં સુવા રોગનાં પડીકાં વાપરવા ચુકવું નહીં.

પડીકાં નંગ ૮ ની કિંમત રૂ. ૧-૦-૦

લોહીવા.

(જેને પ્રદર પણ કહે છે.)

આ દરદ સ્ત્રીઓનેજ થાય છે. આ દરદ બે જાતનાં છે. (૧) લોહીવા (રક્ત પ્રદર) પણ કહે છે અને તે દરદથી સ્ત્રીને દરેક દિવસે એક રૂપિયા ભારથી લગભગ વીશ રૂપિયાભાર સુધી લોહી વહે છે, અને સાંભળવા પ્રમાણે કેટલીક સ્ત્રીઓ તેથી પણ વધારે લોહીનું જવું બતાવે છે. તેવાં દરદો ને અમારી દવાથી પહેલે દીવસે આરામ થાય છે અને ત્રણ દીવસમાં દરદ બીલકુલ મટી જાય છે.

(૨) બીજા પ્રકારનાં દરદને શ્વેત પ્રદર કહે છે તેને કેટલીએક સ્ત્રીઓ ધાત જવી સમજે છે. તે પણ અમારી દવાથી મટે છે.

લોહીવા (રક્ત પ્રદર) ની દવાની ડબી ૧ ની કિંમત રૂ. ૨-૮-૦

શ્વેત પ્રદરની દવાની ડબી ૧ ની કિંમત રૂ. ૨-૮-૦

"યોની રોગ નીવારણ ગુટીકા."

આ ગોળીયો સ્ત્રીઓને યોનીના તમામ રોગ એટલે સુંટ, ખુજલી, ધાતનું જવું વીગેરે તમામ દરદો વાપરવાથી મટે છે. તેમજ સકોચને માટે આ દવા ઘણીજ અકસીર છે.

ગોળી ૨૦ ની ડબી ૧ ની કિંમત રૂ. ૧-૦-૦.

"નાનાં બચ્ચાંના માટે ભારની ગોળી"

આ ગોળી એવી ચમત્કારી છે કે બાળક ભરાઈ ગયું હોય (ભાર રહ્યો હોય) અને તેથી ઘણી બીમારી ભોગવતું હોય તોપણ એક ગોળી આપવાથી ૭ કલાકમાં ફાયદો કરે છે. અને અઠવાડીએ અગર પખવાડીએ એક એક ગોળી વાપરનાર બચ્ચાંને કોઈ પણ જાતનો રોગ થતો નથી અને દીર્ઘાયુષ્ય ભોગવે છે. વાપરવાની હકીકત ડબી સાથે રાખવામાં આવે છે.

ગોળી ૬૪ ની ડબી ૧ ની કિંમત રૂ. ૧-૦-૦.

બાળકપુષ્ટ.

આ દવા બચ્ચાંનાં તમામ દરદોનો નાશ કરી શરીર પુષ્ટ કરે છે. છતી માએ જે બાળકો ઊછરી શકતાં નથી એવાં બાળકોને આ દવા ઊછેરી આપે છે.

ડબી ૧ ની કિંમત રૂ. ૦-૮-૦.

વ્યાધીહર તેલ.

આ તેલથી થતા ફાયદા—આ તેલ એવું ચમત્કારી છે કે માથામાં જાથુ નાખનારને ધોળા વાળ (પળીયાં) આવતાં નથી. ધાતુ વધારે

છે અને માથાનાં દરદો જેવાં કે ઊંદરી, કીડ, ખોડો, વીગેરે મટાડે છે. ખરી પડતા વાળ અટકાવી કાળા સુંવાળા કરે છે. તે સાથે મગજ ઠંડું કરી આંખને નજરો, ઝાંખ, ઝામર, વીગેરે દરદોને અટકાવે છે. અને શરીરની કાન્તી વધારે છે.

શરીરે ચોળીને નહાવાથી ખસ, લુખસ,નુ ખરજવું, દાદર, ગડગુમડ તેમજ તજાગરમીથી થતાં દરદો :સારાં કરે છે અને શરીરને ખુબસુરત કરે છે. કાનમાં નાખવાથી હરેક પ્રકારના સણકા (ચસકા) પરૂ વીગેરે કાનના દરદોનો જડમુળથી નાશ કરે છે. સ્ત્રીઓને માટે અમારૂં બનાવેલું તેલ ઘણું ઉપયોગી છે. કારણ કે સ્ત્રીઓને ગમે તે બીમારીથી માથાના વાળ ખરી પડતા હોય તો એકવાર અમારૂં તેલ વાપરો અને ખરી પડતા વાળને અટકાવી બીજી સ્ત્રીઓને વાપરવા ભલામણ કરો.

એક રતલની બાટલી ૧ ની કિંમત રૂ ૧-૦-૦
અડધા રતલની બાટલી ૧ ની કિંમત રૂ. ૦-૮-૦.
પા ૦ા રતલની બાટલી ૧ ની કિંમત રૂ. ૦-૪-૦.

વાઇ (મરઘી વાયા)ની રામબાણ દવા.

આ દરદથી માણસ:બેભાન થઇ ભોંયપર પડે છે અને આખા શરીરના અવયવો ખેંચાય છે તેમજ કેટલાકને મોઢે ફીણ પણ આવે છે અને તેને લીધે કેટલાક આવાં દરદવાળાની જીંદગી જોખમમાં આવી પડે છે તેને માટે આ અમારી:દવા ઘણીજ અકસીર છે.

ડબી ૧ ની કિંમત:રૂ. ૨-૦-૦.

દાદર.

વાદળાંના વખતમાં બહુજ દુઃખ દેછે અને તે રાતી, કાળી વીગેરે હોય છે અમારી દવા તમામ જાતની દાદર મટાડે છે.

શીશી ૧ ની કિંમત રૂ. ૦-૪-૦.

દાંતનું મંજન

આ દવા દાંતનાં તમામ દરદોને થોડી મુદતમાં નાબુદ કરી જીવીત પર્યંત ટકાઊ કરે છે. વળી મોઢાની દુર્ગંધ તથા ગરમીથી પડેલાં છાલાં વીગેરે મટાડે છે.

ડબી ૧ ની કિંમત રૂ. ૦-૪-૦.

વજર દંતમંજન.

વજર દંતમંજન કોઈ પણ વીકારથી અગર જઈફ અવસ્થાથી (ઘડપણથી) દાંત હલી ગયા હોય તેને મજબુત કરી ટકાવી રાખે છે અને દાંતનાં પેઢાંમાં ચડેલો સોજો તુરત ઊતારે છે.

તોલા ૨ાા ની ડબી ૧ ની કિંમત રૂ. ૧-૦-૦.

યોગરાજ ગુગળ.

તમામ જાતના વાયુ (સંધીવા) પક્ષાઘાત વીગેરેને આરામ કરે છે.

ગોળી ૨૦ ની ડબી ૧ ની કિંમત રૂ. ૧-૦-૦.

નાગાઅરજુન ચુરણ,

અથવા વછનાગાદી ચુરણ.

આ ચુરણ નીયમ પ્રમાણે લેવાથી ખોરાક પચાવે છે, પેટમાંનું વાયુ મટાડે છે, ઝાડો સાફ લાવે છે તેમજ ધાતુમાં વધારો કરે છે તેમજ ઘણું સ્વાદીષ્ટ છે.

ડબી ૧ ની કિંમત રૂ. ૧-૦-૦

રેચ [જુલાબ.]

નં૦ ૧ (અશ્વ ગોળી) આ જુલાબ બીજા કેટલાએક જુલાબોની પેઠે પેટમાં અંબળાતો (દરદ) કરતો નથી. અને તેનાથી ખસ, ખુજલી, વીસફોટક, ચાંદી, બદ. કબજીયત બળોલ, વીગેરે દરદોને ફાયદો કરે છે અને પેટમાં વાયુ કરતો નથી, તેમજ આ જુલાબ વાપરનાર શખ્સોને નીરોગી રાખે છે.

ગોળી ૧૦૦ ની ડબી ૧ ની કિંમત રૂા. ૧-૦-૦

નં૦ ૨ (મન ઇચ્છીત) તમારે જુલાબ જેટલા ફેરા લગાડવાની ઇચ્છા હોય તેટલાજ ફેરા જુલાબ થશે. આ જુલાબ સ્વાદીષ્ટ છે તેમજ ઘણાં દરદોનો નાશ કરે છે.

પડીકાં નંગ ૧૬ ની ડબી ૧ ની કિંમત રૂા. ૧-૦-૦

નં૦ ૩ (અભય મોદક) આ જુલાબની એક ગોળી ટાઢાં પાણીમાં ખાઈ જવી (ગળી જવી) પછી જુલાબ થવા માંડશે. તમારી મરજી પ્રમાણે જુલાબ વાળવો (બંધ કરવો) હોય એટલે તુરતજ ઊનું પાણી પીવું કે જુલાબ બંધ થઇ જશે. આ જુલાબ જલંદર, ભગંદર, કઠોદર, વીસફોટીક વીગેરે દરદોનો નાશ કરે છે.

ગોળી ૧૬ ની ડબી ૧ કિંમત રૂા. ૧-૦-૦

ગિરિચુર.

મુખ પાકની અકસીર દવા.

આ દવા મોઢાની અંદર ચાંદાં, ફોલ્લા, અવાળુ, ચાંદી આગરૂ, મુખપાક (મોઢાનું આવી જવું) પેઢાનું ઉપડવું વિગેરે મોઢાની અંદરનાં તમામ દરદોનો નાશ કરે છે.

ડબી ૧ ની કિંમત રૂા. ૧-૦-૦

વિજય રસ.

વિજયરસ ચુરણુ છે તે અમૃતસમાન છે. શરીરના તમામ રોગ મટાડે છે. વિજયરસ વાપરનારને મુંઝારો, ત્રીદોશકે પ્લેગ થતા નથી. હરસ ગુદભ્રષ્ટના રોગ મટાડે છે, પેટનાં તમામ દરદો મટાડે છે. બચ્ચાંને વિજય રસ આપવાથી વરાદ, વાવળી, ઉધરસ, ઉટાંટીઓ, રતવા વીગેરે દરદો થતાં નથી. વીજયરસ દરેક માણુસને ઝામર, માથાંનો દુઃખાવો, મસ્તકસૂળ, આદાસીસી, નેત્રમાં આગ લાગવી, તજાગરમી, અજીરણુ, ઉલટી વીગેરે તમામ દરદો મટાડે છે. ખાસ પરેજ નથી.

ડબી ૧ ની કિંમત રૂ. ૧-૪-૦

કીરતી રસ

આ કીરતીરસની ગોળીઓ છે, તે ત્રીદોસ, મુઝારો, અને સનેપાત મટાડવામાં અકસીર છે.

ગોળી ૯૨ ની ડબી ૧ ની કિંમત રૂા. ૧-૦-૦

વરાદની રામબાણ દવા

આ દવા નાનાં બચ્ચાંને વરાદ, વાવળી, હાંફણ વીગેરે એકજ દિવસમાં મટાડે છે.

ડબી ૧ ની કીંમત રૂ. ૧-૦-૦

રોમ શત્રુ અથવા બાલ સફાની રામબાણ દવા.

આ દવા શરીરના ગમે તે ભાગના અથવા છુપી જગોના બાલ એ મીનીટમાં વગર ઇજાએ સાફ કરે છે. તેમજ ચામડીનો રંગ બદલાતો નથી તેમજ ચામડી સુંવાળી થાય છે. માટે એક વખત સ્ત્રીઓને વાપરવા ખાસ ભલામણ છે.

ડબી ૧ ની કિંમત રૂા. ૦-૫-૦

ઝાંમરની રામબાણ દવા.

માથાંમાં ઝાંમર ચડે છે તેને મટાડે છે. માથાનાં તમામ દરદો વિગેરે મટે છે. આંખોમાં ઝમતું પાણી બંધ કરે છે. ઝામરથી થતા રોગો અને પીડા આ દવા તરત મટાડે છે.

ડબી ૧ ની કિંમત રૂા. ૧-૦-૦

સરપ અને અફીણની રામબાણ દવા

આ દવા એવી ચમત્કારી છે કે, તે સરપના ઝેરને તેમજ અફીણના ઝેરને તરત નાબુદ કરે છે. આ દવાથી કોઇપણ પ્રાણીનું સરપના અને અફીણના ઝેરથી મૃત્યુ થતુંજ નથી.

॥ શ્રી ૧ા ॥



દેવતાઓમાં ઉત્તમ સિદ્ધિ આપનારા અને વિઘ્નોને હરનારા ગણપતિને, તથા જ્ઞાનરૂપી નેત્ર આપનારા ગુરૂને અને ઇચ્છિત આપનારા ઈષ્ટ દેવને વન્દન કરૂં છું. આ પૃથ્વી ઉપર આયુર્વેદનું (વૈદકનું) આવવું થયું તે-માંથી તત્વ પ્રથમ તો લખું છું.

આયુર્વેદનાં લક્ષણ.

આયુષ્ય, હિત, અહિત, વ્યાધિ, નિદાન, તથા શમન, એ પંચ વાનાં જેથી જાણી શકાંય તેને વિદ્વાનો આયુર્વેદ અથવા વૈદક કહે છે.

આયુર્વેદ વૈદક વિદ્યાનું ફળ.

વૈદક વિદ્યાના જ્ઞાનથી પુરૂષ આયુષ્ય મેળવે છે અને જાણેછે તે-ટલા માટે તેનું નામ આયુર્વેદ પડેલું છે.

વૈદકની ઉત્પત્તિ.

આયુર્વેદ રૂપી મહાસાગરમાંથી મહા બુદ્ધિમાન મુનિઓએ યત્નવડે યોગરૂપી રત્નોને મેળવીને પોતપોતાના ગ્રંથો સાચવી રાખેલા છે. તે રત્નો વડે સર્વ મનુષ્યોના રોગ મટાડવા માટે આ ગ્રંથ પ્રકાશ કરેલ છે. પરી-બ્રહ્મ પુરૂષોત્તમ નારાયણની કૃપાથી “ વૈદ્ય ગિરિધર નામનો ગ્રન્થ સર્વે એ ભણવો જેથી વ્યાધીરહીત થશે.

જ્વર (તાવ)

રોગ માત્રનો રાજા: જ્વર (તાવ) કહેવાય છે. માટે પ્રથમ હું તેને માટેજ લખું છું.

જ્વર (તાવ) ની ઉત્પત્તિ.

ક્રોધ પામેલા મહાદેવના નિશ્વાસમાંથી આઠ પ્રકારનો જ્વર (તાવ) ઉત્પન્ન થયો છે. ક્રોધથી ઉત્પન્ન થયો માટે તે પિત્તવાળો છે કારણ કે ક્રોધથી પિત્ત થાય છે. આ વિષે ભાવમિશ્ર અને ચરક જેવા મહા વિદ્વાનનો પણ આજ મત છે.

અયોગ્ય અહાર વીહારથી આમાશયમાં રહેલા દોષો બહાર નીકળી રસને દુષિત કરીને કોઠાની અગ્નિને ફેલાવીને જ્વરને ઉત્પન્ન કરે છે.

જ્વર (તાવ) ઉત્પન્ન થવાનાં ચિન્હો.

જ્વર ઉત્પન્ન થવાનો હોય ત્યારે થાક, અણગમો, વિવર્ણતા, આંખમાં આંસુ, વારંવાર ટાઢ, તડકો તથા પવનની ઇચ્છા તથા દ્વેષ, બગાસાં, અંગમાં કળતર તથા ભારેપણું, રૂવાટાં ઉભાં થવાં, અરૂચિ, તમ્મર, આનંદનો અભાવ, અને ટાઢ વીગેરે થાય છે.

જ્વર (તાવ)નાં નામ.

વાત જ્વર, પિતજ્વર, શ્લેષ્મિક (કફજ્વર) વાતપિત્તજ્વર, વાત કફજ્વર, પિત્તકફ, ત્રિદોષજ્વર એટલે વાયુ પિત્ત અને કફ એ ત્રણે દોષથી થએલો અને આઠમો આ ગંતુજ એટલે વ્યથા વીગેરેથી થએલો જ્વર આ તમામ જ્વરનો અમારી "તાવની રામબાણ" દવા નાશ કરે છે.

રસધાતુને તાવ રોકી દેછે તેથી શરીર બહુ ઊનું થાય છે. એટલે જેને બહુજ તાવ આવ્યો આપણે કહીએ છીએ તેવા આકરા તાવમાં અમારી તાવની રામબાણ દવા તુરતજ તાવ ઊતારે છે.

અમારી તાવની રામબાણુ દવા ગમે તેવો આકરો તાવ આવેલો હોય તે વખતે લેવાથી તુરત તાવ ઊતારે છે અને તાવ ઉતર્યા પછી લેવાથી તાવ બીલકુલ આવતો નથી.

જ્વરમાં સ્નાન, મૈથુન, કસરત, શીતળ જળ, ક્રોધ, પવન અને ભોજન (ભારે ભોજન) એટલાનો ત્યાગ કરવો.

જ્વરમાં વૈદકના ગ્રંથોમાં લાંઘણુ (ઊપવાસ) કરાવવા લખ્યું છે પણુ કેટલાક કારણુ માટે અમો તો હલકો ખોરાક આપવા લખીએ છીએ. તાવ—આ રોગ એવો તો ખરાબ છે કે તેથી ઘણા શખ્સોને ભયંકર પરીણામ આવેલાં છે. તાવની ચિકિત્સા ન કરવાથી અર્થાત તરત દવા ન કરવાથી ધીમે ધીમે તે નરમ પડી હાડમાં પેસે છે. જેને જીરણુજ્વર અથવા હાડીતાવ કહેછે અને પછી તે અંદર રહી ધાતુ તાવેછે, કફ, વાયુ, વીગેરે ઉત્પન્ન કરે છે. છેવટે ક્ષય (ધાતુક્ષય) જેવો રોગ કરી મરણુ નીપજાવે છે. માટે સજ્જનોએ જેમ બને તેમ તાવની દવા તત્કાળ કરવી જેથી બીજા રોગોના ઝપાટાથી બચી જવાય. તાવની દવા તો દરેક માણુસે પોતાના કુટુંબ માટે ઘરમાં તૈયાર રાખવી અને તાવનો તુરત નાશ કરવો એ દીર્ઘ આયુષ્ય ભોગવવાનો ઉપાય છે. માટે તમારે જો તાવથી તત્કાળ મુક્ત થવું હોય તો વૈદ્ય શા. ગિરધરલાલ કહાનજીની બનાવેલી "તાવની રામબાણુ દવા" વાપરો કોઇ રીતે ના ઉતરતો તાવ આ દવાથી ઉતરે છે. આ તાવની રામબાણુ દવા તમામ જાતના એટલે દહાડવો, એકાંતરીયો, ચોથીયો, ઊનીયો, તાઢીયો, તથા ચાલતા જમાનાના નવી નવી જાતના તમામ તાવોને આ દવા તુરતજ ઊતારે છે. વળી અમો એવી સરત કરીએ છીએ કે વૈદ્ય શા. ગિરધરલાલ કહાનજીની દવાથી ચોથીયો તાવ ન ગયો એમ સાબીત કરનારને રૂ. ૧૦૦ સો ઇનામ આપીશું.

માટે આવી દવાનો લાભ લેવાં કોણુ ચુકશે ?

ઉપરની તાવની રામબાણુ દવામાં કોઈ જાતની પરેજ નથી અને તે

દવા અમારી પોતાની બનાવેલી છે. માટે સ્વદેશાભીમાની સજ્જનોએ તો આ દવા અવસ્ય વાપરવી જોઇએ અને ધર્મવાળાને પોતાનો ધર્મ સાચવવા માટે પરદેશી દવા નહીં વાપરતાં આ દવા વાપરવી જોઇએ.

આ દવા ગ્રહસ્થોએ ઘરમાં રાખવા લાયક છે, ધરમાદા આપવા લાયક છે, વેપાર કરવા લાયક છે, અને બીજાં સગાંસબંધીને આ દવા વાપરવા ભલામણ કરવા લાયક છે. કારણ કે આ દવા કોઇ પણ જાતના તાવને ઊતાર્યાં વગર રહેતી નથી.

તાવ સાથે બીજાં દરદ હોય તેનો ઉપાય.

તાવ સાથે ઝાડાનું દરદ હોય તો તાવની દવા સાથે ઝાડાની દવા વાપરવી, તાવની સાથે ઉધરસ હોય તો ઉધરસની દવા વાપરવી. એ રીતે જેજે રોગમાં બીજા રોગો હોય તેની સાથે તે રોગોની દવા વાપરવાથી સર્વે રોગોની શાન્તી થશે.

સનિપાત જ્વર (ત્રીદોષ) મુંઝારો,

ત્રીદોષની ઉત્પત્તિ કરનારા પદાર્થો ખાવાથી વાત, પિત્ત, અને કફ, આમાશયમાં જઇને રસને દુષિત કરીને કોઠા માંહેલા અગ્નીને બહાર કાઢીને જ્વર ઉત્પન્ન કરે છે.

સનિપાતનાં લક્ષણો.

ક્ષણમાં દાહ, અને ક્ષણમાં શીત, હાડકામાં અને સાંધાઓમાં તેમજ માથામાં પીડા, નેત્રો દુષ્ટ આંસુવાળાં, અને રાતાં, તથા વાંકાં થવાં, કાનમાં અવાજ, અને પીડા, કંઠમાં કાંટા, ઘેન, મોહબકવા, ઉધરસ, શ્વાસ અરૂચિ, ભ્રમ, અંગોમાં શિથિલતા, બળતરાવાળી તથા ખરસી જીભ, કફ સાથે મિશ્ર થએલ રક્તપિત્તનું સૂકાવું, માથામાં કંપ, તરસ, નિંદ્રાનો નાશ, છાતીમાં પીડા, પરસેવો તથા મુત્ર તથા ઝાડો બહુ અથવા મુદલ નહિ,

ગળામાં ઘરઘરાટ, અએ.લાપણું, ઉદર (પેટમાં) ભાર જેવું. વીગેરે લક્ષણો સનિપાત જ્વરનાં છે અને કેટલાકને તેમાંથી થોડાં પણ થાય છે. સનિપાત જ્વર એ મૃત્યુ છે માટે સનિપાત જ્વરમાં વૈદે બહુ કાળજી રાખી દવા કરવી.

સનિપાત તેર જાતનો છે. અને તેના બીજા ૨૬ પ્રકાર પણ મહર્ષિઓએ કહેલા છે તે તેનાં ચિન્હ ઉપરથી કહેલાં છે.

સનિપાતજ્વર એવો ભયંકર છે કે મહર્ષીઓએ સનિપાતને માટે પરમેશ્વર વૈદ છે, ગંગાજળ ઔષધ છે અને નિરોગી થવાનો હેતુ માત્ર એક મૃત્યુંજ, એટલે મહાદેવ છે. માટે તેનું નિત્ય ધ્યાન કરવું જોઇએ. અર્થાત સનિપાત એજ મૃત્યુ છે. માટે તેને માટે બહુ કાળજીથી દવા કરવી.

સનિપાતવાળા દરદીને સ્નાન ન કરાવવું. ઘી, તેલ, ખાંડ, સાકર અને તેઓના પદાર્થ ક્રોધ વીગેરેનો ત્યાગ કરવો.

સનિપાતના દરદીને લાંઘણ (ઉપવાસ) શ્રેષ્ટ છે. કદાપી લાંઘણ ન થાય તો સાબુચોખાની કાંજી કે મગચોખાની ખીચડી આપવી. દૂધ અપાય તેનો બાધ નથી. સનિપાતજ્વરવાળાને પણ અમારી તાવની રામબાણ દવા આપવી જેથી ઘણાને આરામ થયો છે.

સનિપાતજ્વરવાળાને ઝાડો પાતળો હોય તો તે બંધ કરવો. બીજી દવાથી બંધ ન થાય તો અમારી ઝાડાની દવા "સ્થંભનગુટીકા" ઝાડો બંધ થતાં સુધી વારંવાર એટલે કલાકે કલાકે આપવી. બંધ થયા પછી દિવસમાં ત્રણ વખત પચીને ઝાડો આવે ત્યાંસુધી આપવી.

સનિપાતજ્વરવાળાને સ્વાસ હોય તો સ્વાસકુઠારરસ આપવો અને અરડુશીનો ચટસ કે ઉકાળો આપવો.

સનિપાતજ્વરવાળાને ઉધરસ વધારે હોય તો એટલે કફ વધારે હોય તો અભ્રકભસ્મ અથવા સુવર્ણ વસંતમાલતી આપવી.

સનિપાતજ્વરવાળા દરદીને "શક્તિસજીવન યાને વીર્યનોઝરો" નામ

ની દવા ઘણો ફાયદો કરેછે માટે તે પણ આપવી.

સનિપાતજ્વરવાળાને વાયુનો વધારો હોય તો અથવા હેડકીનો ઉપદ્રવ એટલે હેડકી આવતી હોય તો પુર્ણ ચંદ્રોદયની માત્રા આપવી.

સનિપાતજ્વરવાળો દરદી બહુજ ભયંકર સ્થીતિમાં હોય તો નીચેનો કવાથ કરી નીચે પ્રમાણે વર્તવું.

કવાથ—ગંઠોડા, ઈંદ્રિજવ, ગોયોદેવદાર, વાવડીંગ, ભોરીંગ, ભાંગરો, ચીત્રો, સુંઠ, લીંડીપીપર, મરી, કાયફળ, ચવક, ગુગળ, અરડુસી, ઊપલેટ, અતિવિષની કળી, કરીયાતું, ઉભી ભોરીંગણી, બેઠી ભોરીંગણી, નગોડ, રાસના, ખુરાસાણી, કાળીપાટ, બોડીઅજમોદ આ ચોવીસ જણસો દરેક રૂપિયા રૂપિયાભાર લેવી અને તેનાં છ પડીકાં કરવાં. તેમાંથી એક પડીકું હાંડલીમાં આશરે પોણાબશેર પાણીમાં નાંખી ઉકાળી નવટાંક પાણી રહે એટલે ઊતારી નવશેકું રહે ત્યારે દરદીને પાઈ દેવું. અને તરતજ કફને માટે અભ્રકભસ્મ મધમાં ચટાડવી. અને સુવર્ણવસંતમાલતી પણ આપવી. સ્વાસકુઠારરસ પણ આપવો અને તાવને માટે તાવની દવા પણ આપવી. અને ઝાડા હોય તો ઝાડા બંધ થવાની પણ દવા આપવી. વાયાને માટે ચંદ્રોદયની માત્રા આપવી, જો માત્રા ન હોય તો શક્તિસજીવન યાને વીર્યનોઝરો આપવાથી પણ માત્રા જેટલો ફાયદો થાય છે. તેમજ તાવની રામબાણ દવા અને શક્તિસજીવનના ઉપાયથી પણ સનિપાતજ્વરનો નાશ થાય છે.

અતિસાર (ઝાડાનું દરદ).

ઉત્પત્તિ—ભારે, અતી ચીકણા, રૂક્ષ, ગરમ દ્રવસ્થુલ, અતિ શીતળ અને વિરૂદ્ધ ભોજનોથી, વિષમ ભોજન તથા અજીરણથી બહુ સ્નેહાદીકથી, મિથ્યા આહાર તથા વિષ અને ભયથી, શોક, ખરાબ પાણી, અને અતિ

મદ્યપાનથી, ૠતુના બદલાવાથી, જળમાં રમણુ કરવાથી, વાગવાથી અને કૃમિદોશથી માણુસને અતિસાર થાય છે.

અતિસાર થવાનાં ચિન્હ

હૃદય, નાભિ, પડખાં, પેટ, અને કુખમાં પીડા, ગાત્રોમાં ગ્લાનીપવનનો રોધ, દસ્ત બંધ, પેડુનો આફરો અને અપચો. એ અતિસાર થવાનાં ચિન્હ છે.

અતિસાર એટલે શું ?

રસ, જળ, મૂત્ર, પરસેવો, મેદ, કફ, પિત્ત, અને રક્ત વીગેરે દ્રવરૂપ ધાતુઓ વધી જઇને અગ્નીને ઠારી નાંખીને વાયુના બળથી વિષ્ટા સહીત નીચે ઊતરે છે.

એ ધાતુઓ પોતાની પ્રકૃતીને છોડીને નદીના પ્રવાહની પેઠે પાતળી થઈ નીચે ઉતરી ગુદાવાટે બહાર વહેછે, તેને અતીસાર કહેછે. એ અતિસાર છ પ્રકારનો છે. વાતથી થએલો, પીતથી થએલો, કફથી થએલો, ત્રણે દોશથી થએલો, શોકથી થએલો, અને આમથી થએલો. એ છ પ્રકારના અતિસારો છે. તેને માટે ઘણા ઉપાય છે પણ અમોએ તે અતીસારોને માટે સ્થંભન ગુટીકા નામની દવા ઘણી અકસીર બનાવેલી છે. અને તેથી તમામ પ્રકારના અતીસારો મટેછે.

અતિસાર (પાતળો ઝાડો થતો હોય) અને તે બહુવાર થતો હશે તોપણ સ્થંભન ગુટીકા એકજ દિવસમાં આરામ કરશે.

રક્તઅતિસાર—(ઝાડામાં અગર ઝાડાવાટે) લોહી પડતું હોય. આ અતીસારને માટે બીલીના ગરભ એક પૈસાભાર લઈ પૈસાભાર ગોળમાં મેળવી ખાવો અને તરતજ સ્થંભનગુટીકા ખાવી એવી રીતે દિવસમાં ત્રણ વખત કરવાથી નદીના પ્રવાહ જેવો પણ રક્ત અતીસાર મટે છે.

આંબ અતિસાર—ઝાડામાં પરૂ પડવું અથવા નકરૂં પરૂ ઝાડા વાટે પડવું તેને માટે એક પૈસાભાર શુંઠ, એક પૈસાભાર ગોળ અને એક પૈસા ભાર ઘી ચોળીને ખાઇ જવું અને તરત સ્થંભન ગુટીકા લેવી એવી રીતે દિવસમાં ત્રણ વખત કરવાથી ગમે તેવો આંબઅતીસાર મટેછે. અતિસારની સાથે બીજાં દરદો હોય તો તે દરદની અતિસારનો દવા સાથે દવા આપવી. જેથી બધાં દરદો મટશે. અતિસારવાળાએ જેમ બને તેમ હલકો ખોરાક ખાવો.

ઘણી લાંબી મુદતનો અતીસાર અમે અમારી સ્થંભન ગુટીકા તથા તેની સાથે શકતીસજીવન યાને વિર્યનોઝરો નામની અમારી દવા આપી અતી ભયંકર કોઈ રીતે ન મટતો એવો અતિસાર (ઝાડો) મટાડેલ છે માટે જુના અતિસાર (ઝાડા) ના દરદીએ ન મટતા અતિસાર અગર કોઈ પણ જાતનો રોગ ન મટતો હોય તેણે તે તે દરદમાં શક્તિસજીવન નું સેવન કરવું જેથી ગમે તેવો હઠીલો રોગ પણ મટેછે.

અતિસારના દરદીએ ઘી જેવા ભારે પદાર્થો ન ખાવા અને તાવ વીગેરે દરદો ન હોય તો અતિસારના દરદમાં છાશનું વધારે સેવન કરવું જેથી ઘણો ફાયદો થાય છે.

ગ્રહણી રોગ (સગ્રહણી).

ગ્રહણી રોગ થવાનું કારણ અતિસાર મટી ગયા પછી મંદાગ્નિ તથા અહિતકર ભોજનથી અગ્નિ બહુ કોપ પામીને તે ગ્રહણીને પણ દૂષિત કરેછે.

ગ્રહણીનું સ્વરૂપ.

અગ્નિધરા નામની કળાને ગ્રહણી કહેછે, ચરક કહેછે, કે અગ્નિને રહેવાનું સ્થાન અન્નને ગ્રહણ કરે છે. માટે તે ગ્રહણી કહેવાય છે. એ ગ્રહણી કાચાં અન્નને ધારણ કરે છે. અને પાકેલાને નીચે ઊતારે છે વળી સુશ્રુત કહેછે કે આમાશયની તથા પકવાશયની વચમાં રહેલી છઠી પિત્તધરા

નામની કળા ગ્રહણી કહેવાય છે, ગ્રહણીનુ બળ અગ્નિ છે અને તે અગ્નિ પણ ગ્રહણી કહેવાય છે. માટે અગ્નિ દૂષિત થએ ગ્રહણી પણ દૂષિત થાય છે. આનેજ આપણા લોકો સગ્રહણી કહેછે.

ગ્રહણીનાં લક્ષણો.

ગ્રહણી, ખાધેલા અન્નને ઘણીવાર કાચુંજ કાઢી નાંખેછે અને પાકું પણ કાઢેછે. એ અન્ન વેદનાયુક્ત, દુર્ગંધવાળું, વારંવાર બંધાયલું, વારંવાર પ્રત્રરૂપ એમ પડેછે. આ રોગને વૈદક જાણનારાઓ ગ્રહણીરોગ કહેછે અતિસારમાં દ્રવધાતુની પ્રવૃતિ થાય છે અને ગ્રહણીમાં તો મળની પણ પ્રવૃતિ થાય છે.

ગ્રહણી રોગ થવાનું કારણ તથા લક્ષણ,

તીખાં, કડવાં, તૂરાં, અતિરૂક્ષ, અતિટાઢાં અને વધારે પડતા ભોજનથી, પંથ કરવાથી, વિષ્ટાદીને રોકવાથી અને અત્યંત મૈથુન કરવાથી કોપેલો વાયુ અગ્નિને ઢાંકી દેઇને ગ્રહણીરોગ ઉત્પન્ન કરેછે.

ગ્રહણી રોગ વાયુ પ્રકરતીથી હોય તો તેમાં વાત પ્રકરતીના રોગ માલમ પડેછે પિત્તપ્રકરતી હોય તો પિત્તનાં લક્ષણો થાય છે અને કફ પ્રકરતી હોય તો કફ પ્રકરતીનાં દરદો થાય છે. જો ત્રણે દોષ એટલે વાત, પિત્ત, અને કફથી થએલ હોય તો ત્રીદોશપ્રકરતીનાં ચિન્હો થાય છે. ગ્રહણીમાં ખોરાક ઘણો હલકો ખાવો, તેમજ છાશ ઘણી ગુણકારી છે માટે તે પણ ખાવી.

ઉપાય—ગ્રહણી રોગમાં ધાતુ નબળી હોવાથી "શક્તિસઞ્જીવન યાને વિર્યનો ઝરો" નામની અમારી દવા વાપરવી જેથી ઘણોજ ફાયદો થશે.

ગ્રહણીમાં સ્થંભનગુટીકા વાપરવાથી પણ આરામ થાય છે. ગ્રહણીમાં માલતી વસાદી ચુર્ણ સંગ્રહણીને સારો ફાયદો કરે છે.

ચાલૂર (શ્રીફળચુર્ણ) પર અને લોહીવાળા સંગ્રહણીરોગને મટાડેછે.

અર્શ (હરસ.)

એક એક દોશના, સર્વ દોષોના. રક્તના, અને સહજ, એમ ગુદાની ત્રણ વળીયોની અદર છ પ્રકારના અર્શો થાય છે.

ગુદાનું પ્રમાણ સાડાચાર આંગળનું છે. એવું મહર્ષિઓનું કહેવું છે. અને એ ગુદામાં શંખના આવર્ત જેવી ત્રણ વળીયો છે. તેમાં પહેલી પ્રવાહણી, બીજી વીસર્જની અને ત્રીજી સંવરણી છે.

અર્શ (હરસ) નું પૂર્વ રૂપ એટલે હરસ થવાના હોય ત્યારે પ્રથમ નીચે પ્રમાણે રોગની ઉત્પત્તી થાય છે.

મળબંધ, દુર્બળતા, પેટમાં આફ્રો, બહુ ઓડકાર, પગ અથવા જાંગમાં કળતર, ઝાડો થોડો, મરડો, પડખામાં પીડા, અને પેટમાં દરદ આ સર્વ અથવા થોડા હરસ થવા પહેલાં ચિન્હો થાય છે.

ત્વચા (ચામડી) માંસ અને મેદને દુષિત કરીને જુદી આકૃતિના અંકુરો ગુદા વીગેરેમાં ઉત્પન્ન કરેછે તે અર્શ (હરસ) કહેવાય છે.

ગુદા શિવાય નેત્ર, નાભી, નાક, ને લીંગમાં પણ થાય છે.

પિત્તથી અર્શ થયા હોય તો દાહ, ગુદપાક, જ્વર (તાવ) પરસેવો, તરસ, મૂર્છા, અણગમો એ થાય છે અને જેજે પ્રકરતીથી થાય છે તેતે પ્રકરતીનાં લક્ષણો થાય છે રક્તાર્શમાં લોહી પડેછે.

અર્શ (હરસ) બહુ થોડું અથવા ઘણું જમવાથી તીક્ષણમદ્ય અને મેથુનથી, અપવાસથી, શોકથી, વધારે વાયુ અથવા તડકો ખમવાથી વીગેરે કેટલાંએક કારણોથી અર્શ (હરસ) થાય છે.

બહારની વળીમાં જેનું નામ સંવરણી છે તેમાં થોડા વખતથી એક દોષથી થએલા હરસ સુખસાધ્ય છે. બે દોષથી થએલા ગુદાની બીજી વળી (વીસર્જની)માં થએલા અને એક વરસ પહેલાં થએલા હોય તે હરસોને કષ્ટ સાધ્ય જાણવા.

ત્રણે દોષોથી થએલા હરસો અથવા ગુદાની છેલી વળી (પ્રવાહિની) માં થયા હોય તો તે અસાધ્ય જાણવા.

સુખસાધ્ય તુરત મટેછે. કષ્ટસાધ્યને મટતાં જરા વાર લાગે છે. અને અસાધ્યને તો બરોબર નિયમસર દવા કરે તોજ મટેછે. પણ જરા વધારે દવા વાપરવી પડેછે.

અર્શ:(હરસ)વાળા દરદીએ ગરમ ચીજ ન ખાવી જેથી સારો ફાયદો થાય છે. દવા તમામ જાતના હરસોને મટાડે છે.

હરસમાં ધાતુનું નબળાપણું (નીરધાતપણું) હોય છે. માટે શક્તિસજીવન તેમાં ઘણો ફાયદો કરેછે માટે દરદીઓને વાપરવા અમારી ખાસ ભલામણુ છે.

જઠરાગ્નિ મંદ.

કફની અધીકતાથી જઠરાગ્નિ મંદ પડેછે. પિત્તની અધિકતાથી તિક્ષણ થાયછે અને વાયુની અધિકતાથી વિષમ થાયછે અને ત્રણે દોષો સમ રહેવાથી સમસ્થિતિવાળા થાયછે. એ રીતે જઠરાગ્ની ચાર પ્રકારનો થાયછે.

આ જઠરાગ્નિ મંદ પડેછે તો બહુ થોડું ખાધેલું પણ પચતું નથી અને અજીરણ, ઉલટી તથા ગ્લાની થાયછે, લાળ ઝરેછે, અને માથું તથા પેટ ભારે થાયછે. વીગેરે ચિન્હો જઠરાગ્નિ મંદ પડવાથી થાયછે અને તેમાંથી ઘણી જાતના રોગો થાય છે.

ઉપાય—"શક્તિસજીવન યાને વિર્યનોઝરો જઠરાગ્નિ પ્રદિપ્ત કરેછે ખોરાક પચાવેછે અને ઝાડો સાફ લાવેછે.

વિજયરસ—નાગાર્જુનચુરણુ, અગ્નિકુમારરસ પણ જઠરાગ્નિને પ્રદિપ્ત કરેછે. જઠરાગ્નિવાળા દરદીને વાયુ કરતા ચીજની પરેજ રાખવાથી ફાયદો થાયછે.

ચંદ્રોદયની માત્રા, ગમેતેવીરીતે જઠરાગ્નિ મંદ પડ્યો હોય તોપણ તરત પ્રદિપ્ત કરેછે.

કોલેરા વિસુચી,

મૂર્છા, અતિસાર (ઝાડો) ઉલટી, તરશ, ભ્રમ, કળતર, બગાસાં, દાહ-વિવર્ણતા, કંપ, છાતીમાં પીડા, તેમજ માથામાં દરદ; એવાં એવાં ચિન્હો થાયછે, વળી નિંદ્રાનો નાશ થાયછે.

કોલેરાના દરદીને નીચેનાં ચિન્હો ઘાતીક છે.

દાંત, હોઠ, અને નખ કાળા થઇ જાય, અત્યંત બેભાની આવે, ઉલ-ટી થતી હોય, નેત્ર ઊંડાં જતાં રહે, સ્વર બેશી જાય અને સર્વ સાંધાઓ ઢીલા પડી જાય તે માણસ ભાગ્યેજ બચેછે. પણ આવી ભયંકર સ્થીતિ-વાળા દરદીઓને પણ અમારી કોલેરાની રામબાણ દવાએ ઘણાઓને આ-રામ કર્યા છે.

કોલેરા--મિતાહારી અને આયુર્વેદને જાણનારાઓને કોલેરા થતો નથી. પરંતુ મુંઢમનવાળા ઇંદ્રીયોને વશ નહિ રાખનારા, અને ખાઉધર લોકોને તે દરદ થાયછે.

ઉપાય--કોલેરાની રામબાણ દવા પણ અમારી તાવની રામબાણ દવા જેવીજ છે. અને તેથી ઝાડો, ઉલટી, તરશ, ગોટલા વીગેરે રોગ તુરત મટેછે.

જાવંત્રી, પીપળીમુળ, અને ધાણા વાટી, પાણી કરી, ઝામીને વારંવાર પીવાથી કોલેરા મટેછે.

અમારી સ્થંભન ગુટીકાથી પણ કોલેરા મટેછે.

કોલેરાનો ગમે તેવો ઉપદ્રવ ચાલતો હોય તેવી જગ્યોએ રહેનારા જો અમારી ઘાતમુક્ત નામની દવા વાપરે તો તેને કોલેરા થતો નથી.

ક્રમીરોગ (કયરમ)

ગોળ, દુધ, દહીં અને ખાટો થઇ ગએલ શેરડીનો રસ તેમજ અ-જીરણમાં જમનાર, મીઠાઈ ખાનાર,:ગોળ, લોટ અને મિશ્રિત પદાર્થો ખાનાર, કસરત નહિ કરનાર, અને વિરૂદ્ધ ભોજન કરનારને ક્રમિ થાયછે.

ક્રમિ બે પ્રકારના છે. બાહ્ય અને આભ્યંતર.

ક્રનિ, ઉત્પન્ન થયાનાં લક્ષણો–મોળ, લાળ, અરૂચી, અપચો, મૂર્છા, ઉલટી, જ્વર, આફરો, ઊધરસ, છીંક અને સળેખમ થાયછે. વળી એક જાતના ક્રમિઓ કોઢ ઉત્પન્ન કરેછે. તેમજ ક્રમિવાળા રોગીને ઓડકાર અને સ્વાસ, વિષ્ટા જેવા ગંધાયછે. ક્રનિવાળા રોગીનો વર્ણ પીળાશપર થાય-છે અને ગુદામાં ચળ થાયછે.

નીચેની વસ્તુનો ત્યાગ કરવાથી ક્રમિનો રોગ જલદી મટેછે.

દુધ, ઘી, દહીં, ભાજીપાલાનાં શાક, તેમજ ખાટું તથા મધુર, (મીઠાઈ) ક્રમિનો નાશ કરવાની ઇચ્છા રાખનારાએ ત્યાગ કરવો.

ઉપાય—ધાતમુક્તવારી તથા ક્રમિઘ્નચુર્ણ વાપરવાથી ગમે તેવો ક્રમિનો રોગ તુરત મટેછે.

ક્રમિરોગને માટે શક્તિસજીવન, ક્રમિના રોગ સાથે શરીરના તમામ રોગ મટાડેછે.

ક્રમિરોગમાં તાવ તથા ઝાડાનો રોગ હોય તો તે દવાની સાથે તાવની તથા ઝાડાની દવા વાપરવી. એટલે તાવની રામબાણદવા અને સ્થંભન ગુટીકા વાપરવી. ઉધરસ હોય તો બહુશલ્ય ગુટીકા વાપરવી.

પાન્ડુ–કમળો–કમળી.

ઘણો વિષય, ઘણા લોકોએ ભોગવેલી સ્રીનો સંગ કરવો; માંદી, રજ્વંતી,

સુવાવડી એવી સ્ત્રીઓનો સંગ કરવો, તેમજ વિષય કરવાની શક્તિ નહિ છતાં ઘણો વિષય કરવાથી શુક્રધાતુ નાશ થઈ પાન્ડુરોગ થાયછે, તેમજ સ્વપ્નામાં વિર્ય વારંવાર જવાથી અથવા હસ્તક્રિયાથી વિર્ય ક્ષલીત કરવાથી, તથા ઘણું સુરાપાન કરવાથી, ખાટાપદાર્થો ભક્ષણ કરવાથી; મટોડી ખાવાથી, તથા અતિ તેલવાળા પદાર્થો ખાવાથી, ઘણો ગાંજો પીવાથી, તેમજ માદક પદાર્થોથી પાન્ડુરોગ થાયછે.

પાન્ડુનાં લક્ષણ—ચામડીનું વીંખાવું, મોઢાંમાં કિંચિત થુક આવવું, મટોડી ખાવાઉપર ઇચ્છા, હાથપગ ગળી જવા, આંખોને થોથર આવવી, મળમૂત્ર પીળાશપર, અગ્નિ મંદ, વખત વિના ભૂખ લાગવી, કામનો કંટાળો, મન ઉદાસ, થોડોક જ્વર, (તાવ) ઉલટી, કોઈવિખત શ્વાસ, કોઈવખત ઉધરસ, એવાં લક્ષણો થાયછે.

કમળાનાં લક્ષણો—નેત્રો પીળાં હોય, ચામડી, નખ અને મુખ અત્યંત પીળાં થયાં હોય, વિષ્ટા તથા મુત્ર પીળાં અને રાતાં થયાં હોય, અને દેડકાના જેવો વર્ણ થઈને ઇંદ્રિયો હણાઈ ગઈ હોય; તે કમળાનાં ચિન્હો જાણવાં.

ઉપાય—(૧) પાન્ડુકમળો અને કમળીમાં ધાતુની નબળાઇ હોવાથી શક્તિસજીવન યાને વિર્યનો ઝરો, ધાતુ વધારી, પાન્ડુકમળો અને કમળી તુરત મટાડેછે.

ઉપાય—(૨) ચંદ્રપ્રભા ગુટીકા, ઉપરના રોગોને માટે ઘણી અકસિર દવા છે; તે, ત્રણેરોગનો નાશ કરી, કાંન્તિ ચંદ્રમાનાજેવી કરેછે તેમજ ધાતુ વધારેછે.

ઉપાય—(૩) ગજવેલ ભસ્મ (મંડુર) આ દવા પણ ત્રણેરોગને માટે અકસિર છે; તે લોહી સુધારી રોગોનો નાશ કરેછે.

ઉપાય—(૪) વિજયરસ, પીત્તકમળી, કમળો અને પાંડુના દરદોને આરામ કરેછે; તેમજ તે દરદોનેમાટે, વિજયરસ રામબાણ છે.

ઉધરસ (ખાંસી)

ધુમાડો ખાવાથી, રજ ખાવાથી, અતી કસરતથી (મહેનતથી) રૂક્ષ અન્નો ખાવાથી, ભોજન અવળેમારગે જવાથીં, વેગો તથા છીંકને રોકવાથી, તથા કફકર્તા પદાર્થો, જેવાકેઃ-તેલ, મરચું વીગેરે ખાવાથી દુષ્ટ થએલો પ્રાણવાયુ, ઉદાનવાયુનીસાથે મળીજઇને ભાંગેલાં કાંસાંના અવાજસહીત મુખમાંથી જોર કરી નીકળેછે તેને ઉધરસ કહેછે.

ઉધરસની સંખ્યા.

વાત, પિત્ત, કફ, ક્ષત, અને ક્ષયથી થએલી એમ પાંચ પ્રકારની ઉધરસો છે. ક્ષય શીવાય ઉપરની ચાર ઓછી બળવાન છે માટે તે વહેલી મટેછે.

ઉધરસ થવાની હોય તેનાં ચિન્હ.

ગળું તથા મુખ કાંટાથી ભરાયા જેવું લાગેછે, ગળામાં ચળ થાય છે અને કોળીયો ઉતરતાં ગળામાં પીડા થાયછે.

વાયુથી થએલ ઉધરસનાં લક્ષણ તથા ઉપાય.

વાયુથી ઉધરસ થાયછે તો છાતી, લમણા, પડખાં, પેટ અને માથામાં શૂળ (પીડા) થાયછે મોઢું દુબળું થાયછે અને બળસ્વર ક્ષીણ થઇ જાયછે સ્વરભેદ થઇને ખોં ખોં થયાં કરેછે એટલે સ્વર ભારે થઇ અથવા બગડી ખોં ખોં થયાં કરેછે. તેનો ઉપાય નીચે પ્રમાણેઃ-

ઉપાય—બહુશલ્યગુટીકા (ઉધરસની રામબાણ દવા) આ ઉધરસને તુરત મટાડેછે.

પિત્તથી થએલ ઉધરસનાં લક્ષણો અને ઉપાય.

પિત્તથી ઉધરસ થાય તો છાતીમાં બળતરા, જ્વર (તાવ) મુખ-શોષ, મુખમાં કડવાશ, તૃષા અને પીળી તથા તીખી ઉલટી થાયછે અને કોઇને પાન્ડુરોગ, દાહ થઇ ઉધરસ આવ્યા કરેછે.

ઉપાય—(૧) બહુશલ્યગુટીકા (ઉધરસની રામબાણ દવા) આરામ કરેછે.

ઉપાય—(૨) સીતોપ્લાદી ચુર્ણ પણ આ ઉધરસને ફાયદો કરેછે.

ઉપાય—(૩) શક્તિસજીવન પણ ફાયદો કરેછે.

કફની ઉધરસનાં લક્ષણો અને ઉપાય.

કફની ઉધરસમાં મુખ, કફથી ચોપડાએલું, વ્યથા, માથું દુઃખવું, અરૂચિ, ગળામાં ચળ, અને જાડાકફના બડબડાટ તથા જાડા બડખાવાળી ઉધરસ બહુ આવ્યા કરેછે.

ઉપાય—(૧) બહુશલ્યગુટીકા (ઉધરસની રામબાણ દવા)

ઉપાય—(૨) સીતોપ્લાદી ચુર્ણ.

ઉપાય—(૩) શક્તિસજીવન યાને વિર્યનો ઝરો.

ક્ષતની ઉધરસનાં નીદાન તથા લક્ષણો અને ઉપાય.

અતિ મૈથુન (સ્ત્રીસંગ) અતિ ભાર ઉપાડવો, અતિ ચાલવું, અતિ યુદ્ધ કરવાથી, રૂક્ષ માણસની છાતીમાં ક્ષત થઇને વાયુથી ઉધરસ થાયછે. આ ક્ષતની ઉધરસ જે માણસને થાયછે તે પ્રથમ સુકી ઉધરસ ખાયછે. અને પછીથી બડખામાં લોહી પડેછે, ગળું બહુ ધ્રુધવેછે, છાતી ભાગી જતી હોય તેમ તેમાં તીક્ષણ સોઇઓ ભોંકાયછે, છાતીમાં સુળ તથા તે જગ્યોએ અડતાં બહુ દુઃખેછે, સાંધાઓ તુટેછે, ભેદાયાજેવી પીડા તથા અભીતાપ બહુ થાયછે, સ્વાસ, જવર અને તૃષા લાગેછે, અવાજ બેસી જાયછે અને ઉધરસ કબુતરની પેઠે ધ્રુધવેછે.

ઉપાય—(૧) બહુશલ્યગુટીકા (ઉધરસની રામબાણ દવા)

ઉપાય—(૨) અભ્રકભસ્મ.

ઉપાય—(૩) શક્તિસજીવન યાને વિર્યનો ઝરો.

ઉપાય—(૪) ચંદ્રપ્રભા ગુટીકા.

ઉપાય—(૫) તામ્રસ્વ રસ.

ઉપાય—(૬) સીતોપ્લાદી ચુર્ણ.

ક્ષયથી થએલ ઊધરસનાં કારણ, લક્ષણો અને ઊપાય.

વિષમ અને અતિઅહિતકર ભોજનથી અતિ મૈથુન, (સ્રીસંગથી) મુત્રાદી વેગોને રોકવાથી, અત્યંત દયા ઉપજવાથી તથા શોક કરવાથી જઠરાગ્નિ બગડી જઇને અને ત્રણે દોષો કોપ પામીને ક્ષય કરનારી ઉધરસને ઉત્પન્ન કરેછે.

લક્ષણો—શરીરમાં શળ, મોહ, દાહ, અને જ્વર (તાવ) થાયછે. ઇંદ્રિયો નબળી પડી જાયછે, સુકું થુંક પડેછે અને, બળ તથા શરીર ક્ષીણ થઇને ઘણા પરૂવાળું લોહી મુખમાંથી નીકળેછે. આ ક્ષયની ઉધરસ જો સર્વ પુરાં લક્ષણોવાળી હોય તો તેની ચિકીત્સા અશક્ય છે એવું વૈદ્ય શાસ્ત્રીઓ કહેછે.

ઉપાય—(૧) કામદેવરસ

ઉપાય—(૨) બહુશલ્યગુટીકા (ઉધરસની રામબાણ દવા)

ઉપાય—(૩) અભ્રકભસ્મ

ઉપાય—(૪) શક્તિસઝીવન યાને વિર્યનો ઝરો.

ઉપાય—(૫) સુવર્ણવસંત માલતી.

ઉપાય—(૬) ચંદ્રપ્રભા ગુટીકા.

ઉપાય—(૭) તામ્રસ્વ રસ.

ઉપાય—(૮) સીતોપ્લાદી ચુર્ણ.

ક્ષયરોગ.

ક્ષયરોગ, વેગોને રોકવાથી, ક્ષીણતાથી, અકસ્માત વિષ ખાવાથી, ત્રિદોષ

થઇને એ ચાર પ્રકારથી થાયછે

માણુસ જો વાયુ, મુત્ર, મળ વીગેરેના વેગોને રોકેછે તો રોગો ઉત્પન્ન થાયછે.

મૈથુન, ઉપવાસ, અને ઇર્ષા એ અત્યંત કરવાથી ધાતુઓનો ક્ષય થઇને માણુસને ક્ષયરોગ થાયછે.

બળવાનની સાથે મલકુસ્તી કરવી વીગેરે સાહસથી પણુ ક્ષયરોગ થાયછે.

આ રોગ ચંદ્રમાને થયો છે, અને ચંદ્રમા રાજા છે; માટે કેટલાએક વિદ્વાનોએ ક્ષયને રાજક્ષમા પણુ કહેલ છે.

ક્રિયા માત્રનો આ રોગ ક્ષય કરેછે માટે તેને ડાહ્યાઓ ક્ષય કહેછે. કફ જેમાં મુખ્ય છે, એવા ત્રણે દોષોથી રસના માર્ગો બંધ થયાથી રસની પછીની બધી ધાતુઓ નબળી પડી જાયછે. તેથી માણુસ નબળું પડેછે. માર્ગ બંધ થવાથી રસ પોતાના સ્થાનમાં અટકી રહીને બળવા માંડેછે. અને તેથી ઉધરસ થઇને તેની સાથે એ રસ ઉપર ચડી બહાર આવેછે. આને અનુલોમ ક્ષય કહેછે.

સર્વ ધાતુના કારણુરૂપ રસનો ક્ષય થાય તો બીજી ધાતુઓના પણુ થાયજ. ઉધરસનીસાથેજ ક્ષય થાયછે. એમ કાંઇ નથી. તે વિના પણુમાર્ગ રોધથી રસનો ક્ષય થાયછે. હવે મુળ કારણુરૂપ રસના ક્ષયથી જેમ બીજી ધાતુઓ ક્ષય પામેછે તે અનુલોમ થાયછે તેમજ છેવટ કાર્ય-રૂપ વિર્યના ક્ષયથી કારણુરૂપ ધાતુઓનો ક્ષય પણ થાયછે; તેને પ્રતિલોમ ક્ષય કહેછે. વિર્યક્ષયથી વાયુ કોપીને મનની વગેરે નજીકની કારણુરૂપ, ધાતુઓને શોષેછે, અને એવી સર્વ ધાતુઓ શોષાઇને ક્ષય થાયછે.

ક્ષય રોગનું પુર્વ રૂપ.

શ્વાસ, અંગભંગ, કફસ્ત્રાવ, તાલુશોષ, ઉલટી, મંદાગ્નિમંદ, સળેખમ,

ઉધરસ, નિંદ્રા, એટલું ક્ષય થવાના આરંભમાં થાયછે તેમજ રોગીની આંખો ધોળી થાયછે.

ક્ષયરોગનું લક્ષણ.

ખભા તથા પડખાંઓમાં પીડા, હાથપગોમાં સંતાપ, અને સર્વ અંગોમાં જ્વર (તાવ) આ રોગમાં સઘળી ધાતુઓનો ક્ષય થઇ આખા શરીરમાં નબળાઇ આવેછે, શરીર શોષાઇ જાયછે; જમવા ઉપર અરૂચી, શ્વાસ, ઊધરસ, રક્તદર્શન, અને સ્વરભેદ તથા તાવ એ લક્ષણો રાજક્ષમાનાં છે; ક્ષયમાં અગ્યાર લક્ષણો પણ થાયછે.

ક્ષયની અસાધ્યતા.

અગીયાર અથવા છ અથવા જ્વર, ઉધરસ, તથા લોહીની ઉલટી એ ત્રણ લક્ષણોવાળા ક્ષયરોગીને વૈદ્યોએ છોડી દેવો જોઇએ; પરંતુ જે ક્ષય રોગીનાં માંસનો તથા બળનો ક્ષય થયો ન હોય તો એ ઉપરનાં સઘળાં લક્ષણો છતાંપણ તે રોગીની દવા કરવી.

બહુ ખાનાર, ક્ષીણ થતાજનાર ક્ષયરોગીને તો અવશ્ય છોડી દેવો જોઇએ; વૃષણ અને પેટ સુજી ગયાં હોય તેનેપણ છોડી દેવો જોઇએ. વળી અતિસારથી પીડાતા ક્ષયરોગીની દવા ન કરવી. કારણકે માણસનું બળ મળાધીન છે. અને આયુષ્ય, વિર્યને આધીન છે. માટે એ બન્નેનું યત્નથી રક્ષણ કરવું.

આંખો ધોળી થઈ ગઈ હોય, જમવા ઉપર એટલે અન્ન ઉપર જરાપણ રૂચી ન થાય, ઉંચો સ્વાસ ચાલતો હોય અને બહુ કષ્ટથી વિર્ય ઝર્યા કરતું હોય તેવા રોગીને ઇશ્વર બચાવે તોજ બચેછે.

ઉપાય-(૧) ક્ષયરોગવાળાને વમનાદી પાંચ કર્મો ન કરાવવાં. કારણકે રોગી નબળો હોય તો તેને પાંચ કર્મો ઝેર સરખાં થાયછે. કેમકે માણસનું બળ મળને આધીન છે; તથા જીવન વિર્યને આધીન છે. માટે ક્ષયવાળાના

વિર્ય તથા મળની યત્નથી રક્ષા કરવાની જરૂર છે.

ઉપાય-(૨) ક્ષયવાળાને ચોખા, ઘઉં, જવ, તથા મગ વીગેરે અનાજો ખાવાં તેમજ સાકર, મધ, માખણ, દુધ, ઘી, ખાવાં. મધ અને ઘી મેળવીને ચાટવાથી ફાયદો થાયછે.

ઉપાય-(૩) કામદેવરસ.

ઉપાય-(૪) શક્તિસજીવન યાને વિર્યનો ઝરો, ક્ષયની અકસીર દવા છે.

ઉપાય-(૫) બહુશલ્ય ગુટીકા (ઉધરસની રામબાણ દવા) તે હમેશાં ક્ષયના રોગીને અવસ્ય વાપરવી. આ દવા કફના તમામ દરદોનેમાટે મુખ્ય અને રામબાણ દવા છે.

ઉપાય-(૬) સુવર્ણ વસતમાલતી.

ઉપાય-(૭) અભ્રક ભસ્મ.

ઉપાય-(૮) સીતોપ્લાદી ચૂર્ણ.

ઉપાય-(૯) ચંદ્રપ્રભા ગુટીકા.

ઉપાય-(૧૦) તામ્રસ્વ રસ.

ઉપાય-(૧૧) જાતીફલાદ્ય.

ઉપાય-(૧૨) રાજમૃગાંક રસ.

હિક્કવા (હેડકી)ના રોગની ઉત્પત્તિ

દાહક, ભારેમળબંધ કરનારાં રૂક્ષ તથા શીતળ ભોજનોથી, શીતળ પાનો તથા સ્નાન કરવાથી, રજ, ધુમાડો, પવન, બહુ કસરત અને ભાર ઉપાડવાથી, વિષ્ટાદી વેગોને રોકવાથી અને ઉપવાસ કરવાથી, વાયુકર્તા જમવાથી, વીગેરે કારણોથી હેડકી, શ્વાસ, ઉધરસ થાયછે.

કફને અનુસરનાર વાયુ, પાંચ પ્રકારની હેડકી કરેછે. અન્નની, યમલા, ક્ષુપ્રા, ગંભીરા અને મહતી.

હેડકીનાં લક્ષણો—હિકહિક શબ્દો કરતો અને જાણે યકૃત તથા ભરોળની ગાંઠને અને આંતરડાંને મુખમાં લાવતો હોય એવો ઊધનસહિત પ્રાણવાયુ ઊંચે જઇને, કફને અનુસરીને માણુસના જીવનનો નાશ કરેછે તેને હેડકી કહેછે.

આ રોગમાં હિકહિક શબ્દ થતો હોવાથી એને હિક્કા પણ કહેછે. અસાધ્ય એટલે જોખમભરેલી, હિકવા હેડકી આવતાં કંપાતું હોય તથા આંખો ઊંચે ચડી જઇને ગ્લાની પામેલ હોય, અત્યંત ક્ષીણતા અન્નઉપર અરૂચી, તેમજ છીંકો બહુ આવતી હોય એવાં ચિન્હવાળી હેડકીવાળાને તેમજ ગંભીરા અને મહતી હેડકીવાળાને બહુ જોખમભરેલું છે.

અન્ન ન ખાવાથી દુબળો થયો હોય, વ્યાધીઓથી નબળાઇ આવી હોય, વૃદ્ધ હોય, બહુ મૈથુન કરનારો હોય, તેઓને થએલી હેડકી બહુ હાનીકર્તા છે; અતિ પરિશ્રમથી થએલી હેડકી પણ તુરત મારીનાંખેછે.

ઉપાય—(૧) કફહર તથા વાતહર અન્નપાનો (ખોરાક) ઔષધો (ઓસડ) ગરમ તથા વાયુનો નાશ કરનારાં ઔષધો (ઓસડો) વીગેરે હેડકી તથા શ્વાસઉપર હીતકારી છે.

ઉપાય—(૨) હેડકીના રોગીને તીરસ્કાર કરીને, બીવરાવીને, વિચિત્ર વાતો કરીને, સ્વાસને રોકીને, ટાઢુંપાણી છાંટીને, ચમકાવીને, મનોભંગ કરીને, પણ હેડકીને શાંત કરવી. એટલે આ કારણોથી હેડકી શાંત થાયછે.

ઉપાય—(૩) સહસ્ત્રવીધિ ચુર્ણ.

ઉપાય—(૪) ચંદ્રોદય–રસસિંદુર.

ઉપાય—(૫): દાભડાને તથા તેની જડને ચલમમાં પીવી તેથી હેડકી મટેછે.

શક્તિસજીવન યાને વિર્યનોઝરો વાપરનારને હેડકીનું દરદ થતું નથી. અને હેડકીના દરદીને પણ શક્તિસજીવન યાને વિર્યનોઝરો તાકીદે આરામ કરેછે.

શ્વાસનો રોગ.

શ્વાસનું કારણ—હેડકી થવાનાં જે કારણો છે. તે બહુ વધારે હોય તો શ્વાસ નામનો ભયંકર વ્યાધી થાયછે.

શ્વાસ પાંચ જાતના છે. મહાશ્વાસ, ઉર્ધ્વશ્વાસ, છિન્નશ્વાસ, તમશ્વાસ, અને ક્ષુદ્રશ્વાસ એ પાંચ પ્રકારનો થાયછે.

કફ વીગેરેથી જ્યારે પવનનો માર્ગ બંધ હોયછે ત્યારે શ્વાસ થાયછે.

મહાશ્વાસનાં લક્ષણો—ઊંચે ચાલતો મોટા શબ્દોવાળો શ્વાસ લેવાય છે, આફરેલા મોટા બળધની પેઠે નિરંતર ઉંચા અવાજથી હાંફયા કરાય છે, શાસ્ત્રનું જ્ઞાન તથા તેના અર્થનું જ્ઞાન નાશ પામી જાયછે, આંખો ભમ્યા કરેછે, આંખ તથા મોઢું ફાટેલાં રહેછે, મૂત્ર અને વિષ્ટા બંધ થાયછે, જીભ તોતડાય છે, રાંક થઈ જવાય છે અને શ્વાસનો શબ્દ દૂરથી સંભળાય છે. આ મહાશ્વાસવાળો માણસ ભાગ્યે બચેછે. બાકીના શ્વાસોમાં બરોબર દવા થાય તો જલદી આરામ થાયછે.

ઉપાય—(૧) શ્વાસકુઠાર રસ, બે રતીભારને આશરે નાગરવેલનાં પાનમાં ખાવાથી સર્વપ્રકારના શ્વાસો મટી જાયછે.

ઉપાય—(૨) સનેપાત (ત્રીદોશ) ની અંદર શ્વાસ હોય તો વસંતમાલતી અને અભ્રકભસ્મ આપવાં અને શ્વાસકુઠારરસ પણ આપવો. કારણકે તેમાં કફની શાંન્તીમાટે એ બે ઉત્તમ ઔષધો છે.

ઉપાય—(૩) અરડુશીનો રસ અથવા ઊકાળો. અથવા ચરસ આદાનો રસ મેળવી તથા હેદણગર્ભની સોગઠી ઘસી, વારંવાર આપવાથી ભયંકર શ્વાસને પણ આરામ થાયછે.

સ્વરભેદ.

સ્વરભેદનાં કારણો—બહુ ઉંચેસ્વાદે બોલવાથી, ઝેર ખાવાથી, ઊંચે સ્વરે ભણવાથી, કંઠમાં વાગવાથી અને બીજાં દુષ્ટ કારણોથી, પ્રકોપિત વાયુ વીગેરે દોષો સ્વર ચલાવનારાં સ્રોતોમાં ભરાવાથી સ્વર હણાયછે એને સ્વરભેદ કહેછે. વાયુથી, પિત્તથી, કફથી, ત્રીદોશથી, ક્ષયથી, અને મેદથી એમ છ પ્રકારે સ્વરભેદના રોગો થાયછે અને તેમાં જે જે પ્રકરતી થીજ સ્વરભેદ થયો હોય તે પ્રકરતીનાં મુખ્ય ચિન્હો તેમાં થાયછે.

ઉપાય—(૧) મૃગનાભ્યાદિઅવલેહ, મધ અને ઘીમાં ચાટવાથી સ્વરભેદ અને જીભનું અટકવું મટી જાયછે.

ઉપાય—(૨) બ્રાહ્માદીઅવલેહ સાત દિવસ મધમાં ચાટવાથી કિનરોની સાથે ગાઈશકાયછે. માટે ગાયનના શોખીનોએ આ દવા અવસ્ય વાપરવી જોઇએ.

અરૂચિ.

વાયુઆદી શોક, ભય પીડા. લોભ, ક્રોધ, મનોભંગ કરનારાં ભોજન તથા રૂપ અને ગંધથી અન્નઉપર અરૂચિ થાયછે અને તે વાયુથી, પિત્તથી, કફથી, ત્રિદોશથી, શોકથી અને આંગતુકથી થએલી એમ પાંચ પ્રકારની થાયછે.

અરૂચિનાં લક્ષણ—મુખમાં નાંખેલ અન્ન મીઠું ન લાગે (લોચાવળે) તે અરૂચી છે; જમવાની રૂચિ થાય છતાં જમણ (ભોજન) નજરે પડે કે સ્પર્શ કર્યાથી તે ઉપર દ્વેષ થાય તે અરૂચિ અને ક્રોધ, ભય આદિ પીડાથી કે પ્રેમના રોધથી અન્નઉપર અશ્રદ્ધા થાય તેને પણ અરૂચિ કહેછે.

ઉપાય—(૧) શક્તિસંજીવન યાને વિર્યનો ઝરો. અરૂચિના રોગને તુરત નાબુદ કરેછે અને શક્તિસંજીવન વાપરનારને અરૂચિનો રોગ થતો નથી.

ઉપાય—(૨) ચંદ્રોદય જઠરાને ઘણીજ પ્રદિપ્ત કરેછે.

ઉપાય—(૩) ચંદ્રપ્રભા ગુટીકા.

ઉપાય—(૪) હિંગાષ્ટકચુર્ણ તથા નાગાર્જુનચુર્ણ.

ઉપાય—(૫) વિજયરસ, સુંઠ સાથે લેવાથી એકદમ અરૂચિ નાશ પામી અન્નઉપર રૂચિ ઉત્પન્ન થાયછે.

ઉલટી.

અતિ દ્રવરૂપ, અતિ સ્નિગ્ધ, અણગમતા, ખારા તથા સમયવગરનાં વધુ પડતાં અને ભારે ભોજનોથી આમ, અજીર્ણ, ભય, ઉદ્વેગ અને કૃમિ-દોષથી, ગર્ભધાનથી તથા ઉતાવળું જમવાથી, દુષ્ટ વાત, પિત્ત, કફ અને ત્રિદોષથી ગ્લાની પમાડનાર પદાર્થ નજરે પડવાથી જમેલું અન્ન બળા-ત્કારથી પાછું વળેછે તેને ઉલટી કહેછે. અને તે ઉલટીઓ પાંચ પ્રકારની થાય છે.

ઉલટીના ઉપદ્રવો—ઉધરસ, શ્વાસ, જ્વર:(તાવ) તૃષા, હેડકી, ચિત્તભ્રમ, છાતીનું દરદ, અને અંધારાં આવવાં એ ઉલટીના ઉપદ્રવો છે.

ઉલટીનાં અસાધ્ય લક્ષણો—નબળા માણસને બહુજ થઇ હોય તથા લોહીવાળી અથવા પરૂવાળી, ઉપદ્રવોવાળી તેમજ મોરપીછાંના ચાંદલા જેવી હોય તે ઉલટી અસાધ્ય એટલે જોખમભરેલી છે.

ઉપાય—(૧) વિજયરસ સુંઠસાથે લેવાથી ઉલટી એકદમ બંધ થાયછે. કોઈ રીતે બંધ ન થતી ઉલટી, વિજયરસ તુરત બંધ કરેછે.

ઉપાય—(૨) સાધારણ ઉલટી, કાળી દરાખ અને ધાણા પૈસા પૈસા-

ભાર લેઇ વાટી તેનું પાણી કરી પાવાથી ઉલટી તથા શોષ (તરસ) મટેછે.

ઉપાય—(૩) છત્રાસ્વાકુફળાંથી ઉલટી તરત મટેછે.

તરસ.

પિત્ત તેને વધારનારા તીખા, ખાટા અને ગરમ પદાર્થોથી કોપ પામેછે અને પોતાના સ્થાનમાંજ સંચય થએલો વાયુ, ભય, શ્રમ, અને બળનો ક્ષય કરનારા ઉપવાસ વીગેરેથી કોપ પામેછે. એ બંને કોપ પામી ઉંચે ચડી તાળવાંને દુષિત કરીને તરસ લગાડેછે; જળને વહન કરનારા સ્ત્રોતો પણ દુષિત થવાથી તરસ લાગેછે.

સંખ્યા—વાત, પિત્ત, કફ, ક્ષત, ક્ષય, આમ અને અન્નથી થએલી એમ સાત પ્રકારની તરસોનો રોગ છે.

તરસના રોગના ઉપદ્રવો—સાદ બેસીજવો, ગ્લાનિ, મોઢામાં તથા છાતીમાં દીનતા, કંઠ તાળવાંમાં શોષ આટલા ઉપદ્રવોવાળી તરસ ધાતુનું શોષણ કરેછે તેથી તે ખરાબ છે માટે આ ઉપદ્રવો વાળી તરસના રોગોમાં શકિતસજીવન યાને વિર્યનોઝરો વાપરવી; કારણકે ધાતુનું શોષણ થઈ આગળ જતાં ધાતુના રોગનું ભયંકર પરીણામ આવે નહિ, શક્તિસજીવન યાને વિર્યનો ઝરો, એ કોઇપણ જાતના રોગો મટાડવામાં બહુ અકસિર નીવડી છે.

તરસના રોગીએ ગરમ(દાહ)કર્તા પદાર્થોથી તેમજ ભારે વસ્તુ જે તરસ ઉત્પન્ન કરે તેવાથી થોડાદિવસ પરહેજ રહેવું.

ઉપાય—(૧) છત્રાસ્વાકુફળા ચુર્ણ ગમેતેવી તરસને મટાડેછે; તેમજ ઉલટી બંધ કરેછે. દાહ શોષ વીગેરેને હદપાર ફાયદો કરેછે. છત્રાસ્વાકુફળાને આશરે ત્રણથી પાંચ રૂપિયાભાર પાણીમાં એક રૂપિઆભારને આશરે

છત્રાસ્વાકુફળાને મેળવીને પાવાથી તરસ ઉલટી વીગેરે તુરત શાંતી થાયછે.

ઉપાય—(૨) શીતળપાણી પીવાથી પણ તરસને ફાયદો થાયછે.

મુર્ચ્છાનો રોગ.

નબળાઇથી, વિરૂદ્ધ ભોજન કરવાથી, ઝાડો, પેસાબ, વીગેરે મળાદી-વેગોને રોકવાથી અથવા રોકાણ થવાથી, અધિક તમોગુણથી મુર્ચ્છાનો રોગ થાયછે.

લક્ષણ—સુખદુઃખના જ્ઞાનનો નાશ થઇ માણસ કાષ્ટનીપેઠે પડી જાયછે એ રોગને મુર્ચ્છા કે મોહ કહેછે અને તે છ પ્રકારથી થાયછે.

પ્રકાર—વાત, પિત્ત, કફ, રક્ત, મદ્ય અને વિષ (ઝેર) એમ છ પ્રકારની મુર્ચ્છા છે અને તે સર્વમાં પિત્ત પ્રધાન હોયછે.

વાયુથી ગએલ મુર્ચ્છાવાળાને આકાશ રાતું, કાળું કે લીલું દેખાય-છે અને આંખે અંધારાં આવી મુર્ચ્છા આવેછે તે મુર્ચ્છા તુરત મટેછે.

પિત્તની મુર્ચ્છાવાળાને આકાશ રાતું, લીલું કે પીળું દેખાઇને મુર્ચ્છા આવેછે અને પરસેવો આવીને ચેતન આવેછે. ત્યારે તૃષા (તરસ) સંતાપ, આંખો રાતી અને પિત્તથી પીડા તથા શરીર પીળું થઈ જાયછે.

કફથી થએલ મુર્ચ્છાવાળાને આકાશ વાદળાંજેવું તથા અંધકારજેવું દેખાઇને મુર્ચ્છા આવેછે. આ દરદીને ઘણીવારે ચેતન આવેછે ત્યારે શરીર ભારે માલમ પડેછે.

ત્રણે દોષોવાળી મુર્ચ્છા એટલે સનિપાતિક મુર્ચ્છામાં વાઇનાં જેવાં ચિન્હો થાયછે. અને ઘણીવારે ચેતન આવેછે. એવી ત્રિદોશની મુર્ચ્છા થાયછે. વાઈમાં દાંત બંધાઇ જાયછે. અને મોઢે ફીણ આવેછે અને આંખો વીચિત્ર થઇ જાયછે. તેમ આમાં થતું નથી.

રક્તની મુર્ચ્છા રક્ત જોવાથી અથવા તેની ગંધથી થાયછે. રકતની મુર્ચ્છામાં શરીર સ્તબ્ધ અને શ્વાસ ગુઢ થઈ જાયછે.

મદ્યની મુર્ચ્છામાં સુતાં સુતાં બકવા થાયછે, મન બેભાન થઇ જાય-છે. જમીનપર હાથપગ પછાડેછે. દોરડાં વીગેરેને સરપ જેવું બકેછે. મદ્ય પચે ત્યાંસુધી એ પ્રમાણે થાયછે.

વિષની મુર્ચ્છામાં કંપ, નિંદ્રા, તૃષા અને અંધકાર વીગેરે ચિન્હો થાયછે.

મુર્ચ્છાનો ઉપાય—(૧) શકિતસજીવન યાને વિર્યનો ઝરો વાપરનારને મુર્ચ્છા આવતી નથી અને થએલને તુરત આરામ કરેછે.

મુર્ચ્છાનો ઉપાય—(૨) વિજયરસ અને લીંડીપીપરનું ચુર્ણ મધ મેળવી ચાટવાથી તુરત મૂર્ચ્છામાંથી ચેતન આવેછે.

મુર્ચ્છાનો ઉપાય—(૩) શીતળ જળનું સેવન તથા સુગંધવાળાં પદાર્થો થી તેમજ પંખાના વાયુથી મુર્ચ્છાના રોગીને ફાયદો થાયછે.

મુર્ચ્છાનો ઉપાય—(૪) નાક તથા મુખના શ્વાસને રોકવાથી પણ મુર્ચ્છા મટેછે.

મદાત્યય રોગ (ઘેલછા).

રસ તથા વાયુ વીગેરેના માર્ગો, બુદ્ધિ, ઇંદ્રિયો, અહંકાર, અને શરીર-માં આગેવાની ધરાવનારાઓનુંજ મુળ સ્થાન હૃદય છે. હૃદયમાં જઇને પોતાના દશ ગુણો મદ્યઓજના દશ ગુણોને ક્ષોભ પમાડીને ચિત્તને વિકૃત કરેછે, મદ્યપીનાર કેટલાએક વિરૂદ્ધ ચેષ્ટાઓ કરેછે, ઉન્મતના જેવી રમત પણ કરેછે અને નિંદ્રાથી વશ પણ થાય છે એટલે ઊંઘી જાયછે. વળી મદ્યપીનારા કેટલા એક નખવતી સ્ત્રીનીસાથ ગમન કરેછે. ભાન ભુલી જાયછે તેમજ છાનીવાતો પ્રસિદ્ધ કરેછે. વળી કેટલાએક મદ્ય (દારૂ) પીનારા સુકા કાષ્ટની પેઠે પડ્યા રહેછે.

મદ્ય વિધિરહીત પીવાથી, અહિત અન્નોનીસાથે પીવાથી અયોગ્ય સમયે પીધેલા મદ્યથી નક્કી મદ્દાત્યયાદી રોગો થાયછે.

હમેશાં પીવામાં આવતો મદ્ય મહાદુ:ખરૂપ મદાત્મયરોગ વીગેરે રોગોને ઉત્પન્ન કરીને શરીરનો પણ નાશ કરી નાંખેછે.

આ મદીરાનાં વ્યસનથી ઉપર બતાવ્યા પ્રમાણે ધાતીકરોગો ઉત્પન્ન થઇ આખરે અકાળમૃત્યુ થાય છે. માટે મદીરા પીનારાએ મદિરા પીવાથી કોઇપણ જાતની થએલ વ્યાધી (દરદ)ને માટે "શક્તિસજીવન યાને વિર્યનો ઝરો" જરૂર વાપરવી; જેથી થતા રોગોને અટકાવશે, અને થએલ રોગોને મટાડશે. મદીરાથી ફેફસાંનો બીગાડ વીગેરે ઘણાં દરદો થાયછે તેવા ભયંકર દરદો મટાડવાને શક્તિસજીવન રામબાણ છે.

કોદરા ખાવાથી થએલા મદ (મીણા)ને ગોળ તથા કોળાંનો રસ તુરત સમાવી દેછે; તેમજ આંબલીથી પણ મીણાને ફાયદો થાયછે.

ધંતુરાથી થએલ મદ (ઘેલછા) સાકર નાંખી દુધ પીવાથી મટેછે.

જાયફળના મદ્યને વિજયરસના સેવનથી મટેછે.

દાહ. (બળતરા)

પિત્તના તાવ જેવોજ પિત્તનો દાહ થાયછે.

આખા દેહમાં રહેલું રક્ત વધી જાય તો દાહ કરે છે, અને કાંતી ત્રાંબા જેવી તથા નેત્રો રાતાં થઈ જાયછે.

શસ્ત્રો વાગવાથી અથવા પછડાવાથી, કોઠામાં લોહી ઉતરવાથી અતિ દુષ્ટ દાહ થાયછે.

ધાતુક્ષયથી જે દાહ થાયછે તેમાં મુર્ચ્છા, તૃષા, સાદનું બેસવુ વીગેરે થાયછે. અને અંતે તે મરણ પામેછે.

મર્મમાં વાગવાથી દાહ થાયછે તે જોખમ ભરેલો છે. મર્મ એટલે મસ્તક; હૃદય (છાતી) બસ્તી વીગેરે મર્મો છે.

ઉપાય—છત્રા ચુરણનુ પાણી કરી પીવાથી દાહ મટેછે અને વિજય-રસથી દાહ નાશ પામેછે.

અપસ્મા૨ (વાઇ)

વાઈના દરદથી કોઇપણ માણસ અજાણ નહીં હોય. વાઇ જેને આવેછે તે માણસ એકદમ પડી જાયછે, હાથ પગ ખેંચાયછે, (કોચલાં) વળેછે, મોઢાંમાંથી ફીણ નીકળેછે; વીગેરે દયા ઉપજાવનારાં ચિન્હો થાયછે.

ઉપાય—(૧) શકિતસજીવન યાને વિર્યનો ઝરો, સેવન કરનારને વાઇનું દરદ થતું નથી અને થએલાને મટાડેછે.

ઉપાય—(૨) ઉગ્રા ચુરણને મધમાં ચાટવાથી ભયંકર અપસ્માર (વાઇ) નું દરદ મટેછે.

શૂળ

એક એક દોષથી અને બેબે દોષથી થએલ, સર્વ દોષોથી થએલ તેમજ આમથી થએલ. એમ આઠ પ્રકારનાં શુળ થાયછે. અને તે છાતીમાં, પડખામાં અને મુત્રાશય વીગેરેમાં થાયછે.

ઉપાય—(૧) શકિતસજીવન યાને વિર્યનો ઝરો, શુળ તુરત મટાડેછે. સાબરશીંગની ભસ્મ પણ શુળ ઉપર ઉપયોગી છે.

ઉપાય—(૨) ચંદ્રોદયની માત્રા શુળને શાંત કરેછે.

ઉપાય—(૩) શેક કરવાથી શુળને ફાયદો થાયછે. અને સાધારણ શુળ મટી જાયછે.

ઊદાવૃત.

કારણ—વાયુ, વિષ્ટા, મુત્ર, બગાસાં, આંસુ, છીંક, ઓડકાર, ઉલટી, વિર્ય, ક્ષુધા, તૃષા, ઉચ્છવાસ, નિંદ્રા એમના વેગોને રોકવાથી ઉદાવૃત્ત થાયછે. જેમાં વાયુનો વીંટો ઉંચો ચડેછે. તેને ઉદાવૃત કહેછે.

ચિન્હ—વાયુની, પેશાબની તથા ઝાડાની અટકાયત (બંધકોશ) થાયછે. આફ્રરો. પેટમાં દરદ અને શુળ, ઉલટી વીગેરે ચિન્હ થાયછે.

ઉપાય—(૧) અશ્વચોળી ગોળી ત્રણથી છ સુધી આપવી.

ઉપાય—(૨) વિજયરસ ગોળ સાથે આપવાથી ઉલટી બંધ થાયછે-અને ગુદા તરફ બેસારી દેછે.

પરેજ—વાયુ કર્તા ચીજ ન ખવાય તો સારૂં.

ગુલ્મ.

મિથ્યા અહાર અને વિહારથી ખરાબ થએલા વાયુના દોષો કોઠાની અંદર ગાંઠરૂપી પાંચ પ્રકારના ગુલ્મ ઉત્પન્ન કરેછે.

આર્તવ (રજ) થી પણ ગુલ્મ થાયછે તે સ્ત્રીને થાયછે. અને તેમાં સ્ત્રીને રજસ્વલા બંધ થઈ ગર્ભ રહ્યાનાં ચિન્હ દેખાયછે પણ તે ગુલ્મ હોયછે અને તે ગુલ્મનો ઉપાય સ્ત્રીને દશ માસ થઇ ગયા પછી કરવો.

ઉપાય—અશ્વચોળીનો ચોથે ચોથે દિવસે ઉપયોગ કરવો તથા વિજયરસ હમેશ ગોળમાં મેળવી ખાવો તેની સાથે શક્તિસજીવન વાપરવાથી તાકીદે આરામ કરેછે.

બળોલ્લ, બળગાંઠ, (યાકૃત) વિષે.

સ્વરૂપ—હૃદયની નીચે લોહીમાંથી બરળની ગાંઠ બનેલી છે. તેને મહર્ષીઓએ રક્તવાહિની શિરાઓનું મુળ કહેલું છે.

લક્ષણ—દાહક (ગરમ) તથા કફ કરનારા પદાર્થોનું સેવન કરનારનાં રક્ત તથા કફ અત્યંત દુષ્ટ થઇને વધેછે. તેથી બરળ વધેછે તેનેજ બળોલનો રોગ કહેછે. એ બરલ ડાબા પડખામાં વધીને વિશેષ પીડા કરે છે. જીરણ તાવ આવેછે, અગ્નિને મંદ પાડેછે, કફ તથા પિત્તના જેવી પીડા થાયછે, બળ ઓછું થાયછે અને શરીર પાંડુવર્ણનું એટલે પીળા-શપર થાયછે. અને ધાતુ નબળી પડી જાયછે.

જમણા પડખાંની ગાંઠ (યકૃત) નું સ્વરૂપ—હૃદયની નીચે જમણી બાજુ કંઇક નીચે યકૃતની ગાંઠ છે તે રંજકપીત્તની બનેલી છે.

બરલનાં રોગનાં કારણો છે તેજ કારણો યકૃતના રોગોનાં પણ છે. ફેર માત્ર એટલોજ કે બરલ ડાબી બાજુ અને યકૃત જમણી બાજુ હોય છે. અને જમણી બાજુ નીચે ગાંઠ હોય છે તેને બળગાંઠ કહેછે.

ઉપાય—(૧) અશ્વચોળીને ચોથે અગર પાંચમે દીવસે લેવી.

ઉપાય—(૨) ધાતમુક્તવારી અથવા શંખદ્રાવ દિવસમાં બે અગર ત્રણ વખત છથી બાર ટીપાં સુધી ત્રણથી છ રૂપિયાભાર પાણીમાં નાંખી દરેક વખત પીવું.

ઉપાય—(૩) બરળક્ષાર આ ક્ષારનું સેવન કરવાથી પણ બરલ મટેછે.

ઉપાય—(૪) શકતીસજીવન, બરલ તથા યકૃતમાં વાપરવી; જેથી ધાતુ બળવાન થઇ બરલને ફાયદો કરે.

હૃદ્રોગ (છાતીનાં દરદ.)

કારણ—બહુ ગરમ, ભારે, ખાટું, તુરૂં, કડવું ખાવાથી, શ્રમ, અભી-ઘાત અને ઉપરાઉપરી બહુ ખાવાથી તથા વેગોને રોકવાથી છાતીનાં દરદો થાયછે; તેમજ તે વાયુથી, પિત્તથી, કફથી, ત્રણે દોષથી અને કૃમિથી એમ પાંચ પ્રકારનાં છાતીનાં દરદો થાયછે તેને હૃદ્રોગ કહેછે.

લક્ષણો—છાતીમાં અમુંઝણ તથા કપાતું હોય તેમ થાયછે. તેમજ ગરમીદાહ, શોષ, અરૂચી, તૃષા, ભ્રમ, મોળ વીગેરે થાયછે.

ઉપાય—(૧) શક્તિસજીવન યાને વિર્યનો ઝરો, વાપરવાથી છાતીનાં તમામ દરદો મટેછે.

ઉપાય—(૨) વિજયરસ વાપરવાથી હૃદ્રોગ (છાતીનાં દરદો) કૃમિથી તથા પિત્તથી તથા વાયુથી થએલ હોય તે મટેછે.

મુત્રકચ્છ.

વ્યાયામ, તીક્ષણ ઔષધ, રૂક્ષ મદ્યથી, નાચવાથી, તથા ઘોડા વીગેરે ઉપર બેસી દોડવાથી, અતીગરમ ચીજ ખાવાથી, અજીરણથી, બહુ જમવાથી, એવાં આઠ કારણથી પુરૂષને મુત્રકચ્છ થાયછે.

લક્ષણ—પોત પોતાના નિદાનોથી કોપ પામેલ એક એક અથવા સઘળા મળો કોપ પામીને મુત્રાશયના મુત્રમાર્ગને રોકી દેછે; ત્યારે મુત્ર પીડાથી ઉતરેછે.

ઉપાય—૧ ચંદ્રપ્રભા ગુટીકા વાપરવાથી સર્વે જાતના મુત્રકચ્છ મટેછે.
ઉપાય—૨ શક્તિસજીવન યાને વિર્યનો ઝરો.
ઉપાય—૩ વિજયરસ.

મુત્રધાત.

કારણ—દોષોના કોપવાથી તેર જાતના મૂત્રાધાત થાયછે. મૂત્રનો વેગ રોકવાથી ઘણું કરીને વાતકુંડળીકા વીગેરે થાયછે. અને તે બધા મૂત્રાધાતના રોગો મૂત્ર વીગેરે વેગો રોકવાથીજ થાય છે. મૂત્રાધાતમાં મૂત્ર પીડાથી નીકળ્યા કરેછે. આ મહા દારૂણ રોગને મુનિયોએ વાતકુંડળિકા કહેલ છે.

ઉપાય—૧ ચંદ્રપ્રભા ગુટીકાથી તુરત ફાયદો થાયછે.

ઉપાય—૨ કપુરથી ખરડેલી વાટ, લીંગમાં રાખવાથી તુરત મૂત્રઘાત ફાયદો થાયછે.

ઉપાય—૩ શક્તિસજીવન યાને વિર્યનોઝરો, વાપરનારને મુત્રઘાત થતો નથી.

ઉપાય—૪ વિજયરસ મૂત્રાઘાતમાં બળતી આગ તુરત સમાવેછે.

પથરી.

આનાં કારણ લખવા મારો વિચાર નથી કારણકે આ રોગને માટે હુશિયાર ડોકટર પાસે શસ્ત્રક્રિયા કરાવવી. એજ વધારે સારૂં છે. આ રોગ (પથરી) યમરાજા જેવી જાણવી.

કાર્શ્યાધિકાર (શરીરનું પાતળાપણું).

કારણ—વાયુ, રૂક્ષ, અન્નપાનો, લાંઘણ, અલ્પભોજન, ક્રિયાઓનો અતીયોગ, શોક, વેગોનું રોકવું, નિંદ્રાને રોકવી, હમેશાં રોગી રહેવું, નિત્ય મૈથુન, નિત્ય કસરત, ખોરાક થોડો મળવો, ભય, દાન વીગેરેની ચિંતા એ સર્વથી શરીર પાતળું પડી જાયછે.

દુબળાપણાથી થતા રોગો—અરલનો રોગ, ઉધરસ, ક્ષય, શ્વાસ, ગુલ્મ, અર્શ (હરસ) પેટના રોગો અને સંગ્રહણી રોગો દુબળાને થાય છે.

ઉપાય—શક્તિસજીવન યાને વિર્યનોઝરો, દુબળાને બહુજ ફાયદો કરેછે માટે શરીર તેજસ્વી કાંત્તિવાન બનાવવાને માટે શક્તીસજીવન યાને વિર્યનોઝરો રામબાણછે.

મેદ વૃદ્ધિ.

કારણ—કસરત નહિ કરવાથી, દિવસે સુવાથી, કફ કરનારા તથા મધુર ભોજનથી, મધુર રસોથી અને ઘી વીગેરેથી મેદ વધી જાયછે. મેદથી માર્ગો રોકાઇ જવાને લીધે બીજી ધાતુઓને પોષણ નહિ મળવાથી મેદ વધતો તેથી કામો કરવાની અશક્તિ આવેછે.

લક્ષણો—શ્વાસ, તૃષા, મોહ, સ્વપ્ન, પીડા, ગ્લાની, ક્ષુધા, પરસેવો અને દુર્ગંધીપણું, અલ્પશક્તિ તથા અલ્પ મૈથુનશક્તિ અને પેટ મોટું થવું. એમ મેદની વૃદ્ધિ થાયછે.

મેદ (ચરબી)થી માર્ગો પુરાઈ જવાને લીધે વિશેષે કરીને કોઠામાં ફરતો વાયુ અગ્નીને વધારેછે.

અગ્નિ અને વાયુ એ મળીને વિકારો કરેછે અને તેઓ જેમ દાવાનળ વનને બાળે તેમ તે જાડા માણસને બાળી નાખેછે.

એકદમ મેદ વધવાથી વાયુઆદી ધાતુઓ એકદમ દારૂણ વીકારોને ઉત્પન્ન કરીને તુરત જીવનનો નાશ કરી નાંખેછે.

મેદ અને માંસ બહુ વધી જવાથી માણસના કુલા, પેટ અને સ્તનો હાલ્યા કરેછે. મેદથી માણસ બહુ જાડો થાયછે જાડા માણસને કોઢ, વીસર્ગ, ભગંદર, જ્વર, અતિસાર, પ્રમેહ, હરસ, કમળો, થઈ જાયછે. મેદથી પરસેવો દુર્ગંધવાળો થાયછે. અને તેથી તેમાં ઝીણાં જીવડાં થાય છે. આ રોગને માટે અમારી શક્તિસજીવન રામબાણ છે.

ઉપાય—(૧) શક્તિસજીવન યાને વિર્યનો ઝરો.

ઉપાય—(૨) વિજયરસ.

ઉપાય —(૩) ચંદ્રપ્રભા ગુટીકા.

ઉદરરોગ (પેટનોરોગ)

ઉદરરોગો, સર્વે જઠરાગ્નિમંદ થવાથી થાયછે અને તેથી પેટમાં રોગો વિશેષ થાયછે. અજીરણથી, મલીન અન્નોથી, અને મળનો સંચય થવાથી ઉદરરોગો થાયછે.

સ્રોતોમાં એકત્ર થએલા દોષો, પરસેવો તથા જળની વાહિનીઓને રોકી દઇને પ્રાણવાયુ અગ્નિ તથા અપાનવાયુને દુષિત કરેછે તેથી માણસને ઉદરરોગ થાયછે.

લક્ષણ—આફરો, ચાલવાની અશક્તિ, નિર્બળતા, મંદાગ્નિ, સોજો, અંગોમાં પીડા, વાયુ તથા મળનો અટકાવ, દાહ અને તંદ્રા એ સર્વે ઉદરરોગોમાં થાયછે.

કારણ—એ એક દોષથી, ત્રણે દોષોથી, બરલ વધવાથી, ગુદાના રોગથી, આંતરડાંના ક્ષતથી, અને પેટમાં પાણી ભરાવાથી. એમ આઠ પ્રકારના રોગો થાયછે.

ઉદરરોગનાં નામ—વાતોદર, પિત્તોદર, કફોદર, સનિપાતોદર, પ્લીહોદર, બધ્ધગુદોદર, ક્ષતોદર અને જલોદર.

ઉપાય—(૧) અશ્વચોળી.

ઉપાય—(૨) શક્તિસજીવન યાને વિર્યનો ઝરો.

ઉપાય—(૩) વિજયરસ.

સૂચના—શક્તિસજીવન અથવા વિજયરસ વાપરનારને ઉદરરોગ થતાજ નથી.

સોજા.

ખારા, ખાટા, તીખા, ઊના કે ભારે પદાર્થોના સેવનથી સોજા થાયછે

દહિં, આમ, માટી, શાક વિરૂદ્ધ પદાર્થો, સંયોગીઝેરવાળું અન્ન, અર્શમર્મ સ્થાનનો માર, વિષમ પ્રસવ, તથા પંચકર્મ (વમનાદી) અયોગ્ય રીતે થાય તો તેથી વાયુ વીગેરે દોષોના સોજા થાયછે.

અમાશયમાના દોષો છાતીની ઉપરના ભાગમાં પિત્તાષયમાંના દોષો છાતી તથા પકવાશયની વચમાં, મલાશયમાંના દોષો પકવાશયની નીચેના ભાગમાં અને સઘળે રહેલા દોષો આખા શરીરમાં સોજાને ઉત્પન્ન કરેછે.

ઉપદ્રવ—ઉલટી, શ્વાસ, અરૂચી, તૃષા, જવર, અતિચાર અને નબળાઇ એ સોજાના ઉપદ્રવો છે.

ઉપાય—(૧) વિજયરસ ગૌમુત્રમાં પીવાથી અથવા ગોળમાં મેળવી આવાથી સોજા ઉતરેછે.

ઉપાય—(૨) શક્તિસજીવન સોજાને ઉતારેછે. અને સોજા જે દોષોથી થએલ હોય તે દોષોને મટાડેછે.

વાળો.

શાખાઓમાં કોપેલો દોષ સોજો કરી તેને ભેદીને ક્ષતના ગરમ માંસને સુકવીને તંતુમય દોરો ઉત્પન્ન કરેછે તેને વાળો કહેછે. આ પ્રમાણે મહર્ષિઓ કહેછે. તેમજ પાણીમાં વાળારૂપી જંતુઓથી વાળા નીકળેછે એમપણ કહેવાયછે.

વાળો એક જગ્યોએથી મટીને બીજી જગ્યોએ પણ થાયછે. એ વાળો હાથમાં કે પગની પીંડીમાં તુટી જાયછે તો હાથને ઠુંઠો અને પગને લુલો કરી નાંખેછે. વાળાના દરદમાં વાળાલોચન નામનું દરદ બહુ પીડા કરેછે.

ઉપાય—(૧) વાળાની રામબાણ દવા, ગોળમાં ખાવાથી વાળો ગળી મરી જાય છે.

ઉપાય—(૨) (જંતુકરસ) નામની દવા પાણીમાં પીવાથી વાળો મટેછે.

નેત્રરોગ (આંખોનાં દરદો)

આંખનું પ્રમાણ—નેત્રમંડર બે આંગળ જાડું અથવા પોતપોતાના અંગુઠાના ઉદર જેટલું જાડું, અને ફરતું બે આંગળની લંબાઇવાળું છે.

નેત્ર (આંખ)—દ્રષ્ટીરોગો બાર, કાળા ડોળાના ચાર, ધોળા ડોળાના અગ્યાર, પાપણોના એકવીશ, રોગોના બે સાંધાઓમાં નવ અને આખા નેત્રના સત્તર રોગો છે; એમ ૭૬ રોગો છે. તેમાં દસ વાયુના, દસ પીત્તના, તેર કફના, સોળ રક્તના, અને પચીશ આખા નેત્રના તથા બે નેત્રની બહારના ભાગના એમ છોંતેર રોગો છે.
તેમાંથી પડીકુ ૧ એક સવારમાં ફાકવું. એવી રીતે ચાર દિવસ એક એક પડીકું ફાકવાથી વ્યાધી મટશે.

નેત્રરોગનું કારણ—ગરમ તાવ ખમીને ઠંડાજળમાં પ્રવેશ કરવાથી, અથવા માથાઉપર ઠંડુ જળ રેડવાથી, લાંબી નજરે જોવાથી, ઉજાગરાથી, રજ અને ધુમાડાના સેવનથી, ઉલટી રોકવાથી અથવા વધારે ઉલટી થવાથી, ખટાઇ અને કળથીના સેવનથી, વિષ્ટા, મૂત્રવાતાદીના રોકવાથી રોકેલા, રૂદન તથા શોક અને તાવથી, માથામાં વાગવાથી, ઝડપથી ચાલતા વાહન ઉપર બેસવાથી અને રૂતુઓના બદલાવાથી કલેશના તાપ તથા બહુ મૈથુનથી ઝીણીનજરે જોવાથી નેત્રની અંદર દોષો (વિકાર) ઉત્પન્ન કરેછે.

ઉપાય—(૧) નેવઢાળ સીસું, આંખમાં આંજવાથી તમામ આંખના રોગો મટી જાયછે. (નેવઢાળ સીસું સુરમા જેવું ઝીણું અને રંગે કાળું હોયછે.)

ઉપાય—(૨) નેત્રપિત્ર આંખો આવેલી હોય તેને તુરત મટાડેછે.

ઉપાય—(૩) વરા—નેત્રના રોગોને સારોફાયદો કરેછે. વરાની થપોલી કરીને આંખ ઉપર મુકવાથી આંખ મટેછે.

ઉપાય—(૪) અતિમૈથુનથી એટલે ધાતુ વીકારથી નેત્રોમાં જે દરદ થયું હોય તેને માટે શક્તીસંજીવનનો ઉપયોગ કરવો અને નેવદાળ સીસું આંજવું.

કાનના રોગો.

કર્ણશૂળ, કર્ણનાદ, બાધિર્ય, ક્ષ્વેડ, કર્ણસ્ત્રાવ, કર્ણકંડુ, કર્ણગુથ, પ્રતિનાહ, કૃમિકર્ણ, ક્ષત કે અભિઘાતથી થએલો વિદ્રધી, કર્ણપાક, પૂતિકર્ણ, ચાર પ્રકારના સોજા, ચાર પ્રકારના અર્શ અને સાત પ્રકારના અર્બુદ; એમ કાનના અઠાવીશ રોગો છે.

ઉપાય—સર્વે પ્રકારના કાનના રોગોનેમાટે અમારૂં બનાવેલું કર્ણતેલ વાપરવાથી તમામ રોગો મટેછે.

મોઢાના રોગો.

મુખનું સ્વરૂપ—એ હોઠ, દાંત, દાંતનાં મુળ, જીભ, તાળવું અને ગળું એ સાત અંગોથી મુખ કહેવાય છે.

મુખના રોગોની સંખ્યા—એ હોઠોમાં આઠ, દંતમુળમાં સોળ દાંતમાં આઠ, જીભમાં પાંચ, તાળવામાં નવ, ગળામાં અઢાર, અને આખ મુખમાં ત્રણ, એમ મુખરોગો સડસઠ છે.

ઉપાય—(૧) દંતમંજન નામની અમારી દવા વાપરનારને મુખરો થતાજ નથી અને થએલાને મટાડેછે.

ઉપાય—(૨) ગિરિચુર (મુખપાકની અકસીર દવા) આ દવા અવા મોઢાનું આવવું, અંદર છાલાં, ચાંદી વીગેરે દરદો મટાડેછે. આ દ

ગળાનું દુઃખવું અને તાળવામાં લાલ થવું (ચાંદી થવી) વીગેરે મટાડેછે.

ઉપાય—(૩) વજર દંતમંજન, હાલીગએલા દાંતોનેમાટે આ મંજન વાપરવું.

ઉપાય—(૪) મુસ્તાદી ગુટીકા, હાલીગએલા દાંતનેમાટે વજરદંત મંજન ઘસી, મોઢું પાણીથી સાફ કરી, કોગળા કરીને આ ગોળી મોઢામાં રાત્રે સુતીવખતે રાખવાથી દાંત મજબૂત થાય છે.

સ્ત્રીઓના રોગનો અધિકાર.

પ્રદર (લોહીવા) નાં કારણ તથા સંખ્યા—વિરૂદ્ધ ભોજનથી, મધપાનથી, જમીને જમવાથી (અજીર્ણથી) ગર્ભપાત તથા બહુ મૈથુનથી, વાહનોમાં બેસી બહુ ફરવાથી, ઘણો પંથ કરવાથી, બહુ ભાર ઉપાડવાથી, અભિઘાતથી અને દિવસે સુવાથી સ્ત્રીઓને પ્રદરરોગ થાય છે.

કફથી, પિત્તથી, વાયુથી, અને ત્રણે દોષથી થએલો એમ પ્રદરરોગ ચાર પ્રકારનો થાયછે તેમાં કફના પ્રદરથી લોહી વધારે જાય છે.

લક્ષણ—દુષ્ટ રૂતુનો અત્યંત સ્ત્રાવ તથા અંગ ભંગ અને શુળ થાય તે રોગ પ્રદર કહેવાય છે.

બહુ લોહી જવાથી દુર્બળતા, શ્રમ, મૂર્ચ્છા, મંદ, તરશ, બળતરા, મુતા તંદ્રા, અને વાતાક્ષેપ આદિ રોગો થાય છે.

અસાધ્ય લક્ષણ—જેને નિરંતર લોહી વહેતું રહે, તૃષા, દાહ અને તાવ રહેતો હોય, નબળી અને ક્ષીણરૂધીરવાળી હોય તે અસાધ્ય લક્ષણ કહેવાય.

પ્રદરમહાનાં લક્ષણ—દરમહિને ચીકણા તંતુઓ વગરનું દાહ કે વગરનું પાચ રાત્રીસુધીજ રહેનારૂં તથા બહુ પણ નહિ અને થોડું

પણ નહિ એવું રજ વહે તો જાણવું કે પ્રદરરોગ મટયો છે. એમ જાણી દવા બંધ કરવી.

ઉપાય—રક્તપ્રદરની દવા પહેલેજ દિવસે ફાયદો કરે છે. અને ત્રણ દિવસમાં પ્રદરનો રોગ બિલકુલ મટી જાય છે.

ડબી ૧ ની કિંમત રૂ. ૨-૮-૦.

સ્વેતપ્રદર (સોમરોગ પણ કહેછે.)

શ્વેતપ્રદર થવાનું કારણ—અત્યંત મૈથુન, શોક, અને શ્રમથી તથા અતિસાર અને ઝેરના યોગથી. સ્ત્રીના આખા શરીરમાંનો પાણીનો ભાગ ક્ષોભ પામીને સ્રવેછે. એ રીતે સ્થાનથી ભ્રષ્ટ થઈને એ પાણી મૂત્રના માર્ગમાં જાય છે.

લક્ષણ—પ્રસન્ન, નિર્મળ, શીતળ, ગંધરહિત, ધોળા અને વેદના વગરના બહુ પાણી સ્રવેછે. એ પાણીનો વેગ રોકી નહીં શકાવાથી દુર્બળ થએલી સ્ત્રીને સુખ થતું નથી. માથું શિથિલ થઈ જાય છે. મૂખ અને તાળવું સુકાય છે. મૂર્ચ્છા અને બગાસાં આવેછે, પ્રલાપ, થાયછે ચામડી બહુજ રૂક્ષ થઈ જાય છે. અને ભક્ષ્ય ભોજ્ય કે પીવાના પદાર્થોથી તૃપ્તી થતીજ નથી; એ પાણી શરીરને ધારણ કરનાર હોવાથી સોમ કહેવાય છે; અને આ રોગમાં એ સોમનો ક્ષય થાય છે. તેથી તે સોમરોગ કે સ્વેતપ્રદર કહેવાય છે.

મુત્રાતિસાર કોને કહેવો ?—લાંબા કાળથી થએલા સોમરોગ (સ્વેત પ્રદરમાં) જો મુત્ર બહુ નીકળવા માંડે તો તે મુત્રાતિસાર કહેવાય છે તે બળનો અત્યંત નાશ કરી નાંખેછે.

ઉપાય—(૧) સ્વેતપ્રદરની દવા વાપરવી. જેની કિંમત રૂ. ૨-૮-૦ છે તે સ્વેતપ્રદરને માટે રામબાણ છે.

ઉપાય—(૨) હરફારેવડીકલ્ક નામની દવા મધ અને સાકરમાં પીવાથી પણુ મટે છે.

યોનિરોગ.

કારણુ—મિથ્યા આહારથી, દુષ્ટ થએલ વાતાદીદોષોથી, દુષ્ટ થએલ રજથી, તથા પુરૂષના દુષ્ટ વિર્યથી, તથા વખતે દૈવગતિથી પણ યોનિરોગ થાય છે.

યોનિરોગનાં નામ તથા પ્રકાર—ઉદાવૃતા, વંધ્યા, વિપ્લુતા, પરિપ્લુતા અને વાતલા, એ પાંચ યોનિરોગો વાયુથી થાય છે. લોહિતક્ષરા, પસ્ત્રસિનીવામની, પુત્રઘ્ની, અને પિત્તલા એ પાંચ પ્રકારના યોનિરોગો પિત્તથી થાય છે. અત્યાનંદા, કર્ણિની આનંદચરણા, અતિચરણા, અને શ્લેષ્મમાલા એ પાંચ યોનિરોગો કફથી થાય છે. પંડી, અંડિની, વિવૃતા સૂચીવક્ત્રા અને ત્રિદોષિણી એ પાંચ યોનિરોગો ત્રણે દોષોથી થાય છે.

યોનિકંદ થવાનું કારણુ—દિવસે સુવાથી અત્યંત ક્રોધ તથા પરિશ્રમથી અને અત્યંત મૈથુન તથા નખ કે દાંતના ક્ષતથી, પોતપોતાનાકારણોથી, પ્રકોપ પામેલા વાયુ વીગેરે દોષો યોનિકંદ નામનો રોગ ઉત્પન્ન કરેછે.

યોનિકંદનું લક્ષણુ—પરૂ તથા લોહી જેવો અને ફણસ જેવા આકારવાળો ગાંઠો યોનિમાં થાયછે તે યોનિકંદ કહેવાય છે.

ઉપાય—(૧) યોનિરોગ નીવારણ ગુટીકા, યોનિમાં પેરવાથી યોનિરોગ મટેછે તેમજ સંકોચ થાય છે.

ઉપાય—(૨) રસાજનાદિક ઔષધ, યોનિમાં લગાડવાથી મટેછે.

ઉપાય—(૩) (વરા) નામની દવા ઉકાળી તેમાં મધ નાંખી પીવાથી અને રસાજનાદિક લગાડવાથી યોનિકંદ મટેછે.

ઉપાય—(૪) યોનિના દરદની હકીકત લખી મોકલવાથી પણ તેને લાગુ પડે તેવી દવા અમો વ્યાજબી કીંમતે મોકલીએ છીએ.

ગર્ભપ્રકરણ.

ગર્ભસ્રાવ તથા ગર્ભપાતનું કારણ.

મૈથુન, પંથ, વાહનપર બેસવું, પરિશ્રમ, અત્યંત દબાણ, જ્વર, ઉપવાસ, ઠેકવું, પ્રહાર, અજીર્ણ, દોડવું, વમન, વિરેચન (રેચ) ક્લેશ ગર્ભ પાડનારા પદાર્થોનો ઉપયોગ કરવો, તીક્ષણ ક્ષારો, અને ઉષ્ણ, તીખા, કડવા, પદાર્થોનું સેવન, ખરાબ આસન ખરાબ સયન અને ભયથી ગર્ભસ્રાવ કે ગર્ભપાત થાય છે.

ગર્ભસ્રાવ કે ગર્ભપાત થવાનો હોય ત્યારે શૂળ તથા રક્તસ્રાવ દેખાય છે. ચોથા માસસુધી રક્તરૂપે ગર્ભનો સ્રાવ થાય છે તેને ગર્ભ સ્રાવ કહે-છે. ચોથામાસ પછી ગર્ભનું શરીર કઠણ થાય છે. અને ત્યારપછી તે પડી જાય તો તેને ગર્ભપાત કહેછે.

દ્રષ્ટાંત—જેમ દીંટામાં વળગી રહેલું ફળ વાગવા વીગેરેથી અકાળે તુટીને પડી જાયછે તેમ વિષમ, આસન, અભિઘાત અને દબાણ વીગેરેથી અકાળેજ ગર્ભ પણ પડી જાય છે.

ગર્ભપાત થાય ત્યારે બળતરા, પડખામાં શૂળ, પીઠમાં દુઃખ, પદર, પેડુનું ચડવું, અને મૂત્રની અટકાયત થાય છે.

ગર્ભ એક જગ્યાએથી બીજી જગ્યોએ જાય તો અમાશય તથા પક-વાશય વીગેરેમાં ક્ષોભ તથા ઉપર લખેલાં ગર્ભપાતનાં લક્ષણો થાય છે.

ઉપાય—(૧) ગર્ભવંતી સ્રીને જો ગરમી (રતવા)થી ગર્ભપાત થતો હોય તો કંદર્પચુર્ણનાં ત્રણ મહિને ત્રણ પડીકાં પાંચ માસે પાંચ અને સાતમા

માસે સાત પડીકાં વાપરવાથી ગર્ભનું રક્ષણ થશે. કીંમત પડીકાં પંદરની રૂ ૧-૦-૦.

ઉપાય—(૨) ગર્ભપાળ રસ ગર્ભના તમામ દોષો મટાડેછે.

ઉપાય—(૩) ગર્ભવંતી સ્ત્રીને માસિક ઉપચારો કરવાથી તમામ રોગ મટેછે.

૧—પેલા માસવાળી સ્ત્રીને ધરાખ્ય જઈ ૨ાા ભાર, ધાણા જઇ ૨ાા ભાર, તેનાં પડીકાં નં. ૩ ત્રણ કરવાં. પડીકું ૧ એક, રાત્રે પાશેર પાણીમાં પલાળી સવારમાં વાટી તેમાં સાકર જઇ ૧ ભાર નાંખી પાવું. એ રીતે ત્રણ દિવસ પાવાથી પેલા માસવાળી સ્ત્રીના ગર્ભ સબંધી અગર દેહસંબંધી રોગ મટશે.

૨—બીજા માસવાળીને ટોપરૂં જઈ ૨ બેભાર તથા બદામનાં મીંજ જઇ ૨ બેભાર ત્થા સાકર જઈ ૨ બેભાર. ત્રણેને વાટી તેનાં ચાર પડીકાં કરવાં તેમાંથી પડીકું ૧ સવારમાં ફાકવું. એવીરીતે ચાર દિવસ એક એક પડીકું ફાકવાથી વ્યાધી મટશે.

૩—ત્રીજા માસવાળીને શ્રીફળની વચલી ચોટલી જઈ ૧ા ભાર, પીંપર જઇ ૧ા ભાર, હરડેદળ જઈ ૦ાા ભાર એ ત્રણેને વાટી ખોખરૂં કરી પડીકાં નં. ૩ કરવાં. તેમાંથી સવારમાં એક પડીકું પાણી શેર ૧ માં ઊકાળી નવટાંક પાણી રહે એટલે પીવું. એવી રીતે ત્રણ દિવસ પીવાથી ત્રીજા માસવાળીના રોગ મટેછે.

૪—ચોથા માસવાળીને પારસપીપળાનાં ફળની છાલ જઇ ૧ ભાર, જેઠીમધનું લાકડું જઇ ૧ ભાર, હીમેજ જઈ ૧ ભાર તેને વાટી તેનાં પડીકાં નં. ૩ કરવાં અને સવારમાં પડીકું ૧ લઇ તેમાં મધ જઇ ૧ ભાર મેળવી ચટાડવું; એવીરીતે ત્રણ દિવસ ચટાડવું.

૫—પાંચમાસવાળી સ્ત્રીને પાસાણભેદ જઇ ૧ ભાર, જાયફળ જઇ ૧ ભાર, પીંપર જઇ ૧ ભાર ત્રણે વસ્તુ ઝીણી ખાંડી ત્રણ પડીકાં કરી એક પડીકું ગાયના પાશેર દુધમાં નાંખી સવારમાં પીવું; એવી રીતે ત્રણ દિવસ પીવું.

૬—૭ માસવાળીને બાવળનાં ફુલ જઇ ૧ ભાર, જાવંત્રી જઇ ૧ ભાર, તથા સુંઠ જઇ ૧ ભાર, લેઇ વાટી ત્રણ પડીકાં કરવાં; તેમાંથી એક એક પડીકું લેઈ ગાયનું ઘી પૈસા ભાર મેળવી ચાટી જવું ત્રણ દિવસ એ પ્રમાણે ચાટવું.

૭—સાતમા માસવાળીને વડનાં દીટાં સુકાં જઇ ૧ ભાર, રાળ જઇ ૧ ભાર એ જણુસો વાટી ઝીણી કરી પડીકાં નં. ૩ કરી પડીકું નં. ૧ સવારમાં ભિના પાણી સાથે ફાકવું એ રીતે ત્રણ દિવસ કરવું.

૮—આઠમા માસવાળીને લવીંગ જઈ ૦॥ ભાર, કચુરો જઈ ૦॥ ભાર, ચણીકબાબ જઈ ૦॥ ભાર, અજમો જઈ ૦॥ ભાર સર્વે ઝીણું વાટી પડીકાં નં. ૪ કરી સવારમાં પડીકું નં. ૧ ટાઢાં પાણીમાં પીવું એવી રીતે દિવસ ચાર પીવાથી તમામ દરદો મટશે.

૯—નવમા માસવાળીને ખડવા જઇ ૦। ભાર, પીંપળી મુળ જઇ ૦। ભાર, ચોખા જઈ ૦। ભાર; તેને ઝીણા વાટી ખજુર જઇ ૫ ભારના ફોલમાં મેળવી તેની ગોળીયો નં. ૪ કરી દિવસમાં એક ગોળી સવારમાં ખાવી.

૧૦—દશમા માસવાળીને રતાંદળી જઇ ૧ ભાર, સુખડ જઈ ૧ ભાર, બેડાની છાલ જઈ ૧ ભાર, આંબળાં જઇ ૧ ભાર, ખાંડ જઈ ૧ ભાર, તે સર્વેને વાટી પડીકાં નં ૪ કરવાં. તેમાંથી પડીકું નં. ૧ લેઇ સવારમાં ચોખાના ધોવરામણમાં નાંખી પી જવું; એવી રીતે દિવસ ચાર કરવું.

ગર્ભવંતી સ્ત્રીને ઉપર કહેલો જે માસ જતો હોય તે માસમાં લખેલી દવા કરવાથી તે માસનો ગમે તે રોગ મટશે વૈદે, અગર બતાવનારે, અગર દવા આપનારે, આ ગર્ભવંતીની દવા સાથે કાંઇક ધર્માદા કરાવવું. છેવટ કૂતરાને રોટલાજ નંખાવવા.

ઉપાય—(૪) ગર્ભવંતી સ્ત્રીને તાવ આવતો હોય તો તાવની રામબાણ દવા વાપરવી; ઉધરસ હોય તો બહુશલ્ય ગુટીકા વાપરવી, અતિસાર ઝાડાનું દરદ હોય તો સ્થંભન ગુટીકા વાપરવી અને ઉપર દશ માસમાં બતાવેલાં જે માસનું દરદ હોય તે માસની દવા વાપરવી. જેથી તમામ રોગ મટશે.

પ્રસવ (જણવું)ના મહિના,

ગર્ભવંતી સ્ત્રી નવમે, દશમે, અગીયારમે કે બારમે મહિને જણેછે. અને જો કાંઇ વિકાર હોય તો એથીપણ વધારે મુદતે જણેછે.

કષ્ટ થાય અને પ્રસવ તુરત ન થાય તેનો ઉપાય—

૧—મીંઢળીની યોનિની ચોતરફ ધુણી દેવી.

૨—પોથીનાં મુળને કાળાતલના તેલમાં મેળવીને તેનો યોનીમાં લેપ કરવાથી સ્ત્રીને સુખથી પ્રસવ થાયછે.

૩—પીંપર તથા વજને પાણીમાં વાટીને એરંડીયા તેલમાં મેળવીને તેનો લેપ નાભીઉપર કરવો તેથી સુખથી પ્રસવ થાય છે.

૪—ઉપરના ઉપાયોથી પ્રસવ ન થાય તો અમારી પાસેથી દવા મંગાવી રાખવી જેથી તે વાપરવાથી દરદ થઈ સુખેથી ગર્ભનો પ્રસવ થાયછે.

ઓર પેટમાં રહી જાય તેનો ઉપાય.

ઓર પાડવાને માટે ધુમાડી લેવાની તથા પીવાની દવા અમારે ત્યાં મળેછે. તે મંગાવવી.

સુવારોગ અને તેનાં નામો.

અંગ, ભંગ, જવર, ઉધરસ, તરસ, ગાત્રોનું ભારેપણું, સોજો, શુળ, અતિસાર, પેડુનો આફરો, બળક્ષય, તંદ્રા, અરૂચિ, મોળ એ સુવા રોગો છે.

ઉપાય—૧ સુવારોગનાં પડીકાં અમારે ત્યાંથી રૂ. ૧ નાં આઠ મળે છે. તે તમામ જાતના સુવારોગો મટાડેછે.

ઉપાય—૨ સોભાગ્ય સુંઠ તે પણ અમારેત્યાંથી મળશે.

બાળકના રોગો.

૧—બાળકને તાવ આવે તો તાવની રામબાણ દવાનો ઉપયોગ કરવો.

૨—બાળકને અતિસાર (ઝાડો) થયો હોય તો સ્થંભનગુટીકા વાપરવી.

૩—બાળકને ઉધરસ થઇ હોય તો અમારી ઉધરસની દવા વાપરવી.

૪—બાળકને ઉટાંટીયો (મોટી ઉધરસ) થઈ હોય તો તેની દવા પણ અમારી પાસેથી મંગાવવી.

૫—વરાદ (વાવળી) થઇ હોય તો વરાદની રામબાણ દવા વાપરવાથી તુરત મટેછે. આ દવા તાવના જેવી અસરકારક છે. માટે અમારી ખાસ ભલામણ છે કે બચ્ચાંને વરાદથી બચાવવું હોય તો તેણે અમારી વરાદની રામબાણ દવા મંગાવી રાખવી.

૬—ભારની ગોળી અઠવાડીયામાં એક વખત આપવાથી બાળક નીરોગી રહેછે અને કાંઇપણ રોગ થતો નથી. તેમજ બાળકને જુલાબ આપવામાં ભારની ગોળી સરસ છે. માટે તે વાપરવા અમારી ભલામણછે.

૭—બાળકને વિજયરસ આપવાથી બાળક બહુજ નીરોગી અને પુષ્ટ થાય છે.

૮—બાળક સુકાતું હોય તો બાળકપુષ્ટની દવા વાપરવી.

પ્રમેહ (પરમિયો) પરમો.

સંયોગ જન્ય ઇંદ્રિયરોગમાં આ રોગ મુખ્ય થઈ પડયો છે. થોડાજ પુરૂષો આની વધતી કે ઓછી પીડામાંથી મુક્ત રહ્યા હશે. ઘણાં જુદાંજુદાં કારણોમાંથી તે થાયછે કે એક અથવા બીજી ભુલ આપણાથી થયા વિના રહેતી નથી અને તેથી તેનો ભોગ થઇ પડાય છે; એક વખત થયા પછી થોડો વખત અદ્રષ્ય રહી તે એકાએક પાછો દેખાઈ આવેછે. પરમો થવાનાં

ઘણાં કારણો છે અને તે પરમાની ઘણી જાતો છે. અને કેટલાક તો ખરી દવા વગર સારા થવા પણ મુસ્કેલછે. આ દરદને ઘણુંકરી બધા માણસો સેજ ઓળખી શકેછે. આ રોગ ઘણુંકરીને ઘણા માણસોને ખરાબ સ્ત્રીના સંગમથી થાયછે. આ રોગ પેશાબ બહાર આવવાની નળીમાં તીક્ષ્ણવરમ થાયછે. અને તેથી પેશાબમાં આગ બળેછે. તથા દુખાવાની સાથે, પેશાબની સાથે પરૂ નીકળેછે અને કેટલાકને પરૂ આવ્યા કરેછે, ઇંદ્રિ સુજી જાયછે અને ઘણી વેદના થાયછે. આ રોગને ઉપરના નામથી ઓળખવામાં આવેછે.

કારણ—ગુણિકાઓ કે જે વ્યભીચારીણીઓ કે જેને ત્યાંઘણા લોકોનો પરિચાર હોયછે ત્યાં તેની ઉત્પત્તિ થવાનો વિશેષ સંભવ છે. રજસ્વલાના વખતમાં પણ સ્ત્રીગમન કરવાથી આ રોગ થાયછે. જે સ્ત્રીને ધાત જતી હોય અથવા યોનિનો એકાદ રોગ હોય તેની સાથે ગમન કરવાથી પણ આ રોગ ઉત્પન્ન થાયછે. અનિયમિત અથવા અતિશય વિષયમાંથી પણ પ્રમેહની ઉત્પત્તિ છે; તેમજ વળી મહર્ષિઓએ કહેલુંછે કે, ઘણીવાર બેશી રહેવું, ઘણી નિંદ્રા લેવી, દહીં તથા જળચર પ્રાણીઓનું ભક્ષણ કરવું, દૂધ, નવાં અન્ન, ગોળ તથા ગોળના પદાર્થો અને સર્વે કફકારી પદાર્થોનું અતિ સેવન કરવાથી પ્રમેહ થાયછે.

જેઓને પ્રમેહ થાયછે તેમાંના કેટલાક ખરૂં કારણ છુપાવી કહેછે કે, ગરમ ચીજો ખાવાથી અને તડકામાં ફરવાથી અથવા સ્વપ્નામાં ધાત જવાથી આ રોગ થયો છે. પણ તેઓનું એ બોલવું સાચું નથી, કેમકે પ્રમેહ ઘણે ભાગે ચેપ લાગવાથી થાયછે.

પ્રમેહનાં ચિન્હ—સ્ત્રીગમન કર્યા પછી પેલા અથવા બીજા અઠવાડીયામાં દેખાવ દેછે. રોગની શરૂઆતમાં ઇંદ્રિના મુખ ઉપર ચુંટ (ખરજ) આવેછે, મુત્રછિદ્ર લાલ થઈ આવેછે, તેપર જરા સોજા જેવું લાગેછે અને તે જરા ખુલ્લું રહેછે અને તેમાંથી પહેલાં તો ધોળો પદાર્થ (રસી) નીકળે છે. ચુંટ (ખરજ)માંથી વધતાં વધતાં તણખા મારવા લાગેછે. ધોળો પદાર્થ નીકળતો હતો તેને બદલે થોડી મુદતે પરૂ નીકળવા માંડેછે. પેશાબ કરતાં

આગ બળેછે અને તણુખા મારેછે, પેશાબ થોડો થોડો ઊતરેછે અને દરદીને પેશાબની હાજત બહુજ રહ્યા કરેછે. પરૂ સુકાઇને પેશાબ આવવાનું છીદ્ર બંધ થઈ જાયછે તેથી દરદીને ઘણું દરદ થાયછે અને બળાત્કારે પેશાબ થાયછે. કોઈ કોઇવાર પરૂ વધારે નીકળેછે અને આખો દિવસ વહ્યા કરેછે; ધીમે ધીમે જેમ જેમ મુદત થાયછે તેમ તેમ પરૂ તેનો રંગ બદલીને પીળું થાયછે અને જો સોજો વધારે હોય તો લીલાશ પણ પકડેછે, કોઇ વખત પરૂ સાથે લોહી પણ નીકળેછે. કોઇને જાડું પરૂ પણ આવેછે, વળી કોઇને તેની સાથે તાવ પણ આવેછે, શરીર બેચેન રહેછે, જેમ જેમ દરદ વધતું જાયછે તેમ તેમ ઇંદ્રિનો સોજો થતો જાયછે. કેટલાકને વૃષણમાં ભાર જેવું લાગેછે, કમરમાં અને તેની આસપાસના સાંધાઓમાં દુખાવો થાયછે, પેશાબ કરતી વખતે પેશાબની ધાર એક કરતાં કેટલાકને વધારે થાયછે, રોગનું જોર પુર્ણરૂપમાં આવ્યા પછી મુત્રાશયમાં અથવા તેના મુખ પાસે દુખાવો થાયછે, કોઇ વાર મુત્રદ્વાર સુજીને નાનું થઈ જાયછે. આ રોગમાં કોઇને બદ પણ થઈ આવેછે પણ તે ઘણુંકરીને પાકતી નથી. કોઈના વૃષણ સુજી આવેછે, ઇંદ્રિ આપોઆપ જાગૃત થાયછે, કોઈ વખત તે રાત્રે જાગૃત થઇ કોઇને વાંકી વળી જાયછે અને બહુજ પીડા કરેછે. કેટલાકને આ રોગમાંથી સંધીવા પણ થાયછે. કેટલાક દરદીઓને આંખે સોજો તથા પીડા થાયછે. આ રોગમાં બેકાળજી રાખવાથી મુત્રગાંઠ થઇ મુત્રમાર્ગનો સંકોચ કરેછે અને તેથી દરદીને વધારે પીડા થાયછે. તથા કોઇને બેસણીમાં પણ કળતર થાયછે.

આ રોગ ઉપાય કર્યા વગર લાંબોવખત રહેવાથી જેને આપણે જુનો પ્રમેહ કહીએ છીએ તે થાયછે. વીસ પચીશ દિવસ પછી પરૂનો રંગ બદલાવા માંડેછે, પીડા ઓછી થાયછે અને પેશાબમાં બળતી આગ ધીમે ધીમે નરમ પડેછે પછી ઠંડો પ્રમેહ રહેછે.

આ રોગ ઘણા દિવસ રહેવાથી શરીરમાં, ખભા ઉપર, વાંસામાં, સાથળના મુળમાં, છાતી ઉપર એમ શરીરના જુદા જુદા ભાગમાં પીટિકા

એટલે નાની ફોલ્લીયો થાયછે, જેને પ્રમેહપીટિકા કહેછે. કેટલાકને વચમાં ઊંડી અને કોર ઉપડતી એવી ફોલ્લીઓ થાયછે, તે શરાવિકા કહેવાયછે. સરસવના દાણા જેવી પીળી કેટલાકને થાયછે, તે સર્ષવિકા કહેવાયછે.

કેટલાકને મસૂરની દાળ જેવી ફોલ્લીઓ થાયછે તેને મસૂરિકા કહેછે. કોઇને રાતી અને કાળાશપર પણ ફોડકીઓ થાયછે. પ્રમેહનાં જુદાં જુદાં લક્ષણો ઉપરથી મહા રૂષિઓએ પ્રમેહના જુદા જુદા ભાગ કર્યા છે. શરીરમાં રહેલા વાત, પિત્ત અને કફ એ દોષોના કોપથી જુદી જુદી જાતના સ્વરૂપવાળા પ્રમેહ થાયછે.

કફથી દશ પ્રમેહ થાયછે તે સાધ્ય છે. પિત્તથી છ પ્રમેહ થાયછે તે કષ્ટસાધ્ય છે અને વાતથી થએલા ચાર પ્રમેહ અસાધ્ય છે.

કફનાં દશ પ્રમેહનાં લક્ષણ નીચે પ્રમાણે:—

૧—ઉદકમેહ—એમાં મુત્ર આછું, બહુઘણું, ધોળું, ટાઢું, પાણી જેવું અને કાંઇક મેલું તથા ચીકણું આવેછે.

૨—ઇક્ષુમેહ—શેરડીના રસજેવું મીઠું અને બહુ મુત્ર નીકળેછે તેને ઇક્ષુમેહ કહેછે.

૩—સાદ્રમેહ—સાદ્રમેહમાં મુત્ર રાતવાશી રહેવાથી જાડું થઇ જાયછે.

૪—સુરામેહ—એમાં મુત્ર મદીરાજેવું, ઉપરથી આછું અને નીચેથી જાડું નીકળેછે.

૫—વિષ્ટમેહ—વિષ્ટમેહમાં પેશાબ કરતાં રૂવાડાં ઉભાં થાયછે અને લોટજેવું ધોળું, ઝાડું મુત્ર નીકળેછે.

૬—શુક્રમેહ—શુક્રમેહમાં વિર્યજેવો અથવા વિર્યવાળો પેશાબ આવેછે.

૭—સિકતામેહ—આ પ્રમેહમાં, મુત્રમાં રેતીજેવી ઝીણી અને છુટી છુટી કફની કણીઓ નીકળેછે.

૮—શીતમેહ—આમાં ઘણીવાર મીઠું અને ટાઢું મુત્ર નીકળેછે.

૯—સનૈમેહ—આમાં ધીમે ધીમે એટલે ટીપે ટીપે પેશાબ આવેછે.

૧૦—લાલામેહ—આમાં લાળના જેવું ચીકણું તાંતણાવાળું મુત્ર નીકળેછે. અને કોઇને તેલીયા રંગનો પેશાબ પણ થાયછે.

ઉપર કહેલા દશ પ્રકારના કફથી થએલા પ્રમેહો બીજા પ્રમેહો કરતાં સહેલાઇથી મટી શકેછે. આવા પ્રમેહના દરદીઓને અન્ન પાચન થતું નથી, અરૂચી થાયછે, બકારી આવેછે, કોઇવાર તાવ અને ઉધરસ પણ જણાયછે અને કેટલીકવાર શરદી થઇ આવેછે (સળેખમ) થાયછે.

પીતના દોશથી છ જાતના પ્રમેહ થાયછે તેનાં નામ નીચે મુજબ.

૧—ક્ષારમેહ—ક્ષારમેહમાં ખારાં પાણીજેવી ગંધ, વર્ણ રસ, અને સ્પર્ષવાળું મુત્રાયછે એટલે બે રંગમાં તથા સ્પર્ષમાં પણ ખારના પાણી જેવું લાગેછે.

૨—નીલમેહ—નીલજેવું મુત્ર નીકળેછે એટલે ચાર પક્ષીના રંગને મળતો પેશાબ આવેછે.

૩—કાલમેહ—કાલમેહમાં કાજળજેવું કાળું મુત્ર નીકળેછે. (શાહી) જેવો પેશાબ આવેછે.

૪—હારિદ્રમેહ—તીખું, હળદર જેવું, અનદાહ કરનારૂં મુત્ર નીકળેછે એટલે રંગે પીળો, સ્વાદમાં તીખો, અને ગરમ હોયછે.

૫—માન્જિષ્ટમેહ—માજીષ્ટ મેહમાં કાચા પદાર્થજેવી ગંધવાળું અને મજીઠના પાણીજેવા રંગવાળું મુત્ર નીકળેછે.

૬—રકતમેહ—રકતમેહમાં ગરમ, ખારૂં અને લોહીના રંગજેવું મુત્ર નીકળેછે.

ઉપરના છ, પિત્તથી થએલા પ્રમેહ કષ્ટસાધ્ય એટલે મુસ્કેલીએ મટેછે. પિત્તના પ્રમેહોથી લીંગમાં પીડા, શૂળ (શળ ધોચવા જેવું થાયછે.) કેટલાકને વૃષણોની ચામડી ફાટી જાયછે. તાવ આવેછે, બળતરા થાયછે, તરસ લાગેછે, ખાટા ઓડકાર અથવા ધચરકા આવેછે અને પાતળો દસ્ત આવેછે અને કેટલાકને એવી પીડા થાયછે કે મુર્છા પણ આવી જાયછે.

વાતથી અથવા વાયુથી થનારા પ્રમેહ.

૧—વસામેહ—વસામેહમાં પેશાબ પરબી જેવો અથવા વસા (મરઘી) મીશ્રીત પેશાબ વારંવાર થાયછે.

૨—મજ્જામેહ—મજ્જામેહમાં પેશાબ મજન મિશ્રીત અને વારંવાર થાયછે.

૩—ક્ષૌદ્રમેહ—(મધુમેહ)માં તુરો, મીઠો અને ચીકણો પેશાબ આવેછે.

૪—હસ્તીમેહ—હસ્તીમેહમાં કોઇ મદગજના (મદવાળા હાથીના) ગંડસ્થળમાંથી જેવો મદ ઝરેછે તેવો વેગરહીત અને થોડો થોડો પેશાબ થાયછે.

ઉપરના ચાર વાતપ્રમેહ અસાધ્ય ગણાયછે. તેમાં ઉદા, વર્ત, કંપ, છાતીની પકડ (હૃદય) એનો નિરોધ થાયછે; શૂળ, ચપળતા, નિદ્રાનો નાશ થાયછે, પાણીનો સોષ પડેછે, સ્વાંસ ચડેછે, ઉધરસ પણ કેટલાકને થાયછે અને રોગી પરેજી કરવા અરૂચી રહેછે.

પ્રમેહવાળાને મુત્ર બહુ થતું હોય અને ઘણી ફોલ્લીઓની પીડા થતી હોય, મુર્ચ્છા, ઉલટી, તાવ, શ્વાસ, ઉધરસ, વિષર્પ, અને ભારેપણું હોય તો તે રોગીને માંડ માંડ ઔષધ લાગુ પડેછે.

વિશેષેકરીને સર્વ પ્રમેહમાં મુત્ર મધુર હોયછે તેથી કેટલાક દેશમાં તેને મધુપ્રમેહ અથવા મીઠો પેશાબ પણ કહેછે.

પ્રમેહમાં નીચેનો ખોરાક લેવાથી ફાયદો થાયછે. સ્યામો, કોદરા, કોરડ, ઘઉં, ચણા, તુવેર, કલથી, જવ, મગ, ચોખા, સાંઠીચોખા, તથા કડવાં શાકો આ પ્રમેહવાળાને હીતકારી છે.

પ્રમેહમાં નીચેના પદાર્થો તજવાં—સુરા, છાશ, તેલ, દુધ, ઘી, ગોળ, ખટાઇ, શેરડીનો રસ, અને લોટના પદાર્થો, અન્ન જળ માંહેલાં પ્રાણીઓ પ્રમેહવાળાને અહીતકારી છે.

પ્રમેહના ઉપાયો.

પ્રમેહવાળાને પ્રથમ જુલાબ દેવો તે અશ્વચોળીનો દેવો અને તે

ગાયના દહીંમાં અથવા ભેંસના દહીંમાં આપવો જેથી બળતરા મંદ થશે. દહીં નવટાંકથી પાશેર સુધી લઇ તેમાં અશ્વચોળીની બે ગોળી નાંખી પી જવું.

પ્રમેહને માટે ઘણા ઘણા ઉપાયો છે. પણ તેમાં કેટલાએક ઉપાયો કરતાં છેવટે અમારી પાસેથી પરમીયાની રામબાણ દવાનો ઉપયોગ કરાવી ઘણા શખ્સોને આરામ થયો છે અને તેઓનાં સર્ટિફીકેટો પણ અમારી પાસે છે. માટે અમો પરમીયાની રામબાણ દવા વાપરવા ખાસ ભલામણ કરીયે છીએ. કોઈ પરમીયાના દર્દીને ઇંદ્રિમાં બહુ અગન બળતી હોય અથવા પેશાબ વખતે અગન બળતી હોય તો તેણે ગિરિરસ નામની દવા એક રૂપીયાની મંગાવી વાપરવી. પ્રથમ અશ્વચોળીનો જુલાબ લેવાય તો સારૂં પછી પરમીયાની રામબાણ દવા વાપરવી જેથી પરમીયો ઉપર બતાવેલા તમામ જાતના મટશે.

પરમીયો ઘણો જુનો હોય અને તેની કચાશ રહેતી હોય તો એક તોલો વંગભસ્મ મંગાવી વાપરવી. જેથી પરમીયો મટશે અને ધાતુ સુધરશે.

પરમીયો મટે અને સ્ત્રીસંગમાં ધાતુ નબળી રહે તો ચંદ્રપ્રભા ગુટીકા અથવા શક્તિસજીવન વાપરવી. જેથી વિષયની વાંચ્છના મનઇચ્છિત પાર પડશે.

પરમીયો મટયા પછી સાંધા દુઃખતા હોય તો "શક્તિસજીવન યાને વિર્યનો ઝરો" નામની દવા વાપરવી. તાવ આવતો હોય તો તાવની રામબાણ દવા વાપરવી. ઉધરસમાં ઉધરસની વીગેરે જે જે દરદો દેખાય તે તે દવાઓ વાપરવાથી સરવે દરદો મટશે.

ઉપાય—(૧) પરમીયાની રામબાણ દવા પ્રથમ વાપરવી.

ઉપાય—(૨) વંગભસ્મ.

ઉપાય—(૩) ગિરિરસ.

ઉપાય—(૪) ચંદ્રપ્રભા ગુટીકા.

ઉપાય—(૫) શક્તિસજીવન યાને વિર્યનો ઝરો.

ઉપદંશ (ચાંદી)

નખ કે દાંતના ઘાતથી, નહિ ધોવાથી, મૈથુન બહુ કરવાથી અને દુષ્ટ યોનીના સંગથી વિવિધ પ્રકારની ચાંદીઓ ઇંદ્રિમાં થાયછે.

વિષયી મૂઢ મનુષ્ય ચાંદી થતાંજ તુરતજ ઉપાય કરતો નથી તો કાળે કરીને સોજા, કીડા, બળતરા, અને પાકથી લીંગ ખરી પડીને તે મરણુ પામેછે. ચાંદીનો રોગ અતી ભયંકર છે. જુવાનીના જુસ્સામાં ભુલાવો ખાઇ માણુસ કુદ્રતી નીયમ તોડી રંડીબાજીમાં લપટાય છે તેની શિક્ષા તરીકે આ રોગ થાયછે. આ રોગ ચેપી છે. માબાપને ચાંદી થઇ હોય તો છોકરાને જન્મથીજ ચાંદીનાં ચિન્હો હોય છે. ઘણા લોકો તેને રતવા અથવા ગરમી કહેછે.

આ રોગ, પુરૂષો અને સ્ત્રીઓ બંનેને થાયછે. તેમાં સ્ત્રીઓ કરતાં પુરૂષોને વધારે નુકશાન થાયછે. તેનું કારણુ એજ છે કે સ્ત્રીઓને રૂતુસ્રાવમાં કેટલુંક ઝેર (ગરમી) નીકળી જાયછે.

ચિન્હ—કેટલાક માનેછે કે પ્રમેહમાંથી પણુ ચાંદી થાયછે. પણુ આ વાત સાચી નથી. ચાંદીના ચેપથી ચાંદીજ થાયછે. અને પ્રમેહના ચેપથી પ્રમેહજ થાયછે. ચાંદીના ચેપની અસર જુદા જુદા માણુસો ઉપર જુદી જુદી થાયછે. એકને સખત ઇજાવળી અને બીજાને થોડી પીડાવાળી થાયછે તે પોતાની તન્દુરસ્તી, આહાર વિહાર, અને દવા ઉપર આધાર છે.

પ્રથમ મણિ ઉપર ચાંદુ પડેછે અને થોડુંઘણું પરૂ નીકળેછે. કોઇને મુત્રમાર્ગમાં પણુ ક્ષત પડેછે. અને તે પ્રમેહ જેવું જણાયછે પણુ તે ચાંદીછે. પ્રમેહ અને ચાંદી પરખવાની રીત એવી છે કે ઇંદ્રિમાં ચાંદી હોય તો ચાંદી હોય ત્યાંજ પીડા અને કઢણુ લાગેછે અને પ્રમેહમાં તો આખી ઇંદ્રિમાં પીડા થાયછે.

સ્ત્રીગમન પછી ત્રણુ અઠવાડીયાની અંદર ચાંદી થાયછે અથવા સ્ત્રી

ગમનથી ઇંદ્રિ છોલાવાથી પણ તરત થાયછે, શરીરમાં તેનો ચેપ પ્રસરેછે. અને તેથી આખા શરીરમાં અથવા થોડા ભાગમાં લાલ રંગનાં ચાઠાં થાયછે, આને કેટલાક લોક વિસ્ફોટક કહેછે.

ગળામાં આ દરદ થાયછે ત્યારે ગળામાં થોડો થોડો સોજો આવેછે અને દુખાવો થાયછે, ખોરાક ઉતારતાં મહાકષ્ટ થાયછે, કાકડો પાકી ગયા જેવો તથા અડધો ટુટી પડયા જેવો દેખાયછે, મોઢામાં, જીભે. ગાલે, ચાંદાં (ક્ષત) પડી જાયછે; અવાળુ ઉપસેછે.

હાડકાંમાં આ દરદ ઉતરેછે. ત્યારે હાડકાં ઉપરનું પડ સુજી આવેછે. પગનું હાડકું આવી સ્થિતીમાં આવેછે. હાંસડી અને કપાળના હાડકાં ઊપર આ અસર કવચિતજ થાયછે.

કોઇકોઇને હાડકાંનો સોજો ન થતાં સાંધા દુઃખેછે; કોઇકોઇને આંખના રોગો પણ આ દરદને લીધે થાયછે.

ઉપાય—(૧) આ રોગ પરેજ પાળનારને તાકીદે મટેછે.

ઉપાય—(૨) કનકસુંદીર રસનાં પડીકાં પીવાથી આરામ થાયછે.

ઉપાય—(૩) કેસરાદી ગુટીકા.

ઉપાય—(૪) અનુભવી મલમથી ક્ષત મટેછે.

ઉપાય—(૫) અશ્વચોળીથી ગરમીના તમામ રોગ મટેછે.

વિસ્ફોટક.

કારણ—તીખાં, ખાટાં, તીક્ષ્ણ, ઉષ્ણ, દાહક, રૂક્ષ અને ખારાં તથા અજીરણમાં ખાવાથી તડકો તથા રૂતુના અતિ યોગથી અહારવિહારના વિપરીતપણાથી વાયુ વીગેરે દોષો કોપ પામેછે તેથી તેઓ ત્વચામાં રહીને માંસ રકત અને હાડકાંને દુષિત કરીને તાવ સાથે ઘોર વિસ્ફોટકો ઉત્પન્ન કરેછે.

પિત્તથી અને અગ્નિથી બળેલાના જેવાં ફોલ્લાઓ તાવસહિત થાયછે. કોઇને તે ફોલ્લાઓ આખા શરીર ઉપર પણ થાયછે, શરીરે ચાઠાં પણ થાયછે.

ઉપાય—(૧) કનક સુંદીર રસનાં પડીકાં ઉકાળીને પીવાથી વિસ્ફોટક તમામ જાતનાં મટેછે.

ઉપાય—(૨) કનક સુંદીર રસની બાટલીથી પણ મટેછે.

ઉપાય—(૩) અનુભવી મલમ ચોપડવાથી ફોલ્લા તથા ચાંદાં મટેછે.

ઉપાય—(૪) અશ્વચોળીના સેવનથી ચામડીનાં તમામ દરદો મટેછે.

હસ્તદોષ (હાથવડે વિર્યનું ક્ષલિત કરવું.)

જુવાનીની ભુલથી થતા બધા રોગમાં આ રોગ સર્વથી હાનીકારક છે. અને તેથી હેરાન થતા દરદીઓ બહુ જોવામાં આવેછે.

આ ખરાબ લત કુસોબતમાંથી પડેછે. અને તે પણ જ્યારે તેનો ભોગ થઈ પડનાર માણુસ તેના પરિણામને જાણતો નહોય એટલે નાની ઉમરમાં પડેછે. કે જે વખતે વિચાર ન કરતાં જુસ્સાઓ ઉપર તેનું વલણ વધારે હોયછે. હજી તો પુર્ણ જુવાની આવી હોતી નથી ત્યારથીજ પોતે અણુસમજથી, માની લીધેલ સ્ત્રી સંયોગથી થતા સુખની બરોબરી કરે એવી પણ ખરૂં જોતાં અનેક ખરાબી કરનારી એ લતને તેઓ આધીન થાયછે. અને તેથી પરીણામ એવું આવેછે કે, જુવાનીના ખરા સુખને તેઓ સ્વમામાં પણ દેખવા પામતા નથી; શરીરની શક્તિનો પાયો નિર્બળ થાયછે અને આયુષ્ય પુરૂં થયા પહેલાંજ રોગી મરણ પામેછે. અથવા કંટાળી મરવા (આપઘાત કરવા) ઈચ્છેછે જ્યારે બીજાઓને જુવાનીની વસંત રૂતુ ખીલી હોયછે ત્યારે તેઓને ગ્રીષ્મનો સખત તાપ સહન કરવો પડેછે; જે વખતે બીજાઓ યુવાવસ્થાના સુખો ભોગવેછે ત્યારે તેઓ યુવાન છતાં શરીરે ઘડપણ ભોગવેછે.

જુવાનીની ભુલથી બીજા ઘણા રોગો થાયછે પણ જેટલો ફેલાવો આ રોગનો છે તેટલો બીજાનો નહિ હોય કારણકે બીજી ભુલ થવામાં જેટલું જોખમ છે તેટલું આમાં નથી. એકતો આ ક્રિયા એકાંત વાસમાં થવાથી કોઈ જાણતું નથી. એટલે આ ક્રિયા કરનારને ઉત્તેજન મળેછે અને જેમ

પ્રમેહ, ટાંકી (ચાંદી) વીગેરે રોગની માફક તરત ગેરફાયદો જણાતો નથી તેથી ઘણા વખત સુધી આ ક્રિયા ચાલુ રહેછે. કારણકે સંસારનું વાસ્તવીક સુખ પોતે લેતો હોય એમ માનેછે અને તેથી શરીર નબળું પડેછે. શરીર અને મનને નિકટનો સંબંધ છે, શરીરને નબળું કરનાર દરેક સાધન મન શક્તિ ઉપર પણ એવીજ અસર કરેછે. તેજ પ્રમાણે આ હસ્તદોષની બાબતમાં પણ સમજવું શક્તિ જેમ જેમ ઘટતી જાય તેમ તેમ મન વધારે નબળું, સ્મરણશક્તિ ઓછી અને વિચારશક્તિ શુન્ય થતી જાયછે.

આ ખરાબ ટેવથી ગએલી એક વખતની ધાતુ કુદ્રતી સંયોગથી ગએલી વીશ વખતની ધાતુ જેટલી નબળાઇ લાવેછે.

આપણે જે ખોરાક આજ લઇએ છીએ તેનું એક મહિને વિર્ય બંધાયછે. એક તોલો વિર્ય ગુમાવવું તે શરીરનું એકશેર લોહી ગુમાવવા બરોબર છે. વિર્ય એ શરીરનું સત્વ છે. મનુષ્યની શક્તિ તેનામાં રહેલાં ઓછાં વધતાં વિર્યના પ્રમાણમાં હોયછે. આ સત્વ જેમ જેમ ઓછું થતું જાયછે તેમ તેમ માણસ નિસ્તેજ અને નિર્માલ્ય થતો જાયછે.

માણસોનું મન હમેશાં તન્દુરસ્તી જાળવવા તરફ વળેલું રહેછે અને તેથી સાધારણ માંદગીમાં પણ તેઓ પોતાનાથી બનતું કરવા ચુકતા નથી. કોઇ અકસ્માતથી કે રોગથી શરીરમાંથી લોહીનું સુકાવું એ મોટામાં મોટી નુકશાની છે. એમ દરેક માણસ માનેછે અને તેથી તેનો ઉપાય તેઓ ગમે તેટલે ખર્ચે કરેછે. હવે જ્યારે લોહી શરીરના પોષણને માટે આટલું બધું ઉપયોગી છે ત્યારે જે વિર્ય લોહીનું સત્વ, તે કેટલું ઉપયોગી હશે એ વિચારવું જોઇએ અને તેનો ઉપાય તાકીદે કરવો જોઇએ.

માટે આ લતમાં જે નિશાની અને પરિણામ થાયછે તે તથા તેના માટે કયું ઔષધ કરવું તે કહીએ છીએ.

૧—દરદીનું શરીર લેવાઇ જાયછે, હાથ પગ અને વાંસામાં કળતર થાયછે, મન હમેશાં ઉદાસ રહેછે, આંખો ઊંડી ઊતરી જાયછે, પેશાબમાં અથવા ઝાડે ફરતી વખતે ધોળો ધાતુ જેવો પદાર્થ બહાર પડેછે, દસ્ત ઘણું કરી કબજ રહેછે, દુનિયાપર કંટાળો આવેછે, યાદદાસ્ત નાશ પામેછે, ચંચ-

ભાઈ જતી રહી સુસ્તી દાખલ થાયછે, જરા મહેનત કરવાથી હૃદય (છાતી) ધડકવા લાગેછે, ચિત્તવ્યગ્ર ચીડીયું અને વહેમી બનેછે, કાંઇપણ કારણ શીવાય આપઘાત કરવાનું મન થાયછે, તેમજ આળસુ, સુસ્ત, એદી બની જાયછે. આ દરદોને "શકિતસજીવન યાને વિર્યનોઝરો" નામની દવા રામબાણ ગુણ આપેછે.

લોહીનું ફરવું મંદ પડેછે, નાડી ક્ષીણ થઈ જાયછે, હૃદયનો એકાદ રોગ થાયછે, મગજને પુરતું લોહી ન મળવાથી મગજમાં રોગ પણ થાયછે, સામાન્ય રીતે શરીરપર તેની અસર થાયછે એટલું નહીં પણ ઉત્પાદક ઇંદ્રિ ઉપર તેની માઠી અસર થાયછે; વિષય ઇંદ્રિય વખતો વખત જાગૃત થવાથી તેના સ્નાયુ નબળા પડેછે, નસો ઢીલી પડેછે. અને તેની એવી નબળી સ્થીતિ થઇ જાયછે કે તે સ્ત્રીયોપયોગને માટે નાલાયક થઇ જાયછે. અને તેથી કુદ્રતી સંયોગ વખતે મનનો જુસ્સો ગમેતેટલો બળવાન હોય તે છતાં વિષય ઇંદ્રિય થોડીવાર જાગૃત રહી પાછી સુસ્ત (નરમ) બની જાય છે. નિરોગીની ઇંદ્રિયને જાગૃત અવસ્થામાં આવવું અને આ કૃત્યથી કૃશ થએલ ઇંદ્રિયને જાગૃત અવસ્થામાં આવવું, એમાં ઘણો તફાવત છે. કેટલોક વખત આવી સ્થીતિ રહ્યા પછી વિષયેન્દ્રિય હંમેશને માટે સુસ્ત (નબળી) બનેછે. આ બધાં પરિણામોને વ્યાધીરહીત બનાવી અસલ સ્થીતિમાં લાવવાને "શક્તીસજીવન યાને વિર્યનોઝરો" અકસીર નીવડી ચુકી છે.

આ બદ લતમાંથી બીજા શારીરિક રોગ પણ થાયછે. ક્ષય થવાનું એક આ પણ કારણ છે. વ્યાયામશોષ જે ક્ષયની એક જાત છે તેનું મુળ અતિ વિષય છે ત્યારે આ મિથ્યાતિ વિષયમાંથી તે થાય તેમાં નવાઇ જેવું કાંઇ નથી. આ લતથી છાતીનાં દરદો થઈ ઘણા નાની ઉમરમાં મરણ પામે છે. ગડગુમડ અને ભગંદરાદી રોગ પણ આમાંથી થવાનો સંભવ છે. ભગંદર થવાનું એક મોટું કારણ લોહીની ખરાબ સ્થીતિ છે અને આ લતથી લોહીનું સત્વ હરાઈ ગયાથી લોહી ઘણું બગડેછે. તેથી એવા રોગો થાયછે. તે બધા રોગો મટાડવામાં તેમજ લોહી વધારવામાં "શકિતસજીવન" રામબાણ નીવડી ચુકી છે.

કેટલાકને જરાક જેટલી મહેનતથી એટલો હાંફ ચડેછે કે શ્વાસ લેઈ શકાતો નથી, નિંદ્રા નીયમિત રીતે આવતી નથી, (રાત્રે ઊંઘ આવતાં મુશકેલી પડેછે) બેશીને એકદમ ઊઠવાથી આંખે અંધારાં (ચક્કર) આવી જાયછે, શરીરમાં કળતર થાયછે, સ્નાયુઓ ઢીલા પડી જઈ લડબડેછે અને તે શિવાય બીજી ઘણી નબળાઈ જણાયછે આવા દરદોમાં "શક્તિસજીવન" બહુ ફત્તેહમંદ નીવડી છે.

તાવ શરીરમાં થોડો થોડો રહેછે પણ સાંજના વખતમાં શરીર વધારે ગરમ લાગેછે; જે દરદીને આ પ્રમાણે તાવ આવતો હોય તેણે શક્તિસજીવનની દવા સાથે તાવની રામબાણ દવા પણ વાપરવી. જેથી તાવ ઉતરી જશે તાવથી શરીર વધારે નબળું પડે માટે તેનો ઉપાય તાકીદે કરવો.

હોજરીની સ્થીતિ નબળી થવાથી શરીર નાકૌવત થતું જાયછે, ચેહેરામાં પીળાશ જણાયછે, તેમજ પગે સોજા આવેછે, દસ્ત આવવાનો નિયમ રહેતો નથી અને ઝાડાના રંગમાં વખતોવખત ફેરફાર થાયછે, વખતે ઉધરસ થઇ આવેછે અને રાતે સુતી વખત તેમજ સવારે ઉઠતી વખત વધારે હેરાન કરેછે. આવાં ચિન્હ થયા પછી આપણે જેને ક્ષય કહીએ છીએ તે થાયછે. પહેલાં ઉધરસમાં બડખા આવતા હતા તેને બદલે હવે પરૂ જેવા આવેછે, રાત્રીમાં પરસેવો ઘણો વળેછે અને દસ્ત જે પહેલાં કબજ રહેતો તે હવે પાતળો વખતોવખત આવ્યા કરેછે. આ સ્થીતિ દરદીને છેલ્લી છે માટે સમજુએ દવાને માટે આ દરદવાળાને આટલો વખત આવવા દેવો નહીં. આવાં દરદો પણ શક્તિસજીવનનું સેવન કરનાર ઘણા શખ્સોને મટયાં છે.

આ લતવાળાને અપસ્માર (વાઇ) મૂર્ચ્છા, મગજના દુખાવો આંખે ઝાંખ પડવી, અથવા તો તમામ ઇંદ્રિયો પોતાનું કામ કરવાને અશક્ત થાયછે, ખોરાક ખાવાની રૂચી ઓછી એટલે જઠરામંદ, અજીરણ, આફરો, આ દરદોને પણ શક્તિસજીવન તાકીદે આરામ કરેછે. લોહીના કરતાં વિર્યમાં વધારે જીવન રહેલું છે અને આ દરદીને તો લોહી અને વિર્ય બંને ઓછાં થઈ જાયછે. તેને માટે એટલે લોહી વધારવામાં તેમજ વિર્ય વધારવામાં તો "શક્તિસજીવન યાને વિર્યના ઝરાનો" મુખ્ય ગુણ છે. આંખનું તેજ હણાઈ

જાયછે, હોઠમાંથી તેની કુદ્રતી લાલી નાશ પામેછે, દાંતની સફેદી અને મજબુતી ઓછી થાયછે, વાળ ખરી જાયછે અને આખું શરીર બેડોળ થઇ જાયછે, બરડામાં અને આખા શરીરમાં કળતર થાયછે, દસ્તમાં અને પેશાબમાં ધાત જાયછે અને એકાદ અંગ પણ કોઇને રહી જાયછે. વળી આંચકી, યકૃત, બળોલ, મુત્રાશયના રોગ (પ્રમેહ) વીગેરે આ ખરાબ લતમાં થાયછે. માટે "શક્તિસજીવન" તમામ રોગોનો નાશ કરવામાં ચોકસ છે. પરમાના દરદવાળાએ તેની સાથે પરમાની દવા વાપરવી.

આ લતવાળાને ઇંદ્રિ નાકૌવત અને સંકોચ પામી નાની થઈ જાયછે. અને વૃષણના રોગો (અંતરગળ) વીગેરે થાયછે.

ખરાબ લતની નિશાની ત્થા તેનાં માઠાં પરીણામનું બની શકે તેટલું અસરકારક ચિત્ર અપાઈ ગયું છે. હવે ફકત તે ખરાબ લતમાં થએલ દરદોને માટે વપરાતી દવાના વિશ્વાસ માટે એકાદ સર્ટિફીકેટ આપીએ છીએ.

સર્ટિફીકેટ.

ઇંગ્રેજી ઉપરથી ગુજરાતી.

આ ઉપરથી સર્ટીફીકેટ આપવામાં આવેછે કે, વૈદ શા. ગિરધરલાલ કહાનજીની "શકિતસજીવન યાને વિર્યનો ઝરો" નામની ગોળીયો જમનાનું અમૃત છે, મેં તે વાપરી છે અને તેઓ અસર કરવામાં ઘણીજ અક્સિર છે એમ માલમ પડયું છે. હસ્તદોષ, અતિ સ્ત્રીસંગ અને બીજા સઘળા વિર્ય સબંધી દોષોમાંથી રોગીને મુકત કરેછે. મારા જાત અનુભવથી તેમજ મારા મિત્રોના અનુભવથી જે હું કહી શકું તે એ છે કે, તેને વિષે જે તારીફ પોતે પોતાની જાહેરખબરમાં પ્રદર્શીત કરેછે તે નિઃસંશય અતિસ્યોક્તિભરેલી નથી અને અંતમાં મારે કહ્યા વિના ચાલતું નથી કે, જેમ જેમ દવાનો બહોળો ફેલાવો થશે તેમ તેમ દુનિયાને વધારે ફાયદો થતો જશે.

આર. શર્મા.

અતિવિહાર—હદઉપરાંત સ્ત્રીસંયોગ.

જેઓ સારે નશીએ હસ્તદોષમાંથી મુક્ત રહ્યા હોયછે અને કુદરતના નિયમના એ ભયંકર ભંગ કરવામાં જેઓએ પોતાનો હાથ અપવિત્ર કર્યો હોતો નથી અને તનમનને ખુવાર કરનાર એ ખરાબ લતનો જેઓ ભોગ થઈ પડ્યા હોતા નથી તેઓમાંના ઘણાખરા જુવાનીના મદમાં આંધળા થઇ અતિ વિષયમાં લપટાય છે અને પોતાનું શરીર નબળું કરેછે. હસ્તદોષની લતથી જે ભયંકર પરિણામ આવેછે એવાંજ પરિણામ હદ ઉપરાંત સ્ત્રીસંયોગથી આવેછે. હસ્તદોષનું પરિણામ જલદી આવેછે અને આ જરા મોડું આવેછે; શરીરની શક્તિ ઉપર વિચાર ન કરતાં જુવાનીને હંમેશ ટકનારી માનેછે અને તેથી ફળ એ થાયછે કે, ઘડપણમાં હેરાન થવું પડેછે અથવા જુવાની છતાં ઘડપણ ભોગવવું પડેછે. કુદરત વિરૂદ્ધ જે માણસો ગુન્હો કરેછે. તેને શિક્ષા ભાગ્યેજ થયા વગર રહેછે.

જે ચીજની આપણને પુર્ણ જરૂર છે તે ન હોય તો શરીર ટકવું પણ દુર્લભ થઇ પડે; વિર્ય એ શરીરનો ટેકો છે, ત્યારે એ ટેકાને તોડીને કોણ શરીરને ટકાવવાની હિમત કરેછે ? પાયો તોડી પાડ્યા પછી કીલ્લો ઉભો રહેવો મુશ્કેલ છે; તેમ શરીરમાંથી ખરૂં સત્વ ગયા પછી તે લાંબો વખત ટકવાનું નથી. માટે વિર્ય વધારવાને "શક્તિસજીવન યાને વિર્યનો ઝરો" નામની દવા વાપરનારને ઉપરનું પરિણામ આવતું નથી.

દરદ થયા પછી દવા કરવી તે કરતાં દરદ ન થવા દેવાને માટે વધારે સારૂં છે. શક્તિસજીવનનું સેવન કરનારને વિર્યની તંગી (ખોટ) આવતી નથી. આ રોગથી દુનિયામાં જે માઠાં પરિણામો આપણે જોઇએ છીએ તે માઠાં પરિણામો શક્તિસજીવન સેવનારને કદી આવતાં નથી.

માઠાં પરિણામો આવવાનું એક તો એ કારણ કે બાળલગ્નછે; બાલ્યાવસ્થામાં પરણવાથી મનનું વલણ નિરંતર સ્ત્રીઓ તરફ વળેલું રહેછે. અને પરણવાનું પ્રયોજન જાણ્યા શિવાય એવાં જોડાંઓનાં મન વિષયવૃત્તિ

તરફ ખેંચાય છે. સ્ત્રીસંયોગમાં મચ્યા રહેવું એજ લગ્નની પવિત્ર ક્રિયાનો મુદ્દો નથી. ઇશ્વરની ધારણા તદન એથી જુદીજ છે. કેટલાંકને અનીતિનાં પુસ્તકો વાંચવાથી આવી ટેવ પડી જાયછે, કેટલાક ખરાબ સંગતથી બગડેછે; તેમ આ બાબતમાં પણ સમજવું. હદ ઉપરાંત સ્ત્રીસંયોગ કરતી વખતે પ્રથમ તો ગેરફાયદાની સમજ પડતી નથી, પણ આખરે ભયંકર રૂપમાં દેખાયછે. શક્તિસજીવનનું સેવન કરનારને ભયંકર પરીણામ આવતું નથી.

નિશાની અને પરિણામ એ આવેછે કે, હસ્તદોષને મળતાં ચિન્હો આ રોગમાં પણ થાયછે. મુળરોગ આમાં વિર્યની ક્ષિણતાનો છે; જે બન્નેમાં એકસરખી રીતેજ ગેરફાયદો કરેછે. ટુંકામાં કહુંછું કે, શરીર લેવાઈ જાય-છે, પગની પીંડીઓમાં અને સાંધામાં કળતર થાયછે, બરડામાં દુઃખાવો (ફાટ) થાયછે, ચેહેરો ઉતરી જાયછે, નાડી ધીમી ચાલેછે, નેત્ર ફીકાં પડી જાયછે, ચાલ લથડતી હોયછે અને કેટલાકના પગ એવા નબળા થઇ જાયછે કે, શરીરનો ભાર તે ખમી શકતા નથી. પાચનશક્તિ મંદ પડેછે, દસ્ત કબ-જીયત રહેછે, શરૂઆતમાં કાંઇક કઠણ અને પાછલા ભાગમાં કાંઇક નરમ એવો ઝાડો ઉતરેછે અને નબળાઇને લીધે બીજા અનેક રોગ થાયછે. તેવા તમામ રોગોથી બચવાને માટે "શક્તિસજીવન" વાપરવા ખાસ અમારી ભલા-મણ છે. સ્ત્રીગમન વખતે વિર્ય જલદી ખલિત થાયછે. હરસ ઘણુંકરી આવા રોગોમાં વધારે જોવામાં આવેછે, વિર્ય ક્ષીણ પડી જવાથી ઉત્પાદક ઇંદ્રિ અને તેની સાથે સંબંધ રાખતા બીજા અવયવો નિસ્તેજ અને નિર્માલ્ય થઈ જાયછે અને હસ્તદોષના રોગમાં કહ્યું છે તેવી સ્થીતિ તેની થાયછે, કેટલાકને વખતો વખત વિર્યપાત (સ્ત્રાવ) થયા કરેછે; નબળાઇ આ-વ્યા છતાં આ ટેવ રાખ્યાથી આંતરડાંને જોર પડેછે; અને તેથી સપરાના ભાગમાં સોજો થઇ દુખાવો થાયછે, તેમજ આંખ અને માથામાં પણ દરદો થાયછે એટલુંજ નહીં પણ પક્ષઘાત વાઇજેવાં, પણ ઘણાં શારીરિક દરદો થાયછે. "શક્તિસજીવન યાને વિર્યનો ઝરો" નામની દવામાં ઉપરનાં દરદોથી બચાવવાનો અને મટાડવાનો ખાસ ગુણ છે.

વિર્યસ્રાવ (ધાતુનું જવું.

શરીરની શક્તિ અને તંદુરસ્તીના પ્રમાણમાં નાનપણથી તે જુવાની સુધીમાં વિર્ય આસ્તે આસ્તે શરીરમાં ગુપ્તરીતે ઉત્પન્ન થતું જાયછે અને યોગ્ય ઉમર થાય ત્યાંસુધીમાં વિર્યાશયમાં ભરાતું જાયછે. આ ખજાનો ગુણમાં અને રૂપમાં તેની કુદરતી સ્થિતિમાં આવવાનો યોગ્ય વખત ખીલતી જુવાની છે; ખરી યુવાવસ્થા જ્યારે પ્રગટ થાયછે ત્યારે અંદર રહેલ વિર્ય પોતાનીજ સત્તાથી મનુષ્યમાં સ્ત્રીગમનની ઇચ્છા ઉત્પન્ન કરેછે. આ વિર્ય તંદુરસ્ત હાલતમાં હોયછે ત્યાં સુધી માણસનું શરીર સારૂં રહેછે; પણ કેટલાંક કારણથી તેમાં બિગાડ થાયછે અને તેથી ઉપરનો રોગ લાગુ થાયછે. જેઓ વિર્યના પ્રતાપથીજ ઉત્પન્ન થતી ઇચ્છાને તાબે રહેછે અને સૃષ્ટિના નિયમનું અતીક્રમણ કરતા નથી તેઓ આવા રોગમાંથી બચેછે.

ધાતુનું જવું એ ઘણું કંટાળાભરેલું દરદ છે. જરૂર ન હોય ત્યારે અને તે અનિયમિત વખતે જાયછે, તેથી દરેક માણસને ચિંતા થાયછે. વર્તમાન કાળમાં દુનિયાનો ઘણોખરો ભાગ આ દરદમાં સપડાએલો મારા જોવામાં આવેછે. એક અથવા બીજી ભુલથી આ રોગ સામાન્ય થઇ પડયો છે. કોઇ એક કારણથી તો કોઇ બીજા કારણથી આ રોગથી પીડાય છે. જુવાન પુરૂષોમાં આજ આ ફરિયાદ સાધારણ થઇ પડી છે. ખરાબ રસ્તે ચડી ગયેલા અને કુદરતના કાયદાથી ઉલટા ચાલનારા આનો ભોગ સહજ થઇ પડેછે. વિર્યવાહિનીઓ ધીમે ધીમે નબળી થતી જાયછે અને વિર્યાશયમાં વિર્યને રોકી રાખવાની શક્તિ ઓછી થાયછે. દરરોજ અથવા લાંબો વખત આમ થવાથી વિર્ય પાતળું પડી જાયછે અને તેમાં એના કુદરતી ગુણ રહેતા નથી. તે વિર્યવહિનીઓ મજબૂત કરી વિર્યને ઘટ બનાવી પાછા કુદરતી ગુણ લાવવાને "શક્તિસંજીવન યાને વિર્યનો ઝરો" બહુજ ઉપયોગી છે.

એક વખત ખરાબ ટેવ પડ્યા પછી, પાછી છોડી દેવામાં આવે તોપણ નસો અને વિર્યવાહિનીઓ એવી નબળી થઇ ગઈ હોયછે કે, તંદુ-

રસ્ત વિર્યને પણ તેઓ રાખી શકતી નથી. વિર્યને ઉત્પન્ન કરનાર અવયવો અને તેની સાથે સંબંધ રાખનાર અંગો તથા નાડીયો ઉસ્કેરણીની હાલતમાં આવી જાયછે અને જરા જેટલા કારણથી એ સત્વને બહાર ધકેલી કાઢેછે, એટલે વિર્યનો જરાપણ ટકાવ ન રહેતાં ખલિત થાયછે; તે બધા અવયવોને મજબુત કરી વિર્યને ટકાવી રાખવામાં "શક્તિસજીવન યાને વિર્યનો ઝરો" બહુજ ગુણદાયક ઔષધ છે.

વિર્યસ્રાવ (ધાતુનું જવું) તેનાં કારણો—આ રોગ ઘણી વેળા હસ્તદોષને લીધે થાયછે, નાની વયમાં સ્ત્રીગમન કરવાથી થાયછે, ઘણા વિશયાશક્તપણાથી થાયછે, વ્યભીચારની ખરાબ ટેવથી થાયછે, પ્રમેહ અથવા બીજા એવા રોગને લીધે થાયછે, મન ઉસ્કેરાય એવા વિચારો કરવાથી અથવા એવાં પુસ્તકો વાંચવાથી અને વૃષણના રોગથી પણ આ દરદ થાયછે, મળ કઠણ થઇ આંતરડાંમાં ભરાઇ રહી વિર્યવાહિનીઓને ઉસ્કેરવામાં એક સાધન રૂપ થઈ પડેછે; અને તેથી આ રોગ થવાનો સંભવ છે. ખરૂં પુરૂષત્વ પ્રાપ્ત થયા પછી એકાદ સ્ત્રીની સાથે પ્યાર બંધાય અથવા દરદી પરણેલો ન હોય અને પ્યારની ચીજમાંજ હમેશાં મન રહ્યા કરે તો તેથી જુસ્સો ઉસ્કેરાવાની ટેવ સાધારણ રીતે પડી જઈ આ રોગને જન્મ આપેછે. મગજની કોઈ વ્યાધીથી પણ આ રોગ થાયછે; વીગેરે કારણો છે. આ કારણોથી થએલ દરદ નાબુદ કરવાને "શક્તિસજીવન યાને વિર્યનો ઝરો" રામબાણદાયક ગુણ છે.

વિર્યસ્રાવની નિશાની—આ રોગમાં પ્રથમ રાત્રીમાં સ્વપ્નાં આવી ધાત જવા માંડેછે, શરીરને થાક લાગ્યો હોય એવું જણાયછે, બધી રીતે શરીર નબળું પડી જાયછે આ રોગની ત્રણ સ્થિતિ છે તેમાં પહેલી સ્થિતિ રાત્રે સ્વપ્નામાં ધાત જવી શરૂ થાય છે. ઘણો વખત આ પ્રમાણે રહ્યા પછી દિવસે પેશાબમાં ધાત જવા માંડેછે. અથવા કાંઇ કારણ વિના વિષયેંદ્રિ ઉસ્કેરાઇ વિર્ય ખલિત થાયછે. આ સ્થિતિ લાંબો વખત ચાલવાથી નપુંસકત્વ આવી જાયછે. આ તેની ત્રીજી સ્થિતિ છે. આ ત્રણે સ્થિતિનું સાથે ચિત્ર આપી પછી તેમાં જુદા જુદા ભાગનું ચિત્ર આપવું ઠીક પડશે. માટે

પહેલાં ત્રણે સ્થિતિનાં સામાન્ય ચિન્હો આપીએ છીએ. ત્રણે સ્થિતિમાં મનની સ્થિતિ થોડી કે ઘણી ઉશ્કેરાયલી રહેછે, શરીર ગારાન્હેવું થઇ જાયછે, વાંસામાં (બરડામાં) અવયવોમાં અશક્તિ જણાયછે, કામકાજમાં તેમજ અભ્યાસમાં આળસ આવેછે, વિચારશક્તિ મંદ પડી જાયછે, સ્મરણશક્તિ ઓછી થાયછે, ઘણા માણસોમાં ગમતું નથી, એકાંતવાસ સારો લાગેછે, તેમજ બીકણ અને શરમાળ થઈ જાયછે, પોતાની શક્તિનો પોતાને ભરોંસો રહેતો નથી, આંખોમાં ઝાંઝવાં, તેજ ઓછું, અને ચક્કર પણ આવેછે માથું ભારે થાયછે અથવા દુખ્યા કરેછે, પડખાંમાં દુઃખાવો થાયછે, પગમાં કળતર, કમરમાં દુઃખાવો પણ થાયછે, વૃષણ લટકતા રહેછે. આ રોગના ખરાબ પરીણામમાં કેટલીક વખત કોઇને દીવાનાપણું પણ આવેછે. આ બધાં દરદો અટકાવવાને તેમજ તેનાથી મુક્ત થવાને સર્વ ઔષધીમાં “શક્તિસજીવન યાને વિર્યનો ઝરો” અતિશય ઉત્તમ ઔષધી છે.

પહેલી સ્થિતિ—આ રોગમાંની ત્રણ સ્થિતિમાંની પહેલી સ્થિતી જાણવી મુસ્કેલ નથી; કારણ કે તે દરદીથી અજાણી રહેતી નથી. રાત્રીમાં કોઇ સ્ત્રીનું સ્વપ્ન આવી વિર્ય ખલિત થાયછે. બીજી સ્થિતિઓ કરતાં આ સ્થિતિ થોડી ભયંકર છે કારણ કે વિષયેંદ્રિનું સ્વપ્નમાં ઉશ્કેરાવું એ કેટલેક દરજ્જે કુદરતી ઉશ્કેરાવાને મળતું છે. સ્ત્રીગમનને માટે અવયવો જેમ તૈયાર રહેછે તેમ આવી રીતે ઉશ્કેરાવામાં પણ અવયવો કેટલેક દરજ્જે તૈયાર હોયછે અને તેથી જો મહિનામાં એકાદ વખત સ્વપ્નું આવી વિર્ય ખલિત થતું હોય તો તે રોગ પણ ન ગણાય. સ્વપ્નામાં અને ખરા સ્ત્રી-સંયોગમાં તફાવત માત્ર એટલોજ છે, કે કુદરતી સંયોગમાં જ્યારે પુરૂષ પોતાની અસ્થિ અને માંસ, ચર્મવાળી પ્રિયા સાથે રમેછે ત્યારે સ્વપ્નાંમાં તે એક હવાઇ દેખાવ જોડે ખેલેછે. આ પહેલીજ સ્થિતિમાં જો યોગ્ય ઉપાય કામે લગાડવામાં આવે તો ભયંકર પરિણામ આવતાં અટકેછે. નહિતો ગુપ્ત રીતે અને દરદી ન જાણે એમ બીજી સ્થિતિ ધીમે ધીમે આવતી જાય-છે. માટે તે ન આવવા દેવાને તેમજ પહેલી સ્થિતિ અટકાવવાને “શક્તિ-સજીવન યાને વિર્યનો ઝરો” વાપરવા ચુકવું નહિ એજ અમારી ભલામણ છે.

બીજી સ્થિતિ—દિવસે પેશાબમાં ધાત જવી શરૂ થાયછે અને તેની બિચારાને ખબર પડતી નથી કે પેશાબમાં ધાત જાયછે. જેથી આ પ્રથમ કરતાં વધારે રોગ પેઠો છે અને તેનું પરિણામ ઘણું ખોટું આવશે એટલુંજ નહીં પણ દરદીને રાત્રે સ્વપ્નાં આવવાં બંધ થાયછે તેથી પોતે ભાગ્યશાળી માનેછે. કેટલીક વખત તો ઘણા અનુભવ વિના વૈદ્યો અને ડાકતરો પણ આ રોગ ઓળખી શકતા નથી.

વખતો વખત જતી ધાતુને લીધે વિર્યાશયની એવી સ્થિતિ થઇ ગઇ હોયછે કે જે કાચું પાકું તે પેદા કરેછે. તેપણ રાખવાની તેનામાં શક્તિ હોતી નથી. તેથી તે પેસાબ સાથે નીકળી જાય છે.

પહેલી સ્થિતિથી તો દરદી વાકેફ રહેછે પણ બીજી સ્થિતિ એવી ગુપ્તરીતે દાખલ થાયછે કે, જ્યારે ત્રીજી સ્થિતિએ દરદી પોંચેછે એટલે નપુસક થાયછે ત્યારેજ દરદીની આંખ ઉઘડેછે. માટે એટલે સુધી દરદ ન વધવા દેવાને માટે શક્તિસજીવન બહુ ઉપયોગી છે. પહેલાં રાત્રે જતું અને હવે પેશાબ વખતે ઝાડા વખતે અથવા તો સ્ત્રીઓની હાજરી વખતે વિર્ય જાયછે. રાતમાં સ્વપ્નાં બંધ પડ્યા છતાં શરીરમાં નબળાઇ વધતી જાયછે. દરદી તેનું કારણ જાણી શકતો નથી. કારણ કે ચોરની માફક પેઠેલો આ દુશ્મન (રોગ)ને તે ઓળખતો નથી. અને ઘણુંકરી પેશાબ કરતી દરેક વખત શરીરનું આ ઉપયોગી સત્વ (વિર્ય) જાયછે. તેની એને ખબર રહેતી નથી. જો ધ્યાન રાખીને જોવામાં આવે તો પેશાબનો પાછલો ભાગ અને મુખ્યત્વેકરીને છેલાં ત્રણ ચાર ટીપાં જાડાં અને ધોળાં જેવાં ઉતરેછે અને વખત જતાં વિર્યને રોકવાની શક્તિ તદન જતી રહે છે. અને તે વખત એ વખત ઝરતું રહેછે. માટે તે બધાને અટકાવવા (આરામ કરવા) "શક્તિસજીવન યાને વિર્યનો ઝરો" અકસીર દવા છે.

ત્રીજી સ્થિતિ—બીજી સ્થિતિ વધારે લાંબો વખત આવવાથી ત્રીજી સ્થિતિ શરૂ થાયછે. આ સ્થિતિમાં ઉત્પાદક અવયવો જીવનરહીત થઇ જાય-છે. લોકો સાધારણ રીતે જેને, નપુસકપણું કહેછે તે પ્રાપ્ત થાયછે. અને

સ્ત્રીગમનની ઇચ્છા તથા શક્તિ નાશ પામેછે. કેટલાક દરદીને એમ બનેછે કે થોડી ઘણી શક્તિ હોવા છતાં ઇચ્છાનો નાશ થાયછે. અને વખતે શક્તિ ને છતાં ઇચ્છા થોડો વખત રહેછે. કેટલાકને પહેલાં ઇચ્છાનો અને પછી શક્તિનો નાશ થાયછે. અને કેટલાકને પહેલાં શક્તિનો અને પછી ઇચ્છાનો નાશ થાયછે. જુવાન અવસ્થામાં આવી દયામણી સ્થિતિ થાય એના જેવું બીજું કયું દુર્ભાગ્ય જાણવું? યુવાવસ્થા તે ખરાં સુખ લેવાનો વખત છે. આપણી હયાતીનો મુળ હેતુ એજ છે કે આપણી જાતમાં આપણે વધારો કરીએ. ઇશ્વરે આપણને ખાવા પીવાની જે શક્તિ આપી છે. તેની સાથેજ અશક્તિ પણ આપી છે. જેટલી પહેલાં એની જરૂર છે એટલીજ આની પણ છે. ખરૂં જોતાં પેટ ભરવાનું પ્રયોજન પણ આ શક્તિ વધારી ઇશ્વરી સૃષ્ટીમાં વધારો કરવાનું છે. માણસ જુવાન થાયછે ત્યારે શરીરમાં અનેક ફેરફાર થાયછે, છોકરવાદપણું મટી માણસાઈ આવેછે, મનની શક્તિઓ ખીલેછે, અવાજ મરદાનગી પકડેછે, હોઠ અને ચહેરાપર લાલાશ આવેછે, અવયવો દ્રઢ થાયછે, દાઢી મુછ આવવી શરૂ થાયછે, ટુંકામાં શરીરનો તમામ બાંધો અને રંગ ફરી જાયછે; નવા નવા વિચારો મનમાં આવેછે અને ભવીષ્યનાં સુખનો આ વખતની ચાલચલણ ઉપરથી પાયો નંખાય છે. નિરંતરની તંદુરસ્તીનો આધાર આ વખતની વર્તણુંક ઉપર રહેલો છે. પણ આ બધું કયારે થાયછે? જો શરીરમાં તેનું સત્વ હોયછે તોજ. અને તેમાં તે વિના વૃદ્ધાવસ્થાનાં ચિન્હો ભોગવવાં એ થોડું દુઃખદાયક નથી. માટે તે પ્રમાણે વૃદ્ધાવસ્થા દુર રાખી યુવાવસ્થા રાખવાને શક્તિસજીવન સંપુર્ણ રીતે ફત્તેહ પામેલ છે.

કારણ—પહેલું કારણ હસ્તદોષ છે. આ રીતે હસ્તદોષથી પ્રાપ્ત થએલું ષંઢત્વ શક્તિની ખરેખરી ખામીથી વિર્યની અપુર્ણ સ્થિતિથી શિશ્ન (ઇંદ્રિના) નાનાં કદથી અને સ્ત્રીગમનની નામરજીથી ઉત્પન્ન થાયછે. બીજું કારણ અતિ સ્ત્રીગમન છે. નસો નબળી થવાથી શિશ્ન (ઇંદ્રિ)નું સતેજપણું જવાથી અને વિર્યને રોકવાની શક્તિ જતી રહેવાથી એ ષંઢત્વ આવેછે.

બીજા રોગો ઉપરથી પણ પંઢત્વ આવેછે. તે પંઢત્વ ન આવવાને અને આવ્યા પછી મટાડવાને "શક્તિસજીવન યાને વિર્યનો ઝરો" બહુ ગુણકારી છે.

નિશાની અને પરિણામ—પહેલી અને બીજી સ્થિતિની નબળાઇ વધીને શરીર તમામ મુડદાલ જેવું થઇ જાયછે, મનની તમામ શક્તિઓ બેહેર મારી જાયછે, દરદી ઘણોજ નાકૌવત થઈ જાયછે. હાલવા ચાલવાની શક્તિ પણ ભાગ્યેજ રહેછે, ચાલતાં આંખે અંધારાં અને ચક્કર આવેછે, થોડું ઘણું નપુસકપણું દાખલ થયું હોય તો સ્રીગમન વખતે વિર્ય તરત ખલીત થઇ જાયછે. કેટલાકને તો સ્ત્રી જોઇનેજ ખલીત થઇ જાયછે, શરીરનાં તમામ અંગ કળેછે, પગમાં ખાલી ચડી આવેછે,: શરીરની નબળાઇમાં મન ભાગેલ છે એટલે મન પણ નબળું થઇ જાયછે. જો માણસ પરણેલો હોયછે તો હંમેશાં મનમાં ચિંતા કરવાથી અને મુંઝાવાથી વધારે ખરાબી થાયછે. મન ચીડીયું થઈ જવાથી સેજ બાબતમાં ક્રોધ ચડી આવેછે. જેની અસર શરીર ઉપર બહુજ માઠી થાયછે, આવી નબળાઇ થયા પછી છોકરાં થતાં નથી. વળી કેટલીક વખત આમાંથી મગજની વ્યાધી અથવા તાપને લીધે શક્તિની હીનતા લાગેછે.

કેટલાક રોગો એવા પણ હોયછે કે શરીર જેમ નબળું થાય તેમ વિષયની ઇચ્છા વધતી જાય; ફેફસાંના દરદમાંથી અને બીજાં કારણોથી થએલ ક્ષયમાં તથા સંધીવામાં એમ પણ બનેછે.

ઉપાય—ધાતુનું જવું અટકાવવામાં તેમજ નસોને મજબુત કરવામાં અને વીર્ય વધારવામાં "શક્તિસજીવન યાને વિર્યનો ઝરો" નામની દવા વાપરવી. વિષયની મજબુતી સારૂ ચંદ્રપ્રભા ગુટીકા વાપરવામાં સારી છે. ધાતુને વધારે ઘટ (મજબુત) બનાવવામાં ધાતુપુષ્ટ નામની દવા શક્તિસજીવનની સાથે વાપરવી. લોહી બીગાડ હોય તો લોહભસ્મ (ગજવેલ ભસ્મ) પણ વપરાયછે, અથવા કનકસુંદીરરસ વપરાયછે. પરમાનો દોષ હોય તો બંગ ભસ્મ પણ વાપરવી. આ દરદવાળાને ઝાડો સાફ ન આવતો હોય તો વિજયરસ નામની દવા વાપરવી. આ દરદવાળાને ઉધરસ હોય તો અભ્રક

ભસ્મ અથવા બહુ શલ્યગુટીકા વાપરવી. અને તાવ હોય તો તાવની દવા પણ વાપરવી. અતિસાર (ઝાડા) હોય તો સ્થભન ગુટીકા પણ વાપરવી.

વંધ્યદોષ (વાંઝીયાપણું.)

આ દોષથી પીડાતા ઘણા દરદીઓ ઠામ ઠામ જોવામાં આવેછે. તાલેવર કુટુંબોમાં ઘણે ભાગે વધારે આ રોગ પ્રસરેલો છે. પ્રજા ઉત્પત્તિ ન થવી એ દુનિયામાં મોટામાં મોટું દુઃખ છે. સંસારમાં રહેવાનું સાર્થક પ્રજોત્પત્તિજ છે. જેઓ છોકરાંના માતાપીતા હોયછે તેઓ, છોકરાં વગરનાને કેટલું દુઃખ અને સંતાપ થાયછે તે જાણતાં નથી; પણ જેઓ છોકરાંવગરનાં (વાંઝીયાં) હોયછે. તેઓ અનેક ફાંફાં મારેછે અને હજારો રૂપિઆ ખરાબ કરેછે, પણ ખરૂં કારણ જાણ્યા શીવાય આ રોગ મટતો નથી. વળી કેટલાક આ રોગ સારો થતો નથી, એમ માનેછે, પણ એ વાત કોઈ રીતે ખરી નથી, જો દરદી પોતાની કોઇ વાત ન છુપાવતાં પોતાની સઘળી હકીકત કોઇ હુશીયાર અનુભવી વૈદને કહેછે તો તેનો ઇલાજ થઇ શકેછે. અને તેવા ઘણા દરદીઓને અમારી તરફથી લાભ થએલ છે.

કારણ—આ રોગ બે પ્રકારનો છે. એક તો કુદરતી રીતેજ માણસ વાંઝીયું રહે. અને બીજું કૃત્રિમ કારણથી :એટલે પોતાની એવી કોઈ ભુલથી કે જે ભુલ તેઓ સુધારી શકે તો પ્રજોત્પતિ થાય. પ્યારની ખામી એ પણ એક આ દરદનું કારણ છે. જેઓનાં અંતઃકરણ જોડાએલાં નથી હોતાં તેઓનાં વિર્ય જોડાવાં મુશકેલ છે. પ્રજોત્પત્તિના દરેક અવયવોમાં જે જુસ્સો અને ચંચળાઇ આવેછે તે ખરા પ્યારને લીધેજ આવેછે. વૈદકના આ નિયમને આધારેજ વ્યભીચારનાં છોકરાં વધારે મજબુત અને ચાલાક નીકળેછે. વિધવાઓમાં ચાલતી અનિતિમાં ઘણુંકરી પહેલી મુલાકાતે જે ગર્ભ રહી જાયછે અને ઘણે ઠેકાણે બાળહત્યાના ગુનાહ થાયછે. એનું કારણ પણ એ પ્યાર અથવા અંતઃકરણનો યોગજ ગણી શકાય. વળી

બળાત્કાર સંજોગમાં ગર્ભ રહ્યાનો દાખલો ભાગ્યેજ બન્યો હશે. આથી સિદ્ધ થાયછે કે સ્ત્રી પુરૂષ વચ્ચેનો પ્યાર એ પ્રજોત્પત્તિમાં અતિષય મદદ કરેછે. કુદરતી રીતેજ અવયવો નબળા હોય તેથી પણ છોકરાં થતાં નથી. જેને ઇંદ્રિ નબળી હોય અને વિર્યવાહિનીઓમાં કાંઇ અડચણ હોવાથી વિર્ય નીકળતું નથી. અથવા અપુર્ણ જથામાં નિકળેછે. વિર્યાશયમાં કાંઇ હરકત હોય તેથી પણ આ રોગ થાયછે. સંજોગજન્યરોગ જેવા કે ટાંકી, પ્રમેહ એવાથી ખરાબ થએલ ચુકથી પણ છોકરાં ઘણુંકરીને થતાં નથી. જેઓનાં શરીર ફુલી જાયછે તેઓ અને જેઓ અતિષય દુર્બળ હોયછે તેઓને છોકરાં થતાં નથી. અતિ વિષયની લત, હસ્તદોષ વીગેરેથી ધાતુના દોષ થએલને પણ છોકરાં થતાં નથી. બહુ દારૂ પીનારાઓને તેમજ અકરાંતીઆ ખાનારાઓને પણ પ્રજા થતી નથી. વીગેરે રોગો પુરૂષને લાગુ હોયછે, તેથી પ્રજોત્પતિ થવામાં વાંધો આવેછે અને તેમાંથી ઘણા દોષો "શક્તિ સજીવન યાને વિર્યનો ઝરો" મટાડેછે.

ઉપરનાં કારણો શીવાય સ્ત્રીઓને ગર્ભ ન રહેવાનાં સાત કારણો છે. તે નીચે પ્રમાણે (૧) ફુલ ફરેછે તેથી તેમાં વિર્ય પડતું નથી તેથી ગર્ભ રહેતો નથી (૨) ફુલમાં વાયુ હોયછે તેથી ગર્ભને ઠરવા દેતો નથી. (૩) ફુલ ઉપર માંઉસ વધેછે તેથી બિંદુ પેસતો નથી. (૪) ફુલ ઉપર જીવ પડેછે તે બિંદુ ખાયછે. (૫) ફુલ ઉપર જાળું હોયછે, તેથી બિંદુનું લોહી થાયછે. (૬) ફુલ ઉપર ઠંડક હોય તો બિંદુનું પાણી થાયછે. (૭) કુદરતી રીતે વંઝા હોયછે તે સાતમું કારણછે, તેથી છોકરૂં થતું નથી.

ઉપરનાં ૭ કારણોને માટે અમારી ગર્ભ ધારણની અકસીર દવા ૭ કારણો (દોષો) મટાડી ગર્ભ ધારણ કરેછે, તેની કિંમત માત્ર અઢી રૂપિઆ રાખી છે. કોઈ પુરૂષ અથવા સ્ત્રીને પોતાની ખાત્રી કરાવવી હશે તો અમો નાડી વીગેરે અવયવો તપાસી ખાત્રી કરી આપીશું તેના ફીના રૂ. ૨-૦-૦ બેસશે.

સ્ત્રીએ ગર્ભની દવા કરતાં પહેલાં પોતાનો ધાતુ વીગેરે દોષ હોય

તો તે દવા ખાઇ દોષ મટાડી ગર્ભધારણની દવા ખાવી. જેથી તુરત ગર્ભ રહેશે.

ગર્ભધારણની અકસીર દવા.

સ્ત્રીઓને આ એક અમુલ્ય દવા છે. સ્ત્રીઓને ગર્ભ નહિ રહેવાના સાત દોષ (રોગ)છે. તેમાંથી છ દોષ (રોગ)ને મટાડી ગર્ભ ધારણ કરેછે. ઇશ્વર ઇચ્છાથી આ દવાથી ઘણી સ્ત્રીઓ વાંઝીયાપણામાંથી મુકત થઈ સહપુત્રા (બચ્ચાંવાળીયો) થઈછે. આ દવા પણ અમારી તાવની રામબાણ દવા જેવીજ અકસીરછે. ડબી ૧ ની કિંમત રૂ. ૨-૮-૦.

એક ડબી ચાર માસ ચાલેછે; અને તેટલી મુદતમાંજ ગર્ભ રહેછે. વાપરવાની હકીકત ડબી સાથે રાખવામાં આવેછે.

વીંછીના ઝેરની દવા.

વીંછી નાનો હોયછે; છતાં પણ તેના દંશથી અતીષય વેદના થાયછે. ઊનાળાના દિવસોમાં અત્યંત ગરમીને લીધે વીંછી બહાર નીકળતા જોવામાં આવેછે. તેમજ તેના દંશ થવાથી ઘણા માણસો પીડા પામતા જોવામાં આવેછે. ખેડુ લોકો ઉકરડામથી ઉન્હાળામાં ખાતર કાઢેછે. તેવા સ્થળેથી વીંછી વધારે દંશ મારેછે. આવા ઝેરને નાબુદ કરવા માટેની કેટલીક પેટંટ દવાઓ નીકળી છે તેમાં લોકોના ઘણા પૈસા જાયછે; છતાં પણ ગરીબ લોકો તેનો લાભ લઇ શકતા નથી. તેમ ગામેગામ તેવી દવા પણ મળતી નથી. કેટલીક દવા કીંમત વગરની જેની કાંઈપણ કીંમત ન બેસે તેવી દવાઓ આપણા હિંદુસ્તાનના ગરીબ વર્ગ પણ જાણેછે. છતાં બતાવતા નથી અને વીંછીની પીડા અતીષય તેમજ ગરીબ વર્ગમાં વધારે જોવામાં આવેછે. જેથી અમોએ અમારા લાંબા કાળના અનુભવમાં આવેલી દવાઓ તેમજ કેટલાક સારા માણસોએ અનુભવ કરેલી દવાઓ અમોએ લખી છે.

ઉપાય—(૧) શંખદ્રાવ (ખારોનું સત્વ) અથવા સલફરએસીડ દંશ ઉપર ટીપાં પાડી ઘસવાથી વીંછી ઉતરી જાયછે.

ઉપાય—(૨) દંશ ઉપર વીંછી દંશ મારે કે તુરત આપણે ખાઇએ છીએ. તે મીઠું ચોળવાથી વીંછી ચડતો નથી.

ઉપાય—(૩) ધીલોડી (ઘોલી)નાં પાંદ ચોળી જ્યાં સુધી વીંછી ચડયો હોય ત્યાં સુધી ચોપડવાથી ઉતરી જાયછે અને દંશ ઉપર ધીલોડીના પાંદની લુગદી છેવટે મુકવી કેટલાક લોકો ધીલોડીને ઘોલી પણ કહેછે.

ઉપાય—(૪) ખાટ ખટુંબાના વેલા થાયછે. તેના મુળમાંથી શક્કરીયા જેવી ગાંઠો નીકળેછે તે ગાંઠને પથ્થર ઉપર પાણીમાં ઘસી વીંછીનું ઝેર શરીરમાં જ્યાં સુધી ચડ્યું હોય ત્યાં સુધી પાતળું પાતળું ચોપડી પંખાથી પવન નાંખવો તે ગાંઠનો લેપ સુકાતાંજ વીંછીનું ઝેર નાબુદ થશે.

ઉપાય—(૫) આપણા હાથના નખ અને સોપારીને ખુબ ખાંડી ભુકો કરી તેની બીડી બનાવી પીવાથી વીંછીનું ઝેર તુરત ઉતરી જાયછે. નકરી સોપારી ચલમમાં પીવાથી પણ ફાયદો થાયછે.

ઉપાય—(૬) કરોળીયા ભીંતે અગર પાટડી, પીઢીયાં, થાંભલા કમાડ વીગેરે લાકડાં ઉપર ધોળા કાગળ જેવાં ઘર કરેછે. તેને કરોળીયાનું પડ કહેછે તે ચલમમાં પીવાથી વીંછીનું ઝેર ઉતરેછે. પણ આ પડ પીનારામાં કોઇકને ઉલટી થાયછે; ચલમમાં તમાકુની પેઠે દેવતા મુકી પીવું.

ઉપાય—(૭) નાગરવેલનાં ખાવાનાં નાનાં પાંદ બે લેવાં અને તેને એક ઉપર એક મુકવું તેના ઉપર એક ચપટીમાં સમાય (વાલ ભારને આશરે) તેટલું મીઠું આપણે ખાઇએ છીએ તે વાટેલું અગર દળેલું મુકવું પછી તે પાનનું બીડું વાળવું અને વીંછીએ જેને દંશ મારેલ હોય તેને ચવરાવવું અને તેનો રસ ગળી જવા કહેવું પછી થોડું પાણી પાવું અને મોહું ધોઇ નંખાવવું. આ ઉપાયથી પાંચ મીનીટમાં વીંછીની વેદના બંધ થાયછે. તેટલા વખતમાં બંધ ન થાય તો એજ પ્રમાણે ફરી બીડું ચવરાવવું, એવી રીતે વધારેમાં વધારે ત્રણ વખત બીડું ચવરાવવાથી ગમે

તેવા વીંછીનું ઝેર નાબુદ થાયછે. દંશમાં ઝેર (પીડા) જરા રહેતી માલમ પડે તો દંશ ધોઇ ઉપર જરા વાટેલું મીઠું ઘસવું જેથી દંશમાંથી પીડા મટશે.

ઉપાય—(૮) ધંતુરાના પાનનો રસ ડંખવાળી જગ્યોએ ચોળવાથી અને તેના પાનની લુગદી (થેપલી) બાંધવાથી વીંછીની વેદના દુર થાયછે.

ઉપાય—(૯) વીંછીના ડંખ ઉપર મધ ઘસવાથી સારો ફાયદો થાયછે.

ઉપાય—(૧૦) પાકાં કેરાં વાટી તેની થેપલી વીંછીના ડંખ ઉપર બાંધવાથી સારો ફાયદો થાયછે.

ઉપાય—(૧૧) ધોળી કણેરનાં મુળને ઘસી તેનો લેપ કરવાથી વીંછીનું ઝેર ઊતરેછે.

ઉપાય—(૧૨) જાંબુડાંનાં પાન વાટી તેની લુગદી વીંછીના ડંખ ઉપર બાંધવાથી વીંછીનું ઝેર ઉતરેછે.

ઉપાય—(૧૩) આંબલીના આંબલીયા (ચીચુડા)ને પથરા ઉપર એક બાજુ છાલ ઘસી જતાં સુધી ઘસી ધોળો ભાગ દેખાય કે તુરત ઊનો ઊનો વીંછીના ડંખ ઉપર દાબી રાખવો જેથી ચોટી જશે. અને ઝેર ચુશી ઉખડી પડશે. તેજ પ્રમાણે કૌચનાં સુકાં બીજથી પણ થાયછે.

ઉપાય—(૧૪) આંમળાનાં સુકાં બીજને સુડીથી અડધું કાપી ચુંક-વાળું કરી વીંછીના ડંખ ઉપર ચોટાડવાથી ઝેર ચુસી ઉખડી પડેછે.

ઉપાય—(૧૫) તુળશીના પાનને ચાવીને કાનમાં ફુંક મારવાથી પણ કેટલાકને વીંછીનું ઝેર ઉતરેછે.

ઉપાય—(૧૬) વજનો કકડો ચાવીને કાનમાં ફુંક મારવાથી પણ વીંછી ઊતરેછે.

ઉપાય—(૧૭) નવસાર અને હરતાળ સમભાગે લેઈ પાણીમાં વાટી વીંછીના ડંખ ઉપર ચોપડવાથી ઘણી પીડા હોય તોપણ મટેછે.

ઉપાય—(૧૮) મુળાનો રસ માંખણ અને લસણને ઘુંટી તેનો લેપ કરવાથી વીંછીનું ઝેર તુરત ઊતરેછે.

ઉપાય—(૧૯) રીસામણીનાં મુળને ઘસી લેપ કરવાથી વીંછીનું ઝેર ઊતરેછે.

ઉપાય—(૨૦) ભોંયરીંગણીનું મુળ, ઘોડાવજ, આકડાનું મુળ એ ત્રણેને ઘસી ચોપડવાથી, વીંછી ઊતરેછે.

ઉપાય—(૨૧) કાળાભાંગરાને મસળી તેનો રસ સુંઘતાંજ વીંછી ઊતરી જાયછે.

આ પ્રમાણે વીંછીના ડંખ (ઝેરની) દવા અમારા અનુભવવાળી તથા કેટલાક સારા માણસોએ અજમાવેલી દવાઓ અમોએ ઉપર બતાવેલી છે. તે જ્યાં જે મળે તે વાપરવા ચુકવું નહીં તેમજ દરેક માણસને બતાવી તેને ઘણા લોકોને મફત વાપરવા ભલામણ કરવી. કારણકે વીંછીની વેદના દયાજનક છે તે ઘણા માણસોના જાણવામાં છે.





સમાસ.



સર્ટીફીકેટ.

અમોને મળેલાં અસંખ્ય સર્ટીફીકેટ પૈકી માત્ર થોડાંજ આ નીચે દાખલ કરવામાં આવેલ છે જે ઉપરથી દવાના ગુણોની ઉપયોગતા વીશે સહજ માહેતી મળશે.

ગામ અમનપોર મોહોટાપરાથી પા. આશાભાઇ બાબરભાઈ લખેછે કે આપની "શક્તિસજીવન યાને વિર્યનો ઝરો" એ નામની દવા હમોએ મંગાવી ફકત અડધી ડબી ખાધી તેથી હમોને પેશાબનું દરદ તથા નપુસક પણું હતું તે બધું મટી જઇ શરીરમાં તાકાત આવી એટલે બાકીની દવા અડધી ડબી ખાધી નથી તો ઓણુસાલ તે દવા ખવાય કે નહિ તે લખી જણાવવા મેહેરબાની કરશો.

ગામ આકોદરાથી ગગજી સવજી લખેછે કે આપની "શક્તિસજીવન યાને વિર્યનો ઝરો" એ નામની દવાથી અમને સારો ફાયદો થયો છે માટે ડબી ૧ બીજી જોશી રેવાશંકર રૂપરામના નામથી તુરતજ મોકલશો.

લુણુપુરથી પોલીસપટેલ કેશવરામ મેઘજી લખેછે કે પ્રથમ આપને ત્યાંથી "શક્તિસજીવન યાને વિર્યનો ઝરો" એ નામની દવાની ડબી ૧ મારા ભાઇબંધ માટે મંગાવેલ તેનાથી તેને ઘણીજ અસર થઇ છે તો હાલ બીજી બે ડબીયો તુરત મોકલાવશો.

ભરૂચથી માસ્તર ઇસેભાઈ ઇસમાઇલ લખેછે કે આપને ત્યાં આપની બનાવેલી "શક્તીસજીવન" નામની દવા જેની કિંમત રૂ. ૨-૮-૦ છે તેની મારા કેટલાક મિત્રો પાસેથી પ્રશંસા સાંભળી તે લોકોએ એના કરેલા ઉપયોગથી થએલા ફાયદા સાંભળી હું મારે માટે મંગાવું છું તો વી. પી. થી રવાના કરવા મેહેરબાની કરશોજી.

શીનોરથી પટેલ ભાઈલાલ મુરલાભાઈ લખેછે કે, તમારા તરફથી ધાતુપુષ્ટની તથા વિર્યના ઝરાની ગોળીયોની ડબી મંગાવી હતી તેથી હમોને ફાયદો છે. માટે વળતી ટપાલે ડબી ૧ મોકલશો. તેમજ મારી સ્ત્રીને સફેદ પ્રદરનો રોગ છે અને પેહુમાં દુખાવો રહેછે અને અશક્તિ છે માટે તેની દવા પણ મોકલશો કેમકે તમારી દવાઓથી ફાયદો થાયછે. માટે મેહેરબાની કરી મોકલશો.

શહેર વડોદરાથી લી. સૈયદ બદરૂદીન હુસેનુદીનની સલામ વાંચજો વિ. વિ. કે આપની "શક્તિસજીવન યાને વિર્યનો ઝરો" એ નામની ગોળીયો અમોએ વાપરી છે માટે મહેરબાની કરી "શક્તિસજીવન યાને વિર્યનો ઝરો" એ નામની ડબી નંગ ૧ મોકલશો.

મુરબ્બી માનવંતા સાહેબ, વૈદ્યરાજ શ્રી પાંચ ગિરધરલાલ ભાઈની સેવામાં. કસ્બે ધાંટીલાથી લી. મેતા વનેચંદ પોપટ દફતરી ધાંટીલા વહીવટ દાર સાહેબના ચી. દફતરી નંદલાલ વનેચંદના ધટારત વાંચશોજી જત તમોએ અમને "શક્તિસજીવન યાને વિર્યનો ઝરો" એ નામની દવાની ડબી ૧ મોકલી તે પહોંચી છે અને તે વિશે મારા શરીરમાં સારો આરામ થવાથી હું તમને આ સર્ટીફીકેટ આપુંછું.

૧—તે દવા હું સાત દિવસ થયાં એક એક ગોળીથી ખાઉંછું તેમાં આજ સાત દિવસ થયાં મારા શરીરની અંદર "શક્તીસજીવન યાને વિર્યનો ઝરો" ધીમે ધીમે પ્રફુલિત થતો જાયછે. માટે આ દવા ખાધાથી મને ઘણોજ આરામ આવતો જાયછે એવી તમારી પ્રસિદ્ધ દવા છે.

૨—દુનિયાના ઘણાખરા ભાગમાંથી મેં મારે માટે દવાઓ મંગાવી જોઇ પણ કોઇની દવા મને લાગુ પડી નહીં પણ આ તમારી દવાથી મને-ઘણોજ ફેરફાર થયો છે તે હું મારી ખરેખરી જીંદગીના અંતસુધી તમારા ઉપર ઉપકાર માનુંછું. અને મને ચોકસ ખાત્રી થઇ છે કે દુનિયામાં તમારા જેવી ગુણકારી દવા ભાગ્યેજ હશે.

મેહેરબાન રા. રા. વૈદશાસ્ત્રી ગિરધરલાલભાઇની સેવામાં. ધોળકા.

અમરેલીથી દત્તોપંથ મલ્હારરાવના પ્રણામ સ્વીકારશોજી આપને તસ્દી આપવાની કે મેં આપે બનાવેલી દવા "શક્તીસજીવન યાને વિર્યનો ઝરો" એ નામની ગોળીયો બે માસ પહેલાં મંગાવેલી તે ગોળીયોના સેવનથી પ્રકરતીને ફાયદો થયેલો છે તે બાબત વિસ્તારથી લખવું એ થોડું છે તેથી આપની દવાઓ સારીરીતે રામબાણુજ છે એવી મારી ખાત્રી થવાથી બીજા પ્રકારની દવા આપ ખાત્રીથી મોકલશો એવા ઉદ્દેશથી દરદનો પ્રકાર લખી આપને વિદીત કરી તસ્દી આપવાની કે બૈરાંને દરમાસે રૂતુશ્રાવ (અસ્પર્શપણું) જેને રક્ત પ્રદર એટલે (લોહીવા) પણ કહેછે તેને માટે સારી દવા મોકલવા મેહેરબાનીથી તસ્દી લેશો આપની દવાઓ ખાત્રીની અને ગુણકારી જણાયાથી આ તસ્દી આપને આપવી પડી છે માટે મેહેર-બાનીથી વેળાસર તસ્દી લેશો.

ભાદાના માસ્તર કાસીરામ કેશવરામ લખેછે કે, આપ સાહેબની પાસેથી પ્રથમ તાવની, પ્લેગની, પરમીઆની તથા શક્તિસજીવન વિગેરે દવાઓ મંગાવી હતી તે વાપરતાં ફાયદાકારક નીવડી છે. આપની દવા શીવાય ઘણા વૈદ અને ડાક્તરની દવાઓ મંગાવવામાં આવી હતી જેના મુકાબલમાં આપની દવા ઉપર વિશેષ શ્રદ્ધા ચોટી છે. અને ફાયદો આપે છે માટે નીચે પ્રમાણે દવા મોકલશો પરમીઆની ડબી ૧, વિર્યસ્થંભન ગુટીકા ડબી ૨, શક્તિસજીવન યાને વિર્યનો ઝરો ડબી ૧, ધાતુપુષ્ટની ડબી ૧, કોલેરાની રામબાણ દવા ડબી ૧, દંતમંજન ડબી ૧, બાળકપુષ્ટ ડબી ૧ તથા દાદરની અકસીર દવા સીસી ૧ મોકલવા મેહેરબાની કરશો. વી. પી. થી મોકલશો.

બુડીઆથી પટેલ રણછોડ લખમણ લખેછે કે આપને ત્યાંથી મેં પહેલાં શક્તિસજીવન તથા ધાતુપુષ્ટ એ બે દવાઓ મંગાવેલી તે મેં મારા મિત્રને વાપરવાની ભલામણ કરી હતી તેના સેવનથી મારા મિત્રની પ્રકરતીને ઘણોજ ફાયદો થયો છે તેથી હું ખાત્રીથી કહું છું કે આપની દવા રામ-બાણુજ છે. માટે આ પત્ર પહોંચેથી ફરી ધાતુપુષ્ટના ચુરણની ડબી ૧ વી. પી થી મોકલવા મહેરબાની કરશોજી. આપની દવા ખાત્રીની અને ગુણ-

કારી જણાયાથી આપને આ તસ્દી આપવી પડી છે માટે મેહેરબાની કરી વળતી ટપાલે રવાના કરવા તસ્દી લેશોજી.

અણીલેથી શેઠ મગનલાલ મુળજીભાઈ લખેછે કે હમોએ તમારે ત્યાંથી સેંકડો રૂપીયાની તાવની તથા પરમીયાની દવા મંગાવીને તેનો હમોએ હમારા ગામમાં તથા પરગામ અજમાયશ કરી અને જે જે લોકોએ વાપરી તે તે લોકોનો તાવ તથા પરમીયો નાબુદ થયો છે. માટે તમારી તાવ અને પરમીયાની દવા જેવી આ દુનિયામાં બીજી દવા ભાગ્યેજ હશે.

વડોદરા કેમ્પથી મી. રાબા હરખાભાઇ લખેછે કે તમોએ જે પરમીયાની દવા મોકલી હતી તેથી મને સંતોષકારક ફાયદો અદભુત થએલો છે. છતાં ફરીથી કાંઇ સહેજ અસર રહી ન જાય તેને વાસ્તે બીજી ગોળીયો તથા બાટલી મોકલવાની કૃપા કરશો. અમને તમારી દવાઓનો અનુભવ થએલો છે માટે અમે કહીએ છીએ કે આપ મફત પૈસા લેતા નથી પણ ખાસ માણસને તંદુરસ્ત કરોછો માટે તુરત દવા મોકલવા મેહેરબાની કરશો.

બોડેલીથી લી. ચંદુલાલ માણેકલાલ પારેખના જેગોપાળ વાંચજો, બાદ આપની પ્રમેહની દવા વાપરવાથી પ્રમેહ તદન મટી ગયો છે જેથી આપની મોટી મહેરબાની થઇ છે.

લણવાથી દેશાઈ અંબાલાલ ભાઇચંદ્ર લખેછે કે તમારી તાવની તથા ઉધરસની દવાનો ખાસ ગુણ જણાયો છે. એમ અનુભવથી નક્કી કરેલછે. જુદા જુદા વૈદોની દવા મંગાવી વહેંચતાં આપની તાવની અને ઉધરસની દવાઓ સર્વોત્તમ નીવડી છે. અને તે તેથીજ અમારા ધર્માદા સ્ટોરમાં આપનીજ દવાઓ વાપરવાનો ઠરાવ કીધો છે.

પીંપળીથી શા. ચુનીલાલ મુળજી લખેછે કે આપની ગોળીયોથી ઘણા ઘણા માણસોને તુરત તાવ ઉતરી ગયો છે. જેથી તેનાં વખાણ કરીએ તેટલાં ઓછાં છે. બીજાની માફક તમારૂં લખાણ ખોટાં વખાણ કરવા તરીકે નથી પણ ખાત્રી કરી આપેલો તેથી લખવા જરૂર છે.

નસવાડી મેવાસથી વૈદ ગરબડભાઇ રામનારાયણ લખેછે કે આપના તરફથી તાવની રામબાણ દવાની ડબી ૧ અનુભવ સારૂ મેં મંગાવેલી તે ગોળીયોની પ્રસંશામાં તેના સાથે આપને ધન્યવાદ આપીએ છીએ. કે તે ગોળીયો માટે આપે જે રામબાણ લખેલ છે. તે બણગાં ફુંકવાં જેવું નથી પરંતુ આપેલી પદવી તાવ ઉપર ગોળી સત્યતા જણાવેછે પ્રમાણ પત્ર ટુકામાં એટલુંજ છે. ફરી તેજ ગોળીયોની પાંચ ડબી તુરતજ મોકલવા મે. કરશો.

ડહાણુંથી શેઠ જીવનજી બમનજી ચરીવાળા લખેછે કે તમારા તરફથી આવેલી તાવની ગોળીયોનો ઉપયોગ કરવાથી તમારા લખ્યા પ્રમાણે ફાયદો આપેલ છે. માટે તે બદલ આપનો આભારી છું. ફરી તેજ ગોળીયોની ડબી ૪ તુરત મોકલવા ચુકશો નહીં તાકીદે મોકલશો.

એરનપુરથી છીપા મુસાજી મેઘજી લખેછે કે આપના પાસેથી અમોએં ત્રણ જાતની દવાઓ મંગાવેલ હતી તેમાંથી તાવની ગોળીયો અમોએ વાપરી તો તે ગોળીઓથી આપના લખ્યા પ્રમાણે ફાયદો થાયછે. માટે તે ગોળીયો તારીફ કરવા લાયકછે. વધારે શું લખું પણ વળતી પોસ્ટે તે ગોળીયોની ડબી ૬ આ કાગળને તાર માફક જાણી મોકલવા મે. કરશો.

મોવાસાથી શેઠ બરજોરજી સોરાબજી લખેછે કે તમારી તાવની રામબાણ દવા હમોએ ગની વખત મંગાવી ખાત્રી કરી છે કે એથી જરૂર તાવ જતો રેઅછે માટે તમોને હમારે લખવું ગતે છે કે તમારી દવા ગની સારીછે. માટે હમારા ભાઈબંદોને પણ હમો વાપરવા ભલામણ કરીએ છીએ માટે તુરત ડબી ૬ મોકલશો.

ગામ માંસાથી વૈદ રાંમશંકર નિચ્છાભાઈ લખેછે કે મોવાસાના શેઠ બરજોરજી સોરાબજી સાથે તાવની દાબડી નં. ૨ મંગાવી હતી. તેમાંથી એક મેં રાખી હતી તેથી હમારે ત્યાં બે છોકરાનો એકાંતરીયો તાવ ગયો છે. દવા ઘણીજ સારી છે. માટે અડધો ડઝન ડબી તુરત મોકલો.

મુંબઇથી મી. નુરમામદ હાજીદાદા લખેછે અમોએ કુતીયાણાથી પોલીટીકલ ભોમીયામાથી વાંચી તમારી તાવની ગોળીયો મંગાવી હતી તે દવા કુતીયાણામાં ઘણીજ સારી જણાવાથી ને કેટલાંક માણુસોને સારો આરામ થવાથી અમે ઘણાજ ખુશી થયા છીએ જેથી આ કાગળ વાંચી તુરતજ વળતી પોસ્ટે ડબી ૧ મોકલવા મે. કરશો.

પીંપળીથી શા. તારાચંદ ધનજીભાઈ લખેછે કે આપની તાવની ગોળીઓ રામબાણ છે. માટે તાકીદે ડબી ૩ મોકલવા કૃપા કરશો.

કલકત્તાથી બાબુ પ્રલ્હાદ મહાશંકર લખેછે કે જ્યારે હું સિધપુર હતો ત્યારે મને ચોથીયોતાવ લાગુ પડ્યો હતો ઘણીદવાઓ કરવા છતાં હટ્યો નહીં. છેવટ આપની તાવની અકસીર દવા મગાવી ફક્ત એકજ ડબી વાપરવાથી મુળમાંથી ચોથીયો તાવ ગયો ત્યારથી મને આપની અકસીર દવાઓપર શ્રધા ચોંટીછે. ને ખાત્રી થઇ છે કે આપની દવાઓ ખરેખરી ગુણકારી છે. માટે આ વખતે મારે માટે શક્તિની દવા તુરત મોકલો.

કલોલથી શંકરભાઇ લલુભાઇ લખેછે કે આપની તાવની દવા ગઇ સાલ મેં ધરમજથી મંગાવેલી તે મને અકસીર માલમ પડી છે તો જરૂર આ કાગળ પહોંચેથી ડબી ૧ તુરત મોકલશો. ફરી લખવું પડે નહીં.

બાલીસણાથી સુલતાન હસન લખેછે કે તમારી ઘણી દવાઓ મેં વાપરી ખાત્રી કરી છે. તેમા સૌથી સરસ તાવની દવાની પડી છે. અને ધાતુ પુષ્ટની પણ તેવીજ છે. માટે ધાતુપુષ્ટની ડબી ૧ તુરત મોકલો.

શ્રીવડાળથી લી. ખુંમાણ ભગવાન :રાણીગના રામ રામ સાથ લખવાનું જે તમો પાસેથી અમોએ તાવની રામબાણ તથા પ્લેગની રામબાણ દવાની ડબીયો મંગાવી હતી. તે દવાઓ અમારા ગામમાં પ્લેગ તથા તાવની હવા ખરાબ હતી તો તે તમારી ત્યાંની ગોળીયો જેને આપી તે સર્વેને આરામ થયો છે. માટે અમારા વાસ્તે તાવની રામબાણ ડબી નં. ૩ તથા પ્લેગની ડબી નં. ૨ વી. પી. થી મોકલશો.

લી. શા. વેણીચંદ નાનજીના જેગોપાળ વાંચશો. તમારી તાવની

ગોળીયોથી ઘણો ફાયદો થયો છે. માટે આ સરટીફીકેટ આપીએ છીએ કે તેના જેવો બીજી દવામાં ગુણ નથી. માટે અમારા સારૂ તાવની રામબાણ દવા ડબી નં. ૬ તાકીદે વી. પી. થી મોકલજો અમારૂં શીરનામું મુ. પાટનોરા, તાલુકા માનગામ, જીલા કુલાબ, પોસ્ટ નીજામપુર.

ડાંગરવાથી પોલીસપટેલ નારણભાઇ ગીરધરદાસના નમસ્કાર વાંચશોજી લખવાનું કે તાવની દવાની ડબી ૧ મોકલશો. તમારી દવા મેં આસો માસમાં મંગાવી હતી તો તે દવાથી તાવ ઊતરેછે. અને પ્લેગ પણ જતો રહેછે. માટે ડબી ૧ વી. પી. થી મોકલશો.

ખેરાળુથી લી. વકીલ મસોત અભેરાજના યથાયાગ્ય વાંચશો આપના તરફથી ચોથીયા તાવની ગોળીયો મંગાવેલી તેથી ચોથીયો તાવ ગએલ છે. હાલ તેજ દવા વી. પી. થી નીચેના શીરનામે મોકલશો. વકીલ મસોત અભેરાજ ખેરાળુ વહીવટદાર કોર્ટમાં મેસાણા થઇને.

પાલેજથી લી. પા. બગસમાહમદ આદમની દુવા સલામ સાથે લખવાનું કે તમારી ગોળીયો ચોથીયા તાવની અમોએ મંગાવેલ હતી. તે ખાવાથી અમારો તાવ ગયો છે. અને બીજા લોકોને પણ ભલામણ કરી. તેથી તે લોકોએ પણ ખાધી ને તાવ ગયો છે. માટે અમોને પુરી ખાત્રી થઇ છે તો અમારા માટે ધાતુપુષ્ટની ડબી ૧ જરૂર મોકલી આપશો.

મુ. જાટાપહાડી, જીલ્લા બાંકુરા (બનકુરા)થી બાબુ કાનજી હરી લખેછે કે મારે શીરનામે તાવની ડબી નં. ૧ કાગળ પોચેથી તુરત વી. પી. થી રવાને કરશો આપની તાવની દવા ઘણીજ સરસ છે. મેં જે માણસને ગોળી ખવરાવી છે, તેથી તાવ એકદમ ઉતરી જાયછે. એજ વિનંતી.

સ્વ. દેવગડબારીઆના ઉમરીઆ તાલુકાના ફોજદાર સાહેબ મોકમસીંગ માનાજી લખેછે કે આપના તરફથી થોડા દિવસ ઉપર તાવની દવા મંગાવેલી તે દવા ખવડાવતાં ખાનારને તાવ સમુળગો ગયો છે. તેથી ફરી આપને તસ્દી આપવાની જે કાળી દાદરને માટે દવાની શીશી ૨ ત્યા

ખસને માટે કનકસુંદીર રસની બાટલી ૧ એ રીતે દવા વી. પી. થી તુરત મોકલશો.

છત્રાલથી લી. માસ્તર નરસીંગભાઇ મકનદાસ લખેછે કે આપના તરફથી તાવની ડબી નં. ૩ આવી તેથી બહુજ ફાયદો થયો છે, અને આપની તમામ દવા તેવીજ ગુણકારી હશે માટે બીજી ૩ ડબી તાકીદે મોકલી આપશો.

આમોદથી લી. પા. કાશીભાઇ નાથાભાઇ લખેછે કે આપના તરફથી આવેલી તાવની ગોળીઓની ડબીથી તાવ પાંચ જણને મટી ગયો છે. તેથી આપનો ઉપકાર માનુંછું. વળી ફરીથી તાવની ડબી નં. ૧ તથા જુલાબ નં. ૨ જાની પડીયો નં, ૧૬ વી. પી. થી મોકલવા મે. કરશો. વળી આપની દવાને માટે એજંટ થવા માગુંછું. માટે ઠરાવ લખી જણાવશો.

મુંબાઈથી શેઠ પુંજા કરમશીના ઘણા સ્નેહથી જયજીનેંદ્ર વાંચશો. વિશેષ વિનંતી સહીત લખવાનું જે આપની તાવની ગોળીયો તારીફ લાયક કામ કરેછે. તેથી આપ ધનવંત્રી સમાન છો. બીજુ આ પત્ર વાંચીને તાવની ગોળીયોની ડબી ૨ વી.પી.થી મોકલી આપશો. એજ વિનંતી.

બોરતવાડાથી પટેલ હરી ભાવદાસ લખેછે કે આપની તાવની રામબાણ ગોળીયો પહોંચી છે ને પાછી વળતી ટપાલે રૂ.૧ની ગોળીયો મોકલી આપજો તુરત મોકલજો કેમકે ગામમાં તથા અમારે ઘરે વાપરવાથી તાવ ઊતરી ગયો છે. માટે વળતી ટપાલે મોકલજો.

ચાણસમા વહીવટદાર કચેરીના ટ્રેઝરર મી. અંબાલાલ ભાઇચંદ લખેછે કે આપની પ્રસિદ્ધ દવાઓ પૈકી "તાવની રામબાણ દવા" ની એક ડબી અમોએ પ્રથમ મંગાવી હતી. અને તે વખતે આપની જાહેર ખબર મુજબ તે ગોળીઓનો તાવની સખત માંદગીમાં અજબજેવી રીતે ગુણ માલમ પડયો હતો જેથી તેવી દવા ઘરમાં શીલક રાખવી યોગ્ય લાગેછે. તો આ પત્રથી ડબી ૬ વી. પી. થી મોકલવા તસ્દી લેશો.

કોયલીથી લી. શા. ભોગીલાલ મનસુખ લખેછે કે તાવની ગોળીયો તથા કીરતીરસ નામની દવા વી. પી. થી મંગાવી હતી તેનો ઉપયોગ કરવાથી ફતેહમંદ માલમ પડી છે. અને હાલમાં મારા એક મિત્રને ચાંદી થઈ છે તેને માટે આપનો બનાવેલો અનુભવી મલમ વી. પી. થી મોકલજો.

કચ્છ દુધઇથી લી. માસ્તર ગવરીશંકર દેવશંકર લખેછે કે આપની હરેક દવા બહુ પ્રસિદ્ધિને પામેલી છે તે જાણી ઘણોજ ખુશી થયો છું તાવની ગોળીયો તો તાવને ભારે અસર કરેછે તેની મેં ખાત્રી કરી છે.

પીપળાવથી બાબરભાઈ ભીખાભાઇ પટેલ લખેછે કે તમારી તાવની ચાર ડબીયો મળી છે અને તેથી તાવવાળા માણસોને ખવરાવ્યાથી સારો ફાયદો કરેછે અને પ્રમેહની દવાની ડબીયો બે જરૂર મોકલી આપશો.

સંખેડાથી શા. પીતાંબર મુળજી લખેછે કે તમારી તાવની દવા ઘણી ગુણકારી નીવડી છે માટે તાવની પાંચ ડબીયો વળતી ટપાલે મોકલજો.

હાથેજથી તાબેદાર મીયાં અબદુલ રહેમાન બીનચમનશાની સલામ વાંચજો તમારી ચોથીયા તાવની દવાથી ચોથીયો તાવ જતો રહ્યો છે એવી તમારી દવા અકસીર છે માટે ચોથીયા તાવની દવાનાં જેટલાં વખાણ કરીએ તેટલાં ઓછાં છે.

પીંપળીથી શા. ઉમેદ અમરચંદ લખેછે કે તમારી ચોથીયા તાવની ગોળી નં. ૧૨ ખાવાથી ચોથીયો તાવ ગયો છે તો તમારી દવા રામબાણ છે. બીજું હવેથી અમારા સારૂ "શકતીસજીવન યાને વિર્યનો ઝરો" એ નામની ગોળીયોની ડબી ૧ વી. પી. થી મોકલો.

વીસનગરથી વ્યાસ નાથુરામ બલાખીરામના ઘટીત પહોંચે. જત આપની તાવની રામબાણ દવાની ગોળીયો વિષે વિનંતી કરવાની કે મેં એક ડબી મંગાવેલી તે દવા મારા હીતેચ્છુ માણસને તાવની બીમારી થવાથી અજમાવી તો આપના જાહેર પત્રમાં લખવા મુજબ તે ગોળીયો પુરેપુરો

અમલબ જાવેછે. માટે તાવ ઉપર તે અકસીર દવા સંતોષકારક છે. માટે તે ગોળીયોની બીજી એક ડબી આ પતું પહોંચ્યાથી વી. પી. થી મોકલવા મહેરબાની કરશો.

વનાળાથી લી. સંઘવી પરસોતમ વીરચંદના ધટીત. બાદ તમારી તાવની દવા થોડા વખત પ્રહેલાં અમે એક માણુસ માટે મંગાવેલ તેથી તે દવા ખાનારને તત્કાળ ફાયદો થયો છે. તેવી ખરેખરી રામબાણુ દવા છે. તેવીજ રીતે ઉધરસ માટે રામબાણુ દવા હોય તો અમારે અહીં એકજણુ માટે જરૂર છે, તો તાત્કાળીક રામબાણુ દવા હોય તો મોકલશો. આપની પ્રખ્યાત દવાની પ્રખ્યાતી સાંભળી આ પત્ર લખેલ છે.

પાણુવીથી લી. વૈદ ઠકર ગીરધરલાલગગા વિશેષ લખવાનું કે તમારી તાવની દવા ડબી ૧ ગોળી ૪૨ કિં. રૂ. ૧ વાળી જે ઘણીજ વખણાએલી અને પ્રસિદ્ધી પામેલી છે. તે વી. પી. થી તુરત મોકલશો.

જાહેર ખબર.

અમારા ઉપર પુરેપુરી દરદની હકીકત લખી મોકલવાથી અમે તે દરદને માટે દવા મોકલી દરદ મટાડી શકીએ છીએ. અમારા "ગિરિધર ઔષધાલય" માં તમામ દરદોની દવા થાયછે, તેમજ વેચાતી મળે છે- અને વી. પી. થી પરદેશ પણ મોકલવામાં આવેછે. પોસ્ટની ટીકીટ બીડવાથી જવાબ આપવામાં આવશે.

વૈદ શા. ગીરધરલાલ કાહાનજી.

મુ. ધોળકા—જી. અમદાવાદ.